# અધુરી વિદાય

## પિતૃ-વંદના: એક વિરાટ વ્યક્તિત્વને શબ્દાર્પણ

BlueRose ONE.com
Stories Matter
NewDelhi • London

**BLUEROSE PUBLISHERS**
India | U.K.

Copyright © Ranvijaysinh Pratapsinh Chauhan 2026

All rights reserved by author. No part of this publication may be reproduced, stored in a retrieval system or transmitted in any form or by any means, electronic, mechanical, photocopying, recording or otherwise, without the prior permission of the author. Although every precaution has been taken to verify the accuracy of the information contained herein, the publisher assumes no responsibility for any errors or omissions. No liability is assumed for damages that may result from the use of information contained within.

BlueRose Publishers takes no responsibility for any damages, losses, or liabilities that may arise from the use or misuse of the information, products, or services provided in this publication.

BlueRose ONE.com
Stories Matter
NewDelhi • London

For permissions requests or inquiries regarding this publication,
please contact:

BLUEROSE PUBLISHERS
www.BlueRoseONE.com
info@bluerosepublishers.com
+91 8882 898 898
+4407342408967

ISBN: 978-93-7825-844-2

Cover design: Ajay Dhyani
Typesetting: Sagar

First Edition: April 2026




સ્વ. પ્રતાપસિંહ કિશોરસિંહ ચૌહાણ (રાણા સાહેબ)

(૧૬/૦૩/૧૯૬૬ – ૫/૧૧/૨૦૨૪)

"શબ્દો ખૂટે છે વ્યક્તિત્વ વર્ણવવામાં,
આખું જીવન વીતી ગયું બીજાને ઘડવામાં;
તમે તો હતા એ વડલાની શીતળ છાયા,
જેની ખોટ ક્યારેય નહીં પુરાય આ કાયામાં."

તમે માત્ર મારા પિતા જ નહોતા, પણ મારા પ્રથમ ગુરુ, માર્ગદર્શક અને આદર્શ હતા. એક શિક્ષક તરીકે તમે હજારોના અંધકારમય ભવિષ્યમાં જ્ઞાનના દીવડા પ્રગટાવ્યા, અને એક પિતા તરીકે અમારા સંસારને સંસ્કારોથી સજાવ્યો.

તમારી એ સાદગી, તમારી એ ખુમારી અને છેલ્લી ઘડી સુધી હસતા મુખે સંઘર્ષ કરવાની તમારી એ અનોખી રીત આજે પણ અમને હિંમત આપે છે.

તમે ક્યારેય ફરિયાદ નથી કરી, ક્યારેય હાર નથી માની. તમારા મૌનમાં પણ એક ગંભીર શિખામણ હતી અને તમારા સ્મિતમાં આખા જગતનું સુખ હતું.

પપ્પા, તમારી વિદાય ભલે 'અધૂરી' રહી, પણ તમે આપેલા સંસ્કારોનો વારસો અકબંધ છે. આ પુસ્તક તમારા એ જ અમર વારસાને ચરણસ્પર્શ કરવાની મારી એક નાનકડી કોશિશ છે.

# અર્પણ




આ પુસ્તક અર્પણ છે...

મારા પિતા,

સ્વ. પ્રતાપસિંહ કિશોરસિંહ ચૌહાણ (રાણા સાહેબ) ના પવિત્ર ચરણોમાં...

જેમણે પોતે તકલીફો વેઠીને અમને સુખના આસમાને બેસાડ્યા,

જેમણે શૂન્યમાંથી સર્જન કરીને અમારા જીવનને અર્થ આપ્યો,

અને જેમણે 'શિક્ષક' બનીને દુનિયાને અને 'પિતા' બનીને અમને ઘડ્યા.

પપ્પા,

તમારા ગયા પછી ઘરની એ દીવાલો આજે પણ તમારી હાજરી શોધે છે,

તમારી એ ખાલી ખુરશી આજે પણ તમારી રાહ જુએ છે.

તમે ભલે દેહ સ્વરૂપે અમારી વચ્ચે નથી,
પણ આ પુસ્તકના દરેક શબ્દમાં અને મારા દરેક શ્વાસમાં
તમારો આશીર્વાદ બનીને તમે સદાય જીવંત છો.
તમારી 'અધૂરી વિદાય' ને શબ્દો દ્વારા પૂર્ણ કરવાની એક પુત્રની નાનકડી કોશિશ.

# પ્રસ્તાવના

"ચોક અને ડસ્ટરની એ સફર, હજુ તો વિરામ માંગતી હતી,
ત્યાં જ ઈશ્વરની શાળાના તેડાના સાદ પડી ગયા.
જેમના હાથે હજારોના ભવિષ્ય લખાતા હતા સાહેબ,અફસોસ,
એમના જ જીવનના છેલ્લા પાના અધૂરા રહી ગયા."

"સમય અને સારા વ્યક્તિત્વની રેસ માં સમય જીતી ગયો
પણ હું મારા પપ્પાને હારી ગયો"

જીવનના રંગમંચ પર કેટલાય પાત્રો આવે છે અને જાય છે, પરંતુ 'પિતા' એક એવું અનોખું પાત્ર છે જે હંમેશા પડદા પાછળ રહીને આખા નાટકને સફળ બનાવે છે. પિતા એટલે ઘરની એ અદ્રશ્ય છત અને મજબૂત દીવાલ, જે બહારના વાવાઝોડાં અને આકરા તાપ પોતે ઝીલે છે જેથી અંદર રહેલો પરિવાર હૂંફ અને સુરક્ષા અનુભવી શકે. સામાન્ય રીતે આપણે માતાના પ્રેમ વિશે ઘણું લખીએ છીએ, પણ પિતાનો પ્રેમ અષાઢના વાદળ જેવો હોય છે; એ બહુ ગરજતો નથી, પણ જ્યારે વરસે છે ત્યારે જ સમજાય છે કે તે કેટલી શીતળતા લઈને આવ્યો હતો.

મારા પિતા એક આદર્શ શિક્ષક હતા—એવા શિક્ષક જેમણે આખી જિંદગી બીજાના અંધકારમય જીવનમાં જ્ઞાનનો દીવો પ્રગટાવવા પોતાની જાતને મીણબત્તીની જેમ ઘસી નાખી. તેમણે 'ખડી' અને 'પાટી'ના

માધ્યમથી અનેક પેઢીઓનું ઘડતર કર્યું અને હજારો વિદ્યાર્થીઓને સફળતાના શિખરે પહોંચાડ્યા.

"શબ્દોને સંસ્કાર આપીને જેમણે પેઢીઓનું ઘડતર કર્યું,
એમના જ જીવનનું પુસ્તક ઈશ્વરે ઉતાવળે બંધ કર્યું.
દુનિયા માટે તો એ માત્ર એક 'શિક્ષક' હતા સાહેબ,
પણ મારા માટે તો એ આખું 'વિશ્વવિદ્યાલય' હતા."

આ પુસ્તક લખવા પાછળનો મારો હેતુ માત્ર એક વ્યક્તિની જીવનકથા કહેવાનો નથી, પરંતુ એ 'મૌન સંઘર્ષ'ને શબ્દોમાં ઢાળવાનો છે જે કદાચ દરેક મધ્યમવર્ગીય પિતા અને ખાસ કરીને એક પ્રામાણિક શિક્ષકના જીવનનો અનિવાર્ય હિસ્સો હોય છે. શિક્ષક હોવું એ માત્ર વ્યવસાય નહીં પણ એક તપસ્યા છે. મેં તેમને રાત-રાત જાગીને વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓ તપાસતા અને સામાજિક કાર્યોમાં વ્યસ્ત રહીને નિઃસ્વાર્થ ભાવે લોકોની સેવા કરતા જોયા છે.

મારા પિતાનો એક જીવનમંત્ર હતો: "જે વસ્તુ ગમતી હોય, એની કિંમત ગમે એટલી હોય તો પણ ક્યારેય જોવાની નહીં." આજે સમજાય છે કે આ ઉદારતા માત્ર અમારા માટે જ હતી. પોતાની જરૂરિયાતો વખતે તો તેઓ હંમેશા કરકસર કરતા, પણ જ્યારે અમારા ચહેરા પર સ્મિત લાવવાની વાત આવતી, ત્યારે એ મધ્યમવર્ગીય શિક્ષક પોતાની આર્થિક મર્યાદાઓ ભૂલી જતા.એમણે ક્યારેય કિંમત જોઈને અમારી ખુશીઓને તોલી નથી.

"ખુદના સપનાઓને હોમીને જેમણે મારો સંસાર સજાવ્યો,
એ પિતાએ પોતાની હથેળીના છાલા ક્યારેય ન બતાવ્યા.
મેં તો માત્ર એમના ચહેરા પરની કરચલીઓ જોઈ હતી,
પણ એ કરચલીઓ પાછળ છુપાયેલો આખો ઇતિહાસ મારાથી ન વંચાયો."

મેં એમને વર્ષો સુધી સાદા વસ્ત્રોમાં જોયા છે જેથી અમે નવા કપડાં પહેરી શકીએ; મેં એમને તૂટેલા પગરખાં સંધાવતા જોયા છે જેથી અમને સારા અને મનગમતા પગરખાં મળી શકે. આજે મારી પાસે બધી જ કિંમતી વસ્તુઓ ખરીદવાનું સામર્થ્ય છે, પણ એ લેતી વખતે 'કિંમત ના જોતો' એવું કહેનાર પિતાની છત્રછાયા દુનિયાની કોઈ પણ કિંમત ચૂકવ્યા પછી પણ મળી શકે તેમ નથી.

મેં સપનું સેવ્યું હતું કે મારા પિતા જ્યારે શાળામાંથી નિવૃત્ત થશે, ત્યારે હું ગર્વથી તેમનો હાથ પકડીને સન્માનભેર તેમને ઘરે લાવીશ. મેં વિચારેલું કે હવે એ હાથમાં 'ચોક' નહીં પણ મારા બાળકોનો હાથ હશે અને તેઓ નિવૃત્તિનો આનંદ માણશે. પણ વિધિના લેખ કંઈક જુદા જ હતા. જ્યારે સંઘર્ષ પૂરો થયો, જ્યારે અમે એમને સુખ આપવા સમર્થ બન્યા— બરાબર એ જ મોરચે કુદરતે ક્રૂરતા દાખવી. શાળાના એ સત્તાવાર વિદાય સમારંભ પહેલા જ તેમણે આ દુનિયામાંથી અણધારી વિદાય લઈ લીધી. જે વિદાય ગૌરવશાળી હોવી જોઈતી હતી, તે કાળજું ચીરી નાખનારો આઘાત બની ગઈ. શાળાની અંતિમ ઘંટડી વાગે તે પહેલાં, જિંદગીની વિદાયના સાદ પડી ગયા.

ઘણા મને પૂછે છે કે શીર્ષક "અધૂરી વિદાય" જ કેમ? કારણ કે મારે એમને ઘણું કહેવું હતું, જે બાકી રહી ગયું.

"હજુ તો મારે એમની આંગળી પકડીને આખી દુનિયા બતાવવી હતી, એ દુનિયા કે એમને અમારા સપના પુરા કરવામાં જે ખુશીઓનો ત્યાગ કર્યો છે તે ખુશીઓ માણવાની હતી,હજુ તો એમના થાકેલા ખભા પર મારે સુખની ચાદર ઓઢાડવી હતી.પણ સમયની એ ઘડિયાળ કદાચ થોડી વહેલી ચાલી ગઈ,પપ્પાને 'આભાર' કહેવાની ક્ષણ કાયમ માટે બાકી રહી ગઈ."

મારે એમનો હાથ પકડીને કહેવું હતું કે, "પપ્પા, હવે તમારે ચિંતા કરવાની જરૂર નથી, તમારો દીકરો બેઠો છે." પણ એ વિદાય એટલી આકસ્મિક હતી કે મને આભાર માનવાની તક પણ ન મળી. આજે મારી પાસે બધું જ છે, બસ એ બધું જેમના ચરણોમાં ધરી શકું એ પિતા નથી. પિતાના ગયા પછી જ સમજાય છે કે ઘરનો મુખ્ય દરવાજો કેટલો મજબૂત હતો. મારા પિતા આજે શારીરિક રીતે ભલે મારી સામે નથી, પણ આ પુસ્તકના દરેક શબ્દમાં હું તેમનો શ્વાસ અને આશીર્વાદ અનુભવું છું. અંતે, આ પુસ્તક એ દરેક પિતાને અર્પણ છે જેઓ મૌન રહીને પોતાના પરિવાર માટે અવિરત લડી રહ્યા છે.

"શરીર ભલે છૂટી ગયું, પણ એમનો પડઘો હજુ સંભળાય છે,
મારા દરેક સાચા નિર્ણયમાં પિતાનો ચહેરો દેખાય છે."

પપ્પા, તમારી વિદાય ભલે દેખીતી રીતે અધૂરી રહી, પણ તમારા સંસ્કારોનું ભાથું મારી સાથે સદાય અકબંધ છે.

**"તમારો સંઘર્ષ હવે આ પૃષ્ઠો પર અમર રહેશે"**

# અનુક્રમણીકા


૧.વિદાયના પ્રકાર ..... 1

૨.અધૂરી વિદાય: શાશ્વત વિરહની અમર યાત્રા ..... 9

3.જન્મભૂમિ ..... 16

૪. સંઘર્ષ અને સફળતા નો સુર્યાસ્ત ..... 22

૫.સંઘર્ષનો સૂર્ય અને સપનાની સાંજ ..... 27

૬.હિંમતનગરની કોલેજ અને રાજપૂત બોર્ડિંગના સંસ્મરણો ..... 33

૭.પરીક્ષા એક સંઘર્ષની કથા ..... 37

૮.લગ્નજીવન ..... 46

૯.વિસનગરની ગલીઓમાં વહેંચાયેલ પિતૃત્વનો આનંદ ..... 50

૧૦.પતિના વિરહમાં પત્ર-લેખન ..... 54

૧૧.માટીની દીવાલ અને માસૂમ કલરવનાં અસ્તિત્વની પીડા ..... 58

૧૨. સમર્પણ,સંઘર્ષ અને સન્માનની ગાથા ..... 62

૧૩.રૂપિયાની વેદના અને પિતૃત્વનો અગ્નિપથ ..... 66

૧૪.સમયની ક્રૂરતા અને શનિવારની પ્રતીક્ષા ..... 70

૧૫.કર્મભૂમિના કર્મયોગી ..... 74

૧૬.સંઘર્ષના શિલ્પી ..... 77

૧૭.પુત્રીની વિદાય: સંઘર્ષની સાક્ષી અને ચોધાર આંસુ ..... 80

૧૮.ઋણાનુબંધની કથા ..... 83

૧૯.ગુરૂ વંદના ..... 86

૨૦. એક પુત્ર અને વિદ્યાર્થી ..... 90

૨૧.દાદા અને પૌત્રનો અનમોલ સંબંધ-આનંદનું એકમાત્ર કિરણ...........93
૨૨.શિક્ષકનુ જીવંત વ્યક્તિત્વ ...........................................................97
૨૩. સંઘર્ષ થી આરામ સુધીની અમૂલ્ય સફર....................................101
૨૪.અંતિમ સત્ર અને અંતિમ વિદાયની મર્મસ્પર્શી ગાથા.....................107
૨૫.પીડા ની ગાથા.........................................................................118
૨૬.સંઘર્ષની કપરી રાતો ...............................................................124
૨૭.સાહેબની ભાવપૂર્ણ સ્મશાન યાત્રા...............................................131
૨૮.બેસણું.......................................................................................136
૨૯. મોબાઇલ સ્ક્રીન પરનું અધૂરું સ્વપ્ન............................................143
૩૦. અધૂરી વિદાય: શૂન્યતાનો સન્માન સમારોહ ...............................146
૩૧.ત્યાગની મૂર્તિ અને સ્મૃતિઓનું આકાશ.........................................152
૩૨. પિતા: એક અભેદ કવચ અને દુનિયાના બદલાતા રંગ................156
૩૩.અંતિમ મણકો:વિદાય અધૂરી,પણ વારસો અખંડ...........................162

સ્નેહાંજલિ:એક અજાતશત્રુ મિત્રની યાદમાં... ......................................164
શ્રદ્ધાંજલિ:સત્યના સાધક અને મારા પરમ હમદર્દને... .........................166
સ્મૃતિ-વંદના: પારકાને પોતીકા કરનાર અમીરાતની યાદમાં................168
સ્મૃતિ-વંદના:રાધીવાડની ધરતી પર મિત્રતાની એ મીઠી મહેક.. ..........170
સ્મૃતિ-અંજલિ: મિત્રતા કદી મરતી નથી... ..........................................172
પિતૃ-પ્રેમનું પવિત્ર પ્રતિબિંબ: 'રણો' સેટ થયો ને બાપુ હરખાયા!..........174
શબ્દાંજલિ: વડાલીના વિદ્યાધામનો એક અમર સિતારો... ....................176

# ૧.વિદાયના પ્રકાર

વિદાય,આ બે અક્ષરથી અને ત્રણ વર્ણથી બનેલો શબ્દ આખા જીવનનો સાર સમજાવે છે.તે માત્ર છૂટા પડવું નથી,પણ સમયના વહેણમાં વહી જતી દરેક ક્ષણ,લાગણી અને સંબંધને સન્માન આપવાની એક પ્રક્રિયા છે.જીવનના આ પ્રત્યેક તબક્કામાંથી પસાર થવું એ મનુષ્યની આંતરિક શક્તિ,સંવેદનશીલતા અને સ્વીકાર્યતાનું પ્રતીક છે.

- કાજલ ઓઝા જે બહુ જાણીતા લેખક છે તેમને કેટલું સુંદર કહ્યુ છે કે....

" ચાલ, ઉછાળ સિક્કો સમયનો...
ને બંધ મુઠ્ઠીમાં પકડીને
પૂછ નસીબને
કયા ઋણાનુબંધે કોણ મળે કોને?
કયા રસ્તે થઈને ક્યાં પહોંચે?
ને અચાનક એક પગદંડી
તમારા નામનો સાદ પાડીને
વળી જાય અજાણી પગવાટ તરફ
હાથની રેખાઓ પાંપણોમાં સંઘરેલા સવાલોને
ટપકાવે આંખોથી
ભવ આખાની ભિનાશ મુઠ્ઠીમાં બંધ કરીને
સમયનો ભીનો સિક્કો ફરી ઉછાળી દે

સમયને સ્પર્શી લીધો તેં
ભીનાશ હાથની રેખા બનીને
ધબકે છે હવે પળે પળે".

આ માત્ર કોઈ કવિતા નથી,પણ હૃદય ને સ્પર્શે તેવી હકીકત છે,
જે મારા માટે ખુબજ અગત્યની છે."

નીચે આપેલી વિદાય પળોનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે,જે તમને દરેક તબક્કાની ગહનતાનો અહેસાસ કરાવશે.

**૧. લગ્ન વિદાય** - કન્યા જ્યારે પિતૃગૃહ છોડીને પતિના ગૃહ જાય છે, તે ક્ષણ ભારતીય સંસ્કૃતિમાં 'મહા વિદાય' ગણાય છે.તે માત્ર એક સ્થળનું પરિવર્તન નથી,પણ સંબંધો, નામો અને ઓળખનું પુનઃસ્થાપન છે.એક તરફ દીકરીનું નવું જીવન શરૂ થવાનો આનંદ હોય છે,તો બીજી તરફ માતા-પિતા માટે પોતાના અસ્તિત્વના એક ભાગને દૂર કરવાની પીડા હોય છે. આ વિદાય પ્રેમ,આશીર્વાદ અને ત્યાગનો સંગમ છે.

**૨. ઘર વિદાય** - જ્યારે બાળક શિક્ષણ કે નોકરી માટે ઘર છોડીને પહેલીવાર એકલો જાય છે.આ વિદાય વ્યક્તિને સંપૂર્ણ આશરામાંથી બહાર કાઢીને સ્વતંત્રતાના વાસ્તવિક અનુભવ તરફ દોરી જાય છે.ઘરની દીવાલોની હૂંફમાંથી બહાર નીકળવું એટલે જાતે નિર્ણય લેવા,ભૂલો કરવી અને શીખવું.માતા-પિતા માટે આ પળ ગર્વ અને ખાલીપાનું મિશ્રણ હોય છે.

**<u>૩. ધરતી વિદાય -</u>** જન્મભૂમિ,જ્યાં તમે શ્વાસ લીધા,રમ્યા અને મોટા થયા,તેને છોડીને પરદેશ જવું.આ વિદાય માત્ર માટીથી નહીં,પણ ભૂમિ સાથે જોડાયેલા સંસ્કારો,ભાષા અને સંસ્કૃતિના મૂળિયાંથી અલગ કરે છે. પરદેશમાં સ્થાયી થયા પછી પણ વતનની સુગંધ અને તેની સ્મૃતિઓ હૃદયમાં જીવંત રહે છે.

**<u>૪. પ્રયાણ વિદાય -</u>** જ્યારે કોઈ શહેર કે દેશ માટે આખા પરિવારે એકસાથે વિદાય લેવી પડે.આ વિદાય સામૂહિક હોય છે.જૂના પડોશીઓ, પરિચિત રસ્તાઓ અને સ્થાપિત જીવનશૈલીમાંથી બહાર નીકળીને નવા માળખામાં સેટ થવાનો આ પડકાર છે.

**<u>૫. મિત્રતા / પ્રેમ વિદાય -</u>** સમય, પરિસ્થિતિ,કે જુદા પડતા લક્ષ્યોને કારણે મિત્રો કે પ્રેમીઓ અલગ પડે છે.આ વિદાય સંબંધનો અંત નથી, પણ તેના સ્વરૂપમાં પરિવર્તન છે. નજીકની હાજરી દૂર થવાથી હૃદયમાં એક ખાલીપો રહે છે,પણ યાદોનું જોડાણ કાયમી રહે છે.આ વિદાય સ્વીકાર્યતા અને પરિપક્વતા શીખવે છે.

**<u>૬. પ્રવાસ વિદાય -</u>** મુસાફરી શરૂ કરતા પહેલા પ્રિયજનો તરફથી મળતા આલિંગન અને આશીર્વાદ. આ વિદાય અસ્થાયી હોય છે,પરંતુ તે પ્રવાસીને માનસિક શક્તિ આપે છે કે કોઈ તેની રાહ જોઈ રહ્યું છે.રસ્તા બદલાશે,પણ લાગણીઓ બદલાતી નથી.

**<u>૭. શિક્ષણ વિદાય -</u>** શાળા કે કોલેજનો છેલ્લો દિવસ.વર્ષો વિતાવ્યા પછી ગુરુજનો અને સહપાઠીઓથી અલગ થવું.આ વિદાય નિર્દોષતાનો અંત

અને વ્યવહારુ દુનિયામાં પ્રવેશનું પ્રતીક છે.હવે પુસ્તકોનું જ્ઞાન છોડીને જીવનના વાસ્તવિક અનુભવોનું જ્ઞાન મેળવવાનું શરૂ થાય છે.

**<u>૮. ગુરુ વિદાય -</u>** ગુરુના ચરણોમાંથી આશીર્વાદ સાથે શિષ્ય જ્યારે પોતાનો માર્ગ શરૂ કરે છે.આ વિદાયમાં કોઈ ઉદાસી નથી,માત્ર કૃતજ્ઞતાનો ભાવ છે. ગુરુએ આપેલું જ્ઞાન અને સંસ્કાર જ શિષ્યનો કાયમી સાથી હોય છે.

**<u>૯. જ્ઞાન / અભ્યાસ વિદાય -</u>** કોઈ ચોક્કસ કૌશલ્ય, અભ્યાસ કે પ્રોજેક્ટ પૂરો કર્યા પછી તે સંસ્થા કે ગુરુ પાસેથી વિદાય લેવી.આ વિદાય દર્શાવે છે કે હવે તમે તમારા ક્ષેત્રમાં નિપુણ થઈ ગયા છો અને હવે પોતે જ પોતાના ગુરુ બનીને આગળ વધવાનું છે.

**<u>૧૦. કર્મ વિદાય (નિવૃત્તિ) -</u>** નિવૃત્તિ એ જીવનના એક મોટા અધ્યાયનો અંત છે.આ વિદાય હોદ્દો,ઓળખ, અને રોજિંદા કાર્યની નિયમિતતામાંથી આવે છે.હાથમાં ફાઇલ નહીં,પણ હવે સ્વ-અનુભવની યાદો છે.આ ક્ષણ આરામ અને શોખને પુનર્જીવિત કરવાની તક આપે છે.

**<u>૧૧. રાજકીય / પદ વિદાય -</u>** જ્યારે રાજા,નેતા કે અધિકારી પોતાની પદવી છોડે છે.સત્તાનો ત્યાગ કરવો એ મુશ્કેલ છે,પરંતુ આ વિદાય સન્માન અને નૈતિકતાનું પ્રતીક છે. આ વિદાય શીખવે છે કે પદ કાયમી નથી,પણ વ્યક્તિનું માન અને કાર્ય કાયમી છે.

**<u>૧૨.મનની વિદાય -</u>** કોઈ વ્યક્તિ શારીરિક રીતે તમારી સાથે હોવા છતાં,મનથી તે સંબંધમાંથી અલગ થઈ જવું.આ વિદાય સૌથી ગહન હોય

છે,કારણ કે હૃદયમાં પ્રેમની લાગણીઓ સુકાઈ ગઈ હોય છે, છતાં સંબંધ નિભાવી રાખવો પડે છે. આ મૌન અને ખાલીપો સહન કરવો પડે છે.

**૧૩. મનોવિદાય -** કોઈ જૂની ઘટના, આઘાત કે દુઃખને મનમાંથી જ વિદાય આપવી.આત્મ-ઉપચાર અને આગળ વધવા માટે આ વિદાય જરૂરી છે. માનસિક બોજ છોડીને શાંતિ અને નવી શરૂઆત તરફ પ્રયાણ.

**૧૪. અધૂરી વિદાય -** જ્યારે કોઈ કારણોસર વિદાય લેવાની તક જ નથી મળતી.કોઈ વ્યક્તિ અચાનક છોડી જાય કે કોઈ વાત અનકહી રહી જાય.આ અધૂરી વિદાયની પીડા લાંબા સમય સુધી દિલમાં વાર્તા છોડી જાય છે,જે પૂરી નથી થતી.

**૧૫.સ્વપ્ન વિદાય -** વર્ષોથી જોયેલા કોઈ મોટા સપનાનું તૂટી જવું કે અધૂરું રહી જવું.આ વિદાય આશાનો દીપક ઓલવી નાખે છે, પણ તે શીખવે છે કે જીવનમાં એક રસ્તો બંધ થાય,તો બીજો ખૂલે છે. સપના તૂટ્યા,છતાં જીવન જીવવાની આશ બાકી રહે છે.

**૧૬. નૈતિક વિદાય -** માનવી દ્વારા પોતાના અહંકાર,લાલચ,ક્રોધ કે ઈર્ષ્યા જેવી નકારાત્મક વૃત્તિઓને વિદાય આપવી.આ આત્મ-શુદ્ધિનો માર્ગ છે.અહંકાર છોડવાથી મન હળવું થાય છે અને જીવન શાંતિનો પ્રસાદ બની જાય છે.

**૧૭. અન્યાય વિદાય -** પરિસ્થિતિ, દબાણ કે સામાજિક કારણોસર મજબૂરીથી કોઈ લાગણી કે વ્યક્તિથી વિદાય લેવી પડે.આ વિદાયમાં

અન્યાયનો ભાવ અને આત્માની વેદના છુપાયેલી હોય છે. હૃદયની લહેરો આંસુમાં મિશ્ર થઈ જાય છે.

**૧૮. સંવેદનાત્મક વિદાય -** સંપૂર્ણ (સમાપન). કોઈ કિસ્સા, સંબંધ કે સમયનું અંતિમ,શાંતિપૂર્ણ સમાપન.કોઈ અફસોસ નથી,બસ સ્વીકાર્યતા છે.આ વિદાય પ્રેમની જેમ મીઠી હોય છે, કારણ કે ભૂતકાળને શાંતિ મળે છે.

**૧૯.ધાર્મિક / તીર્થ વિદાય -** કોઈ ધાર્મિક યાત્રા કે તીર્થસ્થળ પરથી પરત ફરવું.પવિત્ર સ્થળ છોડવું પડે છે,પણ મન પર આશીર્વાદ અને શાંતિની છાપ કાયમ રહે છે.આ વિદાય પ્રભુના સાથની અનુભૂતિ આપે છે.

**૨૦. ગૌરવ વિદાય (વીર વિદાય)**-યુદ્ધમાં જતા વીરને માતા,પત્ની અને ધર્મ વિદાય આપે છે.આ આંસુઓની વિદાય નથી,પણ ગર્વ અને બલિદાનના ઉમદા ભાવની વિદાય છે. ધ્વજ માટે મરવાની હિંમત આપતી પળ.

**૨૧. આત્મ વિદાય (સંન્યાસ) -**સંન્યાસી દ્વારા મોહમાયાનો ત્યાગ કરીને આત્મ-શોધ માટે વિશ્વ છોડવું. આ વિદાય ભૌતિક બંધનોમાંથી મુક્તિ અને પરમ આનંદ તરફનો પથ છે.જગ છોડીને જગની ઈચ્છા છોડવી એ જ યોગીની વિદાય છે.

**૨૨. સમયની વિદાય -** ક્ષણો,દિવસો અને વર્ષોનું વીતી જવું.દરરોજ સૂર્ય ઢળે છે અને વર્ષ પૂરું થાય છે.આ વિદાય સમયની સતત ગતિ અને તેની

અનંતતાનો અહેસાસ કરાવે છે. આજે વીતેલો દિવસ પણ યાદોના સંસ્મરણો છોડી ગયો છે.

**૨૩. પ્રકૃતિ / ઋતુ વિદાય -** વરસાદ જાય છે,શિયાળો આવે છે,પ્રકૃતિનું સ્વરૂપ બદલાય છે.આ વિદાય દર્શાવે છે કે પરિવર્તન પ્રકૃતિનો મૂળભૂત નિયમ છે.પતંગો ઉડી ગયા કે પાંદડા પડી ગયા,છતાં પવન સાથે યાદોનું વહેણ કાયમ રહે છે.

**૨૪. પ્રાકૃતિક વિદાય-**પશુ-પંખીઓ,પ્રાણીઓ કે વનસ્પતિની વિદાય.પ્રકૃતિની દરેક વસ્તુનું આયુષ્ય મર્યાદિત છે.આ વિદાય આપણને જીવનચક્રનો સ્વીકાર કરતા શીખવે છે.

**૨૫. સંસ્કાર વિદાય -** શરીરને અગ્નિ અર્પણ કર્યા પછી રાખનું વિસર્જન (અસ્થિ વિસર્જન).આ અંતિમ વિધિ દેહમાંથી મોહ છોડાવીને આત્માની મુક્તિ માટેનો માર્ગ મોકળો કરે છે. ધૂળ બનીને હવામાં વહી જવું એ અંત નથી,પણ પરમ મુક્તિ છે.

**૨૬. સ્વયં / આત્મ-વિદાય -** આંતરિક શાંતિ માટે સમાજ અથવા જીવનથી થોડો વિરામ.પોતાના જ જૂના વિચારો,આદતો કે મનોભાવોને વિદાય આપવી.આ એકાંતના માર્ગ પર પગલું મૂકવું એટલે આત્મ-શોધ અને શાંતિ તરફનું પ્રયાણ.

**૨૭. અંતિમ વિદાય (મૃત્યુ) -** જીવનની આ અનિવાર્ય અને સૌથી મોટી વિદાય છે.જ્યારે આત્મા નશ્વર દેહ છોડે છે.આ વિદાય માત્ર દુઃખ નથી,

પણ જીવનનું પરમ સત્ય છે. માટીને માટી મળે છે, આત્મા આકાશમાં ઉડી જાય છે. અંતિમ વિદાય એ અંત નથી,પણ પરમ પ્રકાશ તરફનું પ્રયાણ છે.

અંતિમ પ્રકરણ: વિદાયનું દાર્શનિક સત્ય મનુષ્યના જીવનમાં આવતી આ ૨૭ વિદાય પળો,ભલે ગમે તેટલી વસમી હોય,પણ તે જીવનના ચાલકબળ છે.તે આપણને અટકાવતી નથી,પણ પાઠ શીખવીને મજબૂત બનાવે છે.દરેક વિદાયમાં એક નવી શરૂઆતની શક્યતા છુપાયેલી છે.

**"જીવનનું સંગીત ત્યારે જ સંપૂર્ણ બને છે,જ્યારે તેમાં આવકાર અને વિદાય બંનેનો તાલ હોય."**

# ૨.અધૂરી વિદાય: શાશ્વત વિરહની અમર યાત્રા

"કલમ આજે લખે છે,એ મૌન જે તૂટ્યું નહોતું;
પુસ્તક બની ગયું એ દર્દ,જે ક્યારેય ઘટ્યું નહોતું.
જો પૂર્ણ થઈ હોત વિદાય,તો વાત અહીં પૂરી થાત,
આ અધૂરાશે જ તો તમને અમર કરી,
મારું સર્જન રચ્યું."
કયા જન્મનું ઋણ ચૂકવ્યું, ને કયો સંચય અહીં રાખ્યો?

હું એ મંચ પર બેઠો હતો.બહાર અજવાળું હતું,પણ મારા અંતરના અંધકારનો ભાર મારી આંખોમાંથી વહેતો હતો.એ આંસુ કોઈ સામાન્ય શોકનું પ્રમાણ નહોતા,એ તો એક સત્યની પ્રતીતિ હતી.સભાખંડ ભરાયેલો હતો,લોકો મારી તરફ જોઈ રહ્યા હતા,પણ મારું ધ્યાન તો શૂન્યમાં સ્થિર હતું.ત્યાં,બરાબર એ જ ક્ષણે,જ્યારે દુનિયા 'પૂર્ણવિરામ'ની અપેક્ષા રાખતી હતી, ત્યારે મારા મગજમાં એક અચાનક વીજળીની જેમ એક શબ્દ ઝળક્યો: "અધૂરી વિદાય." અને એ શબ્દ...એ શબ્દે જ મારા અસ્તિત્વને,મારી ચેતનાને હચમચાવી નાખી.એ ક્ષણે મને સમજાયું કે વિદાય હંમેશા અંત નથી હોતી;કેટલીક વિદાય તો સંબંધના નવા,અદૃશ્ય પ્રકરણની શરૂઆત હોય છે.આજે,હું એ જ વેદના,એ જ શોધ,અને એ જ શાશ્વત સત્યને એક પુસ્તકનું રૂપ આપીને તમારી સમક્ષ મૂકું છું.આ શબ્દ મારા આત્મામાંથી ઉતરીને કલમ દ્વારા કાગળ પર આવ્યો છે, અને હવે પુસ્તક બનીને વાંચકોના હૃદયને સ્પર્શવા જઈ રહ્યો છે.'અધૂરી વિદાય' એ

કોઈ ઘટનાનું વર્ણન નથી,પણ એક એવી મનોદશા છે જે હૃદયમાં એક શાશ્વત શૂન્યાવકાશ પેદા કરે છે.જ્યારે કોઈ વિદાય લે છે,ત્યારે દુઃખ હોવા છતાં એક નિશ્ચિતતા હોય છે કે પ્રકરણ સમાપ્ત થયું,પરંતુ જ્યારે વિદાય 'અધૂરી' રહી જાય છે,ત્યારે સમાપ્તિના સ્થાને એક અનંત પ્રતીક્ષાનું પ્રારંભ થાય છે,જ્યાં અંતિમ પાનું ક્યારેય લખાતું નથી.આ તો એ લાગણીનો સ્વીકાર છે,જે કહે છે કે ‘અમુક સંબંધોનું મૃત્યુ થતું નથી,માત્ર તેઓ પોતાનું સરનામું બદલી નાખે છે.’હું તમને એ ‘અધૂરી વિદાય’ના મૂળમાં લઈ જાઉં છું.

અધૂરી વિદાય  એ માત્ર બે વ્યક્તિઓ વચ્ચેનો શારીરિક વિચ્છેદ નથી,પરંતુ એક અણસુલઝાયેલો ભાવનાત્મક ગૂંચવડો છે.આ શબ્દ જીવનના એવા જટિલ વળાંકોનું પ્રતિનિધિત્વ કરે છે,જ્યાં કોઈ સંબંધ,કોઈ વ્યક્તિ, કે કોઈ અધ્યાય પૂર્ણવિરામ વિના જ અચાનક સમાપ્ત થઈ જાય છે.વિદાયમાં હંમેશા દુઃખ હોય છે, પરંતુ 'અધૂરી વિદાય'માં દુઃખની સાથે એક કાયમી કષ્ટ અને અફસોસ ભળેલો હોય છે,જે આત્માને અનંતકાળ સુધી દુભાવતો રહે છે.વિદાય એ સંબંધનું સ્વાભાવિક સમાપન છે,પછી ભલે તે મૃત્યુ દ્વારા હોય કે જીવનના માર્ગ બદલાવા દ્વારા.પરંતુ 'અધૂરી' આ એક શબ્દ અહીં એ વાતનો નિર્દેશ કરે છે કે જે તે વ્યક્તિની વિદાય થઈ છે,તેને છેલ્લી ક્ષણે જે કહેવાનું હતું તે કહેવાયું નથી,જે સમજાવવાનું હતું તે સમજાયું નથી,અથવા તો સંબંધને એક યોગ્ય અંત આપવાની તક મળી નથી.આ અધૂરી વિદાયના સ્વરૂપો ઘણાં કરુણ હોય છે.સૌથી વધુ કરુણ અને પીડાદાયક સ્વરૂપ અનિશ્ચિત વિદાયનું હોય છે,જ્યારે કોઈ વ્યક્તિ અચાનક,કોઈ ચેતવણી કે બીમારી વિના મૃત્યુ પામે છે,ત્યારે પાછળ રહી

ગયેલા લોકોને પોતાના ભાવો વ્યક્ત કરવાની કે માફી માંગવાની તક મળતી નથી.આ અચાનકતા એક મનોવૈજ્ઞાનિક આઘાત પેદા કરે છે.બીજું સ્વરૂપ, અણબનાવ સાથેની વિદાય,ત્યારે સર્જાય છે જ્યારે બે વ્યક્તિઓ વચ્ચે ઝઘડો, ગેરસમજ કે કડવાશ હોય અને તે કડવાશ દૂર થયા પહેલાં જ કોઈની વિદાય થઈ જાય.આ સ્થિતિમાં,શોકની લાગણીઓ ગુસ્સો, અપરાધભાવ અને પસ્તાવો  બનીને વ્યક્તિને કોરી ખાય છે."જો મેં એવું ન કહ્યું હોત તો..." નું કાયમી દબાણ અહીં સર્જાય છે.અંતે,અધૂરા સંબંધની વિદાય પણ જોવા મળે છે,જેમાં કોઈ વ્યક્તિનું દૂર જવું કે સંબંધનું અણધારી રીતે તૂટી જવું,જ્યાં બંને પક્ષોમાંથી કોઈને 'સમાપન'  મળ્યું નથી. પ્રેમ,મિત્રતા કે વ્યાવસાયિક સંબંધ, જેમાં ભવિષ્યની યોજનાઓ કે વાયદાઓ અધૂરા રહી ગયા હોય, આ વિદાય આશા અને નિરાશા વચ્ચે ઝૂલતી રહે છે.

અધૂરી વિદાયનો સૌથી મોટો ભાર મનોવૈજ્ઞાનિક હોય છે.મનુષ્યનું મન હંમેશા વસ્તુઓને તર્કસંગત અંત આપવાનો પ્રયાસ કરે છે.જ્યારે આ અંત નથી મળતો,ત્યારે મન સતત તે ક્ષણને ફરીથી જીવવા અને સુધારવાનો પ્રયત્ન કરે છે,જેના કારણે માનસિક શાંતિ ખોરવાય છે.'અધૂરી વિદાય'માં અપરાધભાવની લાગણી ખૂબ પ્રબળ હોય છે.મૃત્યુ પામેલા વ્યક્તિને છેલ્લી ક્ષણે સહારો ન આપી શકવાનો,તેના છેલ્લા શબ્દો ન સાંભળી શકવાનો,કે ભૂતકાળમાં કરેલી ભૂલો માટે માફી ન માંગી શકવાનો અપરાધ ભાવ વ્યક્તિને પીડા આપે છે.આ અપરાધ ભાવ મનની ઊંડી ખામી બનીને રહે છે, કારણ કે હવે તેને દૂર કરવાનો કોઈ માર્ગ બચતો નથી.વિદાયની

પ્રક્રિયાનો અંતિમ તબક્કો છે.'સ્વીકાર' , પરંતુ સમાપનનો અભાવ આ સ્વીકારને અટકાવે છે.વ્યક્તિનું મન સતત પૂછ્યા કરે છે:

"તેણે મને છેલ્લું શું કહેવું હતું?","આવું શા માટે થયું?", "હું શું બદલી શકતો હતો?" આ પ્રશ્નોનો ઉત્તર ન મળતાં,શોક એક બંધન  બની જાય છે,જે મૃત વ્યક્તિને ભૂતકાળમાં જ પકડી રાખે છે.આ કિસ્સામાં,સમય જતાં દુઃખ ભલે ઓછું થાય,પણ 'કષ્ટ' કાયમી રહે છે.આ કષ્ટ એવું છે કે જાણે જીવનની કોઈ મહત્વની વાત કાયમ માટે અનકહી રહી ગઈ હોય.આ કષ્ટ વ્યક્તિના નવા સંબંધોમાં પણ ડોકિયું કરે છે,જેના કારણે તે નવા જોડાણોથી દૂર રહે છે અથવા તેમાં વધુ પડતી અપેક્ષાઓ રાખે છે.

કોઈને પોતાનાથી દુર જતા રોકી શકાતું નથી પણ આ સમય કોઈને કહ્યા વગર  દુર કરી દે છે .સંબંધ હોય કે કોઈ વસ્તુ કે કોઈ મનગમતી વ્યક્તિ સમય તેને દૂર કરી દે છે પોતાનાઓથી. ગુજરાતી,ભારતીય અને વૈશ્વિક સાહિત્યમાં 'અધૂરી વિદાય' એ કરુણ રસનો મહત્ત્વનો સ્રોત રહ્યો છે.કવિઓ અને લેખકોએ આ ભાવને લઈને માનવીય મનની ઊંડાઈઓને સ્પર્શી છે.કવિતામાં વિદાયનો ભાવ 'અધૂરી' લાગણીઓ દ્વારા વધુ પ્રબળ બને છે.

## વિરહની અમર યાત્રા

" કવિ કાલિદાસના 'મેઘદૂત'માં,યક્ષનો વિયોગ માત્ર ભૌગોલિક અંતર નથી,પરંતુ એક કાયમી અધૂરાશ છે, જેમાં યક્ષ પોતાની પ્રિયતમાને સંદેશ મોકલીને પણ અંતિમ વિદાયના શબ્દો કહી શકતો નથી.કવિ બક્ષીની વાર્તાઓમાં કે ચિનુ મોદીની ગઝલોમાં ઘણીવાર આ અણકહ્યા વિચ્છેદની વેદના જોવા મળે છે.નાટક કે નવલકથામાં અધૂરી વિદાય એક શક્તિશાળી

'પ્લોટ ડિવાઇસ' છે.કોઈ પાત્ર તેના લક્ષ્યને પ્રાપ્ત કર્યા વિના મૃત્યુ પામે, કે કોઈ રહસ્ય ઉકેલાયા વિના વિદાય લે,તો તે પાછળના પાત્રોને કાયમ માટે એક મિશન કે એક બોજ આપી જાય છે.આ અધૂરાશ વાર્તાના સંઘર્ષને અનંતકાળ સુધી લંબાવે છે."

લોકગીતોમાં,ખાસ કરીને વિરહગીતોમાં,આ અધૂરાશનો ભાવ વારંવાર જોવા મળે છે.સૈનિકની, સાધુની કે પરદેશ ગયેલા પતિની વિદાય એવી હોય છે,જેમાં પાછળ રહી ગયેલી સ્ત્રીને ખબર નથી હોતી કે તે ક્યારે પાછો ફરશે,અને શું તે છેલ્લું મિલન જ અંતિમ હતું.આ અનિશ્ચિતતા જ 'અધૂરી વિદાય'નો મુખ્ય સૂર છે.દાર્શનિક દૃષ્ટિકોણથી જોઈએ તો,અધૂરી વિદાય માત્ર એક દુર્ઘટના નથી,પરંતુ જીવનની અપૂર્ણતાના એક ગહન દાર્શનિક સત્યનું પ્રતિબિંબ છે.તત્વજ્ઞાન માને છે કે 'અધૂરી વિદાય' દ્વારા જે વ્યક્તિ જાય છે, તે ખરેખર ક્યારેય જતી નથી.જો વિદાય પૂર્ણ અને સંતોષકારક હોત,તો સ્મૃતિ એક શાંત, બંધ પુસ્તક બનીને રહેતી.પરંતુ અધૂરી વિદાય એ વ્યક્તિની સતત, સજીવ ઉપસ્થિતિને જાળવી રાખે છે. તે વ્યક્તિ ભૌતિક રૂપે ગેરહાજર હોવા છતાં,અધૂરા શબ્દો,ન પૂરી થયેલી અપેક્ષાઓ અને વણઉકેલાયેલી લાગણીઓના રૂપમાં જીવંત રહે છે.કહેવાય છે કે જીવન પોતે જ એક અધૂરી કથા છે.આપણે ક્યારેય કોઈ ઘટના,કોઈ સંબંધ કે કોઈ લાગણીને સંપૂર્ણ રીતે સમજી કે જીવી શકતા નથી.અધૂરી વિદાય આપણને યાદ અપાવે છે કે માનવ સંબંધોની સુંદરતા તેની ક્ષણભંગુરતામાં અને અપૂર્ણતામાં છે. આ અધૂરી વિદાય આપણને સ્મૃતિના સામ્રાજ્યમાં કાયમ માટે બાંધી રાખે છે.ફિલસૂફો કહે છે કે મન સતત ભૂતકાળનું પુનર્નિર્માણ કરે છે.'અધૂરી વિદાય' મનને ભૂતકાળમાં એવો કાલ્પનિક માર્ગ શોધવા

મજબૂર કરે છે,જ્યાં તે અંતિમ શબ્દો કહી શકે. આ આંતરિક સંવાદ એક પ્રકારની આધ્યાત્મિક ક્રિયા બની જાય છે.'અધૂરી વિદાય'ના બંધનમાંથી બહાર નીકળવું સરળ નથી,પરંતુ અશક્ય પણ નથી.આ માર્ગ સમાપન શોધવાનો નથી,પરંતુ અપૂર્ણતાને સ્વીકારવાનો છે.જે વ્યક્તિ વિદાય લઈ ચૂકી છે,તેને સંબોધીને પત્ર લખવો એ એક શક્તિશાળી ઉપચાર છે.આ પત્રોમાં તે તમામ અનકહ્યા શબ્દો,માફી અને લાગણીઓ વ્યક્ત કરી શકાય છે,જે અંતિમ ક્ષણે કહેવાયા ન હતા.આ પત્ર કોઈને મોકલવાનો નથી;તે ફક્ત મનમાંથી ભાર દૂર કરવા માટે છે.આ દ્વારા વ્યક્તિ તેના મનમાં 'વિદાય'ની પ્રક્રિયાને પૂર્ણ કરી શકે છે.ધાર્મિક વિધિઓ, સ્મારકો કે ખાસ યાદગીરીના સ્થળો પર જઈને મૌન ધારણ કરવું એ પણ પ્રતીકાત્મક સમાપનનો એક ભાગ છે.આ ક્રિયાઓ મનને શાંતિ આપે છે કે હવે અંતિમ શબ્દો કહેવાઈ ગયા છે.આનાથી ગુમ થયેલી વ્યક્તિ પ્રત્યેની જવાબદારીનો ભાર હળવો થાય છે.સૌથી મહત્ત્વપૂર્ણ સ્વીકાર એ છે કે જીવનમાં અમુક વસ્તુઓનો અંત અપૂર્ણ જ રહેવાનો છે,અને તે જ માનવ અસ્તિત્વનો ભાગ છે. 'અધૂરી વિદાય'ને એક કષ્ટ તરીકે જોવાને બદલે,તે સંબંધની મજબૂતાઈના પુરાવા તરીકે જોવો જોઈએ.હવે વિદાય સંપૂર્ણ થઈ ગઈ છે,ભલે તે છેલ્લી ક્ષણે ન થઈ હોય,પણ સમયના વહેણમાં થઈ ગઈ છે.

નિષ્કર્ષ 'અધૂરી વિદાય' એ માનવીય સંવેદનાનો એક એવો પડાવ છે,જ્યાં ભૂતકાળનું બંધન વર્તમાનની શાંતિ છીનવી લે છે.આ એ અનકહ્યા શબ્દોની વાર્તા છે,જે કાયમ માટે હૃદયમાં ગુંજતી રહે છે.સાહિત્યમાં તેનું વર્ણન ભલે કરુણ હોય,પરંતુ જીવનમાં તે એક પાઠ બનીને આવે છે – કે જે ક્ષણ મળે,તેમાં ભાવો વ્યક્ત કરી દો,કારણ કે ક્યારે કયો સંબંધ મૌન

વિદાય લેશે,તે કોઈ કહી શકતું નથી.આમ,અધૂરી વિદાય અંત નથી, પરંતુ એક અવિરત સંવાદ છે,જે વ્યક્તિની ગેરહાજરીમાં પણ હૃદયમાં ચાલુ રહે છે.તે દુઃખનો નહીં,પણ અમર સ્મૃતિઓનો વારસો છે,જેને સ્વીકારવાથી જ શાંતિ મળે છે.

# 3.જન્મભૂમિ

"પવનથીયે પાતળી ક્ષણમાં ખૂંપીને ઘર બનાવ્યું છે જ્યાં મારી જન્મભૂમિ નથી ત્યાં ઘણી સ્મૃતિઓ છે"

"જીવનની આગવી ક્ષણને ટૂંપીને ઘર બનાવ્યું છે જ્યાં માતા પિતા ને જોડે પ્રેમ કરતા જોયા છે તેમના સમયની દરેક ક્ષણ આંખોમાં છલકે છે"

"ગઝલની રાજસી ક્ષણને સીંચીને ઘર બનાવ્યું છે જ્યાં ખુશીઓ આગળ બધાજ દુઃખોને અવગણ્યા છે"

"સફર સંવેદનાની ખૂંદીને ઘર બનાવ્યું છે જ્યાં વેદનાઓ ને કાબુ માં રાખી છે, એક એક આંસુ વિચારીને ખર્ચ્યા છે"

"ખબર છે કે ગમે ત્યારે પડે ઈંટો હવામાંથી ને પાયામાં જ ઈંટ મૂકીને ઘર બનાવ્યું છે જ્યાં ઘર માં રહેતા લોકો ગર્વ થી કહી શકે મીઠી નીંદર ઘરમાં નથી એ ઘરમાં લોકો નાં ભાવ માં છે
ભલે ને ઘર ઈંટો થી જ ચણેલું હોય"

ખેડબ્રહ્માના સૌંદર્યની વચ્ચે શોભતું રાધીવાડ ગામ,માત્ર એક ભૌગોલિક સ્થાન નથી,પરંતુ સંસ્કૃતિ,શૌર્ય અને શિક્ષણનો જીવંત વારસો છે,જેની ગાથા તેના હાઈવેથી શરૂ થાય છે. આ હાઇવે પર પવનમાં લહેરાતા બે કેસરિયા ધ્વજ જાણે આ ભૂમિના ચારિત્ર્યની ઘોષણા કરે છે.એક ધ્વજ પર

વીરતા અને સ્વાભિમાનના પ્રતીક એવા મહારાણા પ્રતાપનું ચિહ્ન અંકિત છે; આ ધ્વજ માત્ર શૌર્યની ગાથા નથી ગાતો,પણ પ્રત્યેક સવારમાં રાણાના ટેક અને ધર્મ માટેના બલિદાનની પ્રતિજ્ઞાનું સ્મરણ કરાવે છે,જે આ ભૂમિના રાજપૂત અને ક્ષાત્રવટના ઊંડા મૂળિયાંની ગવાહી પૂરે છે.બીજો ધ્વજ 'જય શ્રી રામ'ના ઉદ્ઘોષ સાથે માત્ર આધ્યાત્મિક આસ્થાના શિખર સમાન નથી ઊભો, પણ ગામના હૃદયમાં વસેલી સનાતન સંસ્કૃતિની અખંડિતતાનો સંકેત આપે છે.આ બંને ધ્વજ રાધીવાડની ઓળખ છે – ધર્મ,આસ્થા અને અડીખમ શૌર્યના સમન્વયની એક દિવ્ય ધ્વજા.હાઇવે પર જ્યારે વાહનોનો ઘોંઘાટ રાધીવાડ તરફ વળે છે,ત્યારે આધુનિક સમયનો એક સ્પર્શ તરત જ દેખાય છે,સી.એન.જી પંપ પર ગેસ ભરાવવા માટે લાગેલી વાહનોની લાંબી કતારો.આ કતારમાં ખેતરમાંથી આવતા ટ્રેક્ટર,સ્થાનિક વેપારીઓની માલવાહક ગાડીઓ અને શહેર તરફ જતી ખાનગી કારોનું મિશ્રણ રાધીવાડની આર્થિક ગતિશીલતા અને વિકાસના પ્રવાહનો ખ્યાલ આપે છે.આ આધુનિક દોડધામની સામે જ,ગામના પ્રવેશદ્વાર પર કેન્દ્રમાં,પરંપરાનું હૃદય ધબકે છે.ગામની અંદરના વિશાળ ઓટલાઓ પર આજની યુવા પેઢી અને જૂની પેઢી એકસાથે બેઠેલી જોવા મળે છે,જ્યા વૃદ્ધોની આંખોમાં વરસોનો અનુભવ અને યુવાનોના હાસ્યમાં નવી આશાઓનો ઉદય જોવા મળે છે.અહીં, વૃદ્ધો પોતાના ખેતીના પ્રાચીન જ્ઞાન,પશુપાલનની રીતો અને ઇડર શહેરનાં ન્યાય-વ્યવસ્થાની કથાઓ કહે છે, જ્યારે યુવાનો તેમના પ્રોજેક્ટ્સ,નવી ટેક્નોલોજી અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની વાતો વહેંચે છે.આ ઓટલો,આધુનિકતાના તોફાન સામે પણ,સામાજિક સદભાવ અને પારિવારિક બંધનોને અખંડિત રાખનારું ગઢ છે – રાધીવાડની સામાજિક યુનિવર્સિટી.

'જીવની સુંદર પળને યાદ કરીને રડું આવે ત્યારે મારા હ્રદય નાં ધબકારા મને દિશા બતાવે છે,
કંઈક ખોવાઈ જાય એને શોધી શકાય પણ માણસ ખોવાઈ જાય એને શોધી નથી શકાતું ફક્ત તેને બે ઘડીક યાદ કરીને મન હળવું કરી શકાય'

ગામના જીવનનો એક મહત્વનો ધબકાર એટલે કે બસ સ્ટેશનમાં અનુભવાય છે.જ્યાં શાળાના બાળકો બસની રાહ જોઈને ઊભા હોય છે,તેમના ચહેરા પર જ્ઞાન પ્રાપ્તિની ઉત્સુકતા અને ભવિષ્યના સપનાં છલકાય છે. ગામની શાળા,જેની સ્થાપના ૧૯૨૬માં માત્ર આઠ ધોરણ સુધી થઈ હતી, તે માત્ર એક ઇમારત નથી,પણ ઇડર શહેરનાં સમયગાળાની શૈક્ષણિક અગ્રેસરતાનો જીવંત પુરાવો છે.આ શાળાના ફ્રન્ટ સીટ પર બેસેલા કે બેક બેંચર એ  વિદ્યાર્થીઓએ માત્ર ડિગ્રીઓ જ નથી મેળવી,પણ આઝાદી પૂર્વેના સમયમાં જાગૃતિ ફેલાવવાનું કાર્ય પણ કર્યું હતું,જેના કારણે રાધીવાડ આસપાસના વિસ્તારમાં 'શિક્ષણનું અગ્રેસર ગામ' તરીકે ઓળખાતું.આ શાળાના પરિસરમાં જ મહાવીર દાદાનું પ્રાચીન મંદિર આવેલું છે,જે દર્શાવે છે કે આ ભૂમિમાં શિક્ષણ અને ધર્મ એકબીજાથી ક્યારેય વિમુખ થયા નથી, પરંતુ એકબીજાના પૂરક બની રહ્યા છે.ગામની મધ્યમાં પ્રવેશ કરતાં જ લક્ષ્મી નારાયણનું વર્ષો જૂનું મંદિર નજરે પડે છે.આ મંદિર ગામની આધ્યાત્મિક ધરી છે,જેની પ્રાચીન સ્થાપત્યકળા,કોતરણી કામ અને સવાર-સાંજની આરતીના ઘંટના નાદથી ગામને એક શાંતિપૂર્ણ લય આપે છે.આ ભવ્ય મંદિરની બરાબર સામે જ ‘દેરાવાળો કૂવો’ આવેલો છે. આ કૂવો હવે ભલે ઓછો વપરાતો હોય,પણ

તેના પત્થરો પર સ્ત્રીઓના પાણીના ઘડાના ઘસારાના નિશાન ભૂતકાળની મહેનત અને સામાજિક જીવનના કેન્દ્ર તરીકેની તેની ભૂમિકાની યાદ અપાવે છે.જ્યાં ઘૂંઘટવાળી મહિલાઓનું મિલન થતું અને જીવનની વાતો વહેતી.જળની આ ગાથા ગામના છેવાડા સુધી વિસ્તરેલી છે,જ્યાં એક વિશાળ અને ભવ્ય વાવ આવેલી છે.આ વાવ, ગામની જીવાદોરી સમાન છે.ભૂતકાળમાં જ્યારે પાણી માટેના અન્ય સ્ત્રોતો ખૂબ ઓછા હતા,ત્યારે આ વાવ મહાકાળીના આશીર્વાદ સમાન બનીને રાધીવાડને જીવન આપતી હતી, તેના શિલ્પો અને પગથિયાં ગુજરાતની પ્રાચીન જળ-સ્થાપત્યકળાનો ઉત્તમ નમૂનો છે.ગામની આસપાસની ભૂગોળમાં ઊંડા ઊતરતાં,જ્યાં વર્ષો પહેલાં જૂનું ગામ વસેલું હતું,ત્યાં કરહણ માનું મંદિર આવેલું છે,જે ગામના મૂળ સ્થાન અને તેના આદ્યશક્તિના સ્વરૂપ સાથેના જોડાણને જાળવી રાખે છે.રાધીવાડના ધાર્મિક આસ્થાના કેન્દ્રો માત્ર ગામ પૂરતા સીમિત નથી,પણ હાઈવે પર પણ પથરાયેલા છે.હાઈવે પર પંચદેવ અને રામદેવપીરનું મંદિર આવેલું છે,જે જુદા જુદા દેવતાઓનું એકીકરણ અને ભક્તોને શાંતિ આપે છે.ધર્મ અને શ્રદ્ધાના આ પ્રવાહમાં એક અનન્ય સ્થાન છે.સતીધરાનું મંદિર. પ્રાથમિક શાળાની નજીક આવેલું આ મંદિર એક રાજપૂતાણીની વીરતા અને પતિવ્રતાની પરાકાષ્ઠાનું પ્રતીક છે.જે રાજપૂતાણીએ પોતાના પતિના શવને ખોળામાં રાખીને સતીત્વનું મહાન બલિદાન આપ્યું,તેમની પવિત્રતા ગામના પ્રત્યેક રહેવાસીના હૃદયમાં નૈતિકતા અને સમર્પણનો દીવો પ્રગટાવે છે.અહીં હોળી ના તહેવાર મા લોકમેળો ભરાય છે,જે ગામની એકતા અને ગૌરવની કડી સમાન હોય છે, અને 'સતીધરા' નામ જ આ ગામની પવિત્ર માટીની ઓળખ બની ગયું છે.ગામની સમૃદ્ધિનું બીજું પ્રતીક તેના બે તળાવો,ઘોટી અને ઘોમેરુ, છે. આ તળાવો માત્ર જળસંગ્રહ માટે

નહીં,પણ ગામના સાંસ્કૃતિક અને આર્થિક ઇતિહાસના સાક્ષી છે.ખાસ કરીને ઘોટી તળાવની માટીની વાત અદ્ભુત છે.આ માટીની ખાસિયત તેની અદભૂત બંધનક્ષમતા અને શુદ્ધતા હતી,જેના કારણે તેને મુંબઈ જેવા દૂરના શહેરોમાં બાંધકામ અને રંગકામ માટે લઈ જવામાં આવતી હતી – જે રાધીવાડના કુદરતી સંસાધનોની ગુણવત્તાનો પ્રત્યક્ષ પુરાવો છે. ઘોમેરુ તળાવ મુંબઈનાં બાંધકામથી તદ્દન વિપરીત,શાંતિ અને પ્રકૃતિનું ધામ છે.

પરંતુ,રાધીવાડનું સાચું ગૌરવ તેની ભવ્ય ઇમારતો કે તળાવોમાં નહીં, પરંતુ તેની ધરતી પર જન્મેલા અસંખ્ય કર્મવીરોમાં છે.આ ભૂમિએ શિક્ષકો,પોલીસ અધિકારીઓ, વકીલો, પત્રકારો, ડોકટરો, પ્રોફેસરો, એન્જીનીયરો ભારતીય સેનાના જવાનોને વગેરે કર્મવીરો ને જન્મ આપ્યો છે.આ દરેક વ્યક્તિ,પોતાના ક્ષેત્રમાં રાધીવાડની સંસ્કૃતિ અને સંસ્કારનું પ્રતિનિધિત્વ કરે છે.તેમનું સૌથી મોટું યોગદાન એ છે કે તેઓ તેમનું ઋણ ચૂકવવા માટે વારંવાર ગામમાં પાછા ફરે છે; રજાઓમાં ડોકટરો મફત આરોગ્ય શિબિરો યોજે છે,એન્જીનીયરો સ્થાનિક જળ વ્યવસ્થાપન સુધારવામાં મદદ કરે છે,અને શિક્ષકો શાળાના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપે છે તથા અન્ય વિદ્યાર્થીઓને પણ મદદરૂપ થતાજોયા છે મે.

આ તેમની જન્મભૂમિ પ્રત્યેની નિષ્ઠા અને કર્મયોગનો સાચો અર્થ દર્શાવે છે.રાધીવાડ ખરેખર ખેડબ્રહ્માના સૌંદર્યની વચ્ચે શોભતું,ધર્મ, ઇતિહાસ અને પ્રગતિનો ત્રિવેણી સંગમ છે.આ ગામની પ્રત્યેક ધૂળની રજકણોમાં એક વીરતાની કથા,એક ભક્તિની ધૂન અને એક વિકાસનું સપનું સમાયેલું છે.

વિદાય એ છે, જ્યાં માફી અને શ્રેષ્ઠતા વચ્ચેનો સંબંધ ઊંડો બને છે.

તમારી હાજરીથી હતું આનંદનું વાતાવરણ,
હવે યાદોમાં રહેશે તમારું ચહેરું મલકાતું,
વિદાય છે પણ જોડાણ અતૂટ રહેશે,
કારણ કે હૃદયનો સંબંધ ક્યારેય નથી તૂટતું ??...

**"જનની અને જન્મભૂમિ સ્વર્ગથીયે ચડિયાતા છે છતાંયે પિતાની છાયાથી તડકો ઢંકાય છે."**

# ૪. સંઘર્ષ અને સફળતા નો સુર્યાસ્ત

જિંદગી એક એવું મંચ છે જ્યાં પડદા પાછળના ઘાવ કોઈ જોતું નથી, દુનિયા માત્ર તાળીઓના ગડગડાટથી જ પરિચિત છે. અહીં સવાર પડે ને સૌપ્રથમ સવાલ એ જ થાય છે: 'કેટલું કમાયા?' સવાલ એ નથી થતો કે 'આખી રાત કેટલું જાગીને સંઘર્ષ કર્યો?' માણસની કિંમત તેના પગારપત્રકથી આંકવામાં આવે છે, તેના કપાળ પરના પસીનાથી નહીં. અહીં વ્યક્તિનો સંઘર્ષ એ એની અંગત મિલકત બની રહે છે, જેનું જાહેર પ્રદર્શન થઈ શકતું નથી.

તમે જ્યારે સફળતાની ટોચે ઊભા હો, ત્યારે નીચે ઊભેલા દરેકની આંખમાં માત્ર એક જ ચમક હોય છે: "વાહ! કેટલી લેર છે, કેવા જલસા છે!" તેઓ માને છે કે આ જીવન કોઈ દૈવી વરદાન છે, જે બસ એમ જ, સહેલાઈથી, સોનાની થાળીમાં પીરસાઈ ગયું છે. પણ એ ક્યાં જાણે છે કે આ 'લેર' પાછળ કેટલાયે 'લહેરખાઓ' સમાયેલા છે; કેટલીયે રાતોની ઊંઘ કુરબાન થઈ છે, કેટલાયે સપનાઓ અધૂરા મૂકાયા છે અને કેટલાયે સંબંધોની હૂંફ ગુમાવી દેવાઈ છે. આ એક એવી યાત્રા છે, જેનો પ્રવાસ ફક્ત એક જ વ્યક્તિએ એકલા હાથે ખેડ્યો છે.

"પૂછે છે આખી દુનિયા પગાર, કોઈ સંઘર્ષની વાત કરતું નથી,
આ મુકામ પાછળ ડૂબેલા સૂરજનું સરનામું કોઈ શોધતું નથી.
ચમકતી ચાંદી નીચે છુપાયેલો કાટ તો માલિક જ જાણે છે,
તાળીઓ પાડનારાને ખબર ક્યાં, કે રાતો કેવી રીતે સહાય છે!"

સંઘર્ષ એ શબ્દ નથી, એ એક એવો અંધકારમય ઓરડો છે જ્યાં દીવાલો પણ તમારો સાથ છોડી દે છે. સફળતાના શિખર પર પહોંચતા પહેલાં માણસ એક અજાણી અને ડરામણી ખીણમાંથી પસાર થાય છે, જાણે એ ખીણમાંથી પાછા આવીશું કે નહિ એની પણ જ્ઞાત હોતી નથી, પ્રથમ સંઘર્ષ શરૂ થાય છે પોતાના અસ્તિત્વથી, જ્યાં નબળાઈઓનું વજન ખભા પર પથ્થરની જેમ મૂકાયેલું હોય છે. પછી આવે છે કીમતી સમય અને અમૂલ્ય સંસાધનોનો સંઘર્ષ. લોકોની ટીકા, સંબંધીઓના મહેણાં અને મિત્રોની પીઠ ફેરવી દેવાની કળા જાણે *સાપને દૂધ પિવડાવતા આપણી જ હત્યા થઈ જવી—આ બધું જ ઝેરના ઘૂંટડાની જેમ પીવું પડે છે.* જ્યારે તમે પડકારનો સામનો કરવા બહાર નીકળો છો, ત્યારે સૌથી પહેલા તમારા જ સ્વજનોના અવાજ તમને પાછા ખેંચે છે: "આનાથી નહીં થાય," *"આમાં કોઈ ભવિષ્ય નથી," "બગાડી નાખી જિંદગી!"* આ વાક્યો માત્ર શબ્દો નથી, એ આત્મવિશ્વાસને વીંધવા આવેલા તીક્ષ્ણ બાણ છે.

"એકલતાની ચાદર ઓઢીને મેં રાતો સાથે સંવાદ કર્યો છે,
થાકેલા પગે પણ મનને લડવા માટે તૈયાર કર્યો છે.
લોકો કહે છે કે હવે તો કિસ્મતની 'લેર' છે તમારી,
પણ પૂછો તો ખરા, આ ઘરને બાંધવા ...મેં કેટલો ત્યાગ કર્યો છે?"

આ સંઘર્ષના દિવસોમાં ભૂખ ઓછી લાગે અને સપના મોટા થતા જાય. ક્યારેક ભૂખ્યા પેટે પણ મગજ આંકડાઓ ગણતું હોય, તો ક્યારેક ગરીબીને કારણે કોઈ સારું પુસ્તક પણ ખરીદી ન શકાય. અને પછી, એક દિવસ એ ક્ષણ આવે છે—લાંબી, અંધકારમય સુરંગ પછી પ્રકાશ દેખાય છે. નામની આગળ 'સાહેબ' લાગી જાય છે,

કહેવત છેને *" નાણાં વિનાનો નાથિયો, નાણે નાથાલાલ* " ગાડી અને રહેઠાણ બદલાય છે. અને આ બધું થતાં જ કુદરતનો નિયમ પલટાઈ જાય છે. જે લોકોએ ગઈકાલે દરવાજા બંધ કર્યા હતા, તેઓ આજે લાલ જાજમ પાથરીને ઊભા રહે છે.પણ સફળતાનો આ મુગટ પહેરવો એ એક વિચિત્ર અનુભવ છે. સફળતા તમને એકલી કરી દે છે, કારણ કે હવે લોકો તમારા પૈસાની આસપાસ છે, તમારા વ્યક્તિત્વ આસપાસ નહીં. લોકો માત્ર પગારની વાત કરે છે: "એને તો લાખ રૂપિયા મળે છે, શું મજા છે એની જિંદગીમાં!" તેઓ આ 'લાખ' સુધી પહોંચવા માટે વેઠેલી તકલીફોની વાત ક્યારેય નહીં કરે.

"સિક્કાઓનો રણકાર હવે તો ઘણો મોટો લાગે છે,
પણ આંસુના એ મૌન અવાજને હવે સાંભળે છે કોણ?
પથ્થર બનીને ઊભો રહ્યો હતો જ્યારે આખું આકાશ વરસ્યું હતું,
એ ઘડીના ભારે બોજને હવે આવીને પૂછે છે કોણ?"

સંઘર્ષની લાંબી રાત પૂરી થઈ ને સફળતાનો સૂર્ય ઊગ્યો. હવે એ સમય હતો જ્યાં જીવન ખરેખર 'જલસા' જેવું લાગે. થાક દૂર થયો હતો અને એક નવી ઊર્જા જિંદગી જીવવા માટે તૈયાર હતી. પણ આ શાંતિ કેટલી ક્ષણિક હતી! આ યુદ્ધવિરામ કેટલો ટૂંકો હતો! વર્ષો સુધી જે વ્યક્તિ માત્ર એક મશીનની જેમ જીવ્યો હતો, જેણે વિચાર્યું હતું કે હવે સવારની ચા શાંતિથી પીવાશે અને સાંજનો સૂર્યાસ્ત હળવાશથી જોવાશે, ત્યાં જ નિયતિએ પોતાનો ખેલ ખેલ્યો.

નિયતિ તો બસ જોતી હતી કે આ માણસ ક્યારે પોતાના મુગટના ભારથી મુક્ત થઈને જીવનનો આનંદ લેવાનું શરૂ કરે. અને જેવો જ એ આનંદનો પ્રથમ શ્વાસ ભરે છે, ત્યાં જ શ્વાસ છીનવાઈ જાય છે. જાણે કુદરતે કહ્યું હોય: 'તું સંઘર્ષમાં સુંદર હતો, તારી શાંતિ મને પસંદ નથી.' આ કેવો અન્યાય! જેણે આખી જિંદગી પોતાના પરિવારને સાચવવામાં પોતે સજા કાપી, તેને રિવાર્ડનો સમય જ ન મળ્યો. સફળતા તો મળી, પણ એને જીવવાનો લહાવો ન મળ્યો. આ જ છે અદ્રશ્ય નિયતિની સૌથી મોટી ક્રૂરતા.

"બધાં જ સપનાં સમેટાયા, બધી પીડાઓ શાંત થઈ ગઈ,
જ્યારે જીતનો જશ્ન શરૂ થયો, ત્યારે જ કેમ વિદાય થઈ ગઈ?
એક જ શ્વાસ ખૂટ્યો ને આખું જગત પલટાઈ ગયું,
વર્ષોનો સંઘર્ષ ફળ્યો, પણ સુકૂનની ક્ષણ અધૂરી રહી ગઈ."

આ 'અધૂરી વિદાય' માત્ર એક વ્યક્તિની કહાણી નથી, પણ સમયની કરામત છે. તે એક કડવું સત્ય છે કે જે જીતવા માટે જન્મ્યો હતો, તે જીતી તો ગયો પણ જશ્ન લાંબો ચાલી શક્યો નહીં. આ એક એવી યાત્રા છે જેનો હીરો મુકામ પર પહોંચ્યા પછી તરત જ પડદો પાડી દે છે અને દુનિયાને વિચારતી કરી દે છે કે શું ખરેખર આ બધું આટલું જ હતું?

"જિંદગી સપનાં પૂરાં કરવા મળી હતી એ વાત સાચી,
પણ સપનાં પાછળ દોડવામાં જ જિંદગી ક્યાંક રહી ગઈ કાચી.
સંઘર્ષને માન મળ્યું પણ શાંતિનો સમય ટૂંકો પડ્યો,
વિદાય અધૂરી રહી ગઈ, પણ પિતા તમારી યાદો રહી ગઈ
દિલના એક એવા ખૂણામાં જે ક્યારેય તમને ભૂલી નઈ શકે."

"આ 'અધૂરી વિદાય' દરેક સંઘર્ષ કરતા માણસના હૃદયમાં પડઘાય છે અને કહી જાય છે કે જીવનમાં બધું જ મળે છે, પણ સમય પર કશું મળતું નથી."

# ૫.સંઘર્ષનો સૂર્ય અને સપનાની સાંજ

એક અક્ષરયાત્રા

આ કથા છે એવા એક આત્માની જેણે સમયના વહેણમાં વહી જવાને બદલે, પોતાના માટે એક નવી કેડી કંડારી. આ વાર્તા છે એક એવા બાળકની જેનું બાળપણ ધૂળ અને તડકામાં વીત્યું, પણ તેમની આંખોમાં પુસ્તકોનું તેજ હતું. ૧૬મી માર્ચ, ૧૯૬૬ના દિવસે રાધીવાડની ધરતી પર એક એવા સૂર્યનો ઉદય થયો, જેની રોશની આવનારા વર્ષોમાં સંઘર્ષના વાદળોને વીંધીને આગળ વધવાની હતી. આ માત્ર એક જન્મતારીખ નહોતી, પણ એવા એક યુગનો પ્રારંભ હતો જ્યાં મહેનત અને જ્ઞાનનો સંગમ થવાનો હતો.

"નસીબની લકીરોમાં સંઘર્ષ ભલેને લખાયો હતો,<br>
તોયે હૃદયમાં એક અજાણ્યો શમણો સચવાયો હતો.<br>
સવારે ધૂળ ખંખેરી, રાતે દીવો મેં પ્રગટાવ્યો,<br>
અંધારું તો બસ મારી કેડીને અજવાળવા આવ્યો હતો."

આ ઘરમાં કુલ છ સંતાનો હતા—પાંચ ભાઈઓ અને એક મોટી બહેન. મોટા પરિવારનો ભાર અને જીવનની મૂળભૂત જરૂરિયાતો વચ્ચેની ખેંચતાણ સ્પષ્ટ હતી. વડીલ બહેનનું વાત્સલ્ય, બે મોટા ભાઈઓનો છાંયડો અને બે નાના ભાઈઓની નિર્દોષતા આ સંઘર્ષમય જીવનનો આંતરિક આધારસ્તંભ હતો. આ બાળક માટે બાળપણ એટલે મોજમજા નહીં, પણ

જવાબદારીનું બીજું નામ હતું. ઘરની ગાયો-ભેંસોની સંભાળ અને ખેતરમાં જઈને દિવસભર તેમની દેખરેખ રાખવી—આ જ તેમની પ્રાથમિક શાળા હતી.

બાળપણનું જીવન સંઘર્ષથી ભરેલું હતું. આ સંઘર્ષ એટલે માત્ર આર્થિક તંગી નહીં, પણ પોતાના અસ્તિત્વને ટકાવી રાખવાની જંગ હતી. ખેતરની માટી, ઘાસની સુગંધ અને ઢોરના ગળે બાંધેલી ઘંટડીનો અવાજ—આ તેમના બાળપણનું સંગીત હતું.

"સવારની સફર હતી, ખેતર સુધી જવાનું,
જિંદગીનો પાઠ હતો, ધૂળમાં રમતા શીખવાનું.
હાથમાં લાકડી હતી ને ખભા પર જવાબદારી,
બાળપણ ક્યાં હતું? એ તો સંઘર્ષની હતી તૈયારી."

દિવસની આટલી સખત મહેનત પછી થાક સ્વાભાવિક હતો. સાંજે પાછા આવીને ઘરકાજમાં મદદ કર્યા પછી જ્યારે ઘરના બધા સભ્યો—માતા-પિતા, બહેન અને ભાઈઓ—નીંદરમાં સરી પડતા, ત્યારે આ બાળકની સાચી જાગૃતિ શરૂ થતી. તેઓ અંધકારમાં દીવાની ઝાંખી જ્યોતનો સહારો લેતા. એ દીવો માત્ર પ્રકાશનો સ્ત્રોત નહોતો, તેમની આશાઓનું પ્રતીક હતો. તેમની દૃઢ માન્યતા હતી કે ભલે શરીર માટીમાં રચાચ્યું હોય, પણ મન તો અક્ષરોની દુનિયામાં વિહરવું જોઈએ.

"બધા સૂતા ત્યારે એમના સપના જાગતા હતા,
દીવાની રોશનીમાં ભવિષ્યના રંગો ભળાતા હતા.
થાકેલું શરીર હતું, પણ મન અડીખમ હતું,
કારણ કે અક્ષરોમાં તેઓએ જીવનનું અમૃત ચાખ્યું હતું."

પ્રાથમિક શિક્ષણનું પ્રથમ પગથિયું રાધીવાડ ગામની શાળા હતી. પણ સાચો પડકાર ત્યારે આવ્યો જ્યારે તેમણે માધ્યમિક શિક્ષણ માટે કે.ટી. હાઈસ્કૂલ, ખેડબ્રહ્મા જવાનું નક્કી કર્યું. ખેડબ્રહ્માની આ શાળા તેમના ગામથી પાંચ કિલોમીટર દૂર હતી. દરરોજ પાંચ કિલોમીટર ચાલીને જવાનું અને પાંચ કિલોમીટર પાછા આવવાનું—દરરોજ દસ કિલોમીટરની પગપાળા યાત્રા. વર્ષાઋતુમાં કાદવ-કીચડ, ઉનાળામાં ધોમધખતો તડકો અને શિયાળામાં કડકડતી ઠંડી; પગરખાં વગર ચાલવું એ જાણે પ્રકૃતિ સામેની દૈનિક પરીક્ષા હતી.

"પાંચ કિલોમીટરની પગદંડી ને હૃદયમાં એક અવાજ,
થાક લાગ્યો પગને તોયે મન કહે – ચાલ આજ.
રસ્તો કપરો હતો, પણ મંઝિલ હતી સ્પષ્ટ,
શાળાનું દ્વાર મારું, જ્યાં મળે જ્ઞાનનો તાજ."

આ દૈનિક સંઘર્ષોએ તેમના ચારિત્ર્યનું ઘડતર કર્યું. ઢોરને સાચવવાની જવાબદારીએ તેમને ધીરજ શીખવી, મોડી રાતના વાંચનને એકાગ્રતા આપી અને ગરીબીએ અન્યો પ્રત્યે કરુણા શીખવી. શાળામાં તેઓ હંમેશા ટોચ પર રહેવા પ્રયત્ન કરતા, કારણ કે તે જાણતા હતા કે તેમણે પોતાના શિક્ષણ માટે કેટલો મોટો ભોગ આપ્યો છે.

"ભૂખ હતી પેટમાં ને આંખમાં સપનાની તરસ,
જીવવું હતું શાનથી, નહી કે માત્ર જીવન પાર પાડવા માટે.
કપરો હતો રસ્તો પણ ઈરાદો હતો મક્કમ,
એ સંઘર્ષની આગથી, ચારિત્ર્ય કર્યું સરસ."

ખેડબ્રહ્માની કે.ટી. હાઈસ્કૂલ તેમના માટે માત્ર ઇમારત નહોતી, તે એક મંદિર હતું. સવારના સૂર્યની પ્રથમ કિરણો સાથે તેમની યાત્રા શરૂ થતી અને સાંજે આથમતા સૂરજ સાથે તે પૂર્ણ થતી. તેમના પગમાં ક્યારેય થાકનો અહેસાસ થતો નહીં, કારણ કે મનમાં ભવિષ્યના ઉજ્જવળ સપના હતા.

"સૂર્ય તપે તો શું થયું, તેઓ તડકામાં ટેવાયા છે,
થાકેલા પગમાં તેઓ મંઝિલનો સહારો સેવ્યા છે.
પાંચ કિલોમીટરની રાહ, એ તો એમની પાઠશાળા,
જ્યાં તેઓએ સંઘર્ષની કવિતાના પાના વાંચ્યા છે."

જ્યારે માનવીનું શરીર હાર માની લે છે, ત્યારે તેમની ચેતનાએ બળવો કર્યો. તેમણે વાંચનને પોતાની ઊર્જાનો સ્રોત બનાવ્યો. જો તેઓ પણ અન્ય બાળકોની જેમ રાત્રે સૂઈ ગયા હોત, તો કદાચ આ સંઘર્ષની ગાથા અધૂરી રહી ગઈ હોત. તેમના જીવનમાં સૂર્ય સંઘર્ષ લઈને આવતો, જ્યારે ચંદ્ર શાંતિ અને જ્ઞાન લઈને આવતો.

"કોઈ પૂછે જો એમને કે તમારો ગુરુ કોણ છે?
કહીશ કે રાતનો અંધાર, જે દીવાની શિખાને પૂછે છે.
સંઘર્ષમાં જેણે વાંચ્યું તેનું કિસ્મત ઉઘડે છે,
અક્ષરની આરાધનામાં જ તો જીવનનો સૂરજ ઊગે છે."

રાધીવાડની ધૂળ અને ખેડબ્રહ્માના રસ્તાઓએ તેમને ભવિષ્યના નિર્માણમાં મદદ કરી. ભૌતિક સુવિધાઓની ગેરહાજરીમાં પણ મનની શક્તિ અને દૃઢ

સંકલ્પના બળે તેમણે ઊંચાઈ હાંસલ કરી. હાઈસ્કૂલનું શિક્ષણ પૂર્ણ કરીને આ યુવાને માત્ર ડિગ્રી જ નહીં, પણ સંઘર્ષમાંથી નિપજેલું એક મજબૂત વ્યક્તિત્વ પ્રાપ્ત કર્યું.

"જોયું જગ જેવું હતું, છતાં ફરિયાદ ના કરી,
શબ્દોને શાંત રાખ્યા ને સપનાની શરૂઆત કરી.
આ પંથ કઠિન હતો પણ પ્રભુએ પંખીના પગ આપ્યા,
એ દસ કિલોમીટરની પગદંડી પર જિંદગીની વાત કરી."

વર્ષો વીતતા ગયા અને ૧૬ માર્ચ, ૧૯૬૬ના રોજ જન્મેલા એ બાળકે હવે યુવાનનું રૂપ લીધું. તેમના ચહેરા પર વિજયની નિશાનીઓ હતી. જ્યારે પણ મુશ્કેલી આવે ત્યારે તે બાળપણના એ દ્રશ્યો યાદ કરતા—ઢોર ચરાવવાની શિસ્ત, રાત્રે વાંચવાની જ્ઞાનભૂખ અને દસ કિલોમીટર ચાલવાનું ધૈર્ય. તેમને સમજાયું કે જીવનની સૌથી મોટી કમાણી મુશ્કેલ સમયમાં ટકી રહેવાની તાકાત છે.

"કહે છે લોકો કે તમારું જીવન સંઘર્ષનું ઝાડ હતું,
પણ હું કહું છું કે એ તમારા સંકલ્પનો પહાડ હતું.
હવે જોઉં છું પાછળ તો એક વાત સમજાય છે,
હું કલમનો સૈનિક ને તમારું ભવિષ્ય આઝાદ હતું."

આ યાત્રા એક અનંત પ્રેરણાનો સ્રોત છે. તેમણે સાબિત કર્યું કે મારું મૂળ ક્યાં છે તે મહત્ત્વનું નથી, પણ મારું લક્ષ્ય ક્યાં છે તે મહત્ત્વનું છે. આ કથા અહીં સમાપ્ત થતી નથી, તે તો એક નવી શરૂઆત છે.

"સંઘર્ષના સૂર્યની સાક્ષીએ એમને સપના જોયા હતા,
પ્રકાશના દરેક કિરણમાં એમને અક્ષરો ગોઠવ્યા હતા.
બાળપણના બધા થાકને આજે તેઓ ભૂલી ગયા હતા,
કારણ કે એ થાકે જ તો એમના ભાગ્યના દ્વાર ખોલ્યા હતા."

**"એ જ્ઞાન, એ સંઘર્ષ અને એ દસ કિલોમીટરની યાત્રા—આજે પણ જીવનની સર્વશ્રેષ્ઠ સાબિતી છે."**

# ૬.હિંમતનગરની કોલેજ અને રાજપૂત બોર્ડિંગના સંસ્મરણો

ધોરણ ૧૨ પાસ કર્યા બાદનો આપનો પ્રવાસ માત્ર એક શૈક્ષણિક સફરની સાથે તે જીવન ઘડતરની એક પવિત્ર યાત્રા હતી. જ્યારે તમે હિંમતનગર કોલેજમાં ગુજરાતી અને રાજ્યશાસ્ત્ર જેવા મહત્ત્વના વિષયો સાથે પ્રવેશ લીધો, ત્યારે આપના કુટુંબની વિદ્યા અને વિરાસતની છાયા આપની સાથે હતી. આપના દાદાશ્રી મૂળસિંહ ચૌહાણ, વિસનગર એમ.એન. આર્ટ્સ કોલેજમાં પ્રોફેસર હતા અને આ જ કારણોસર તમને હિંમતનગરની રાજપૂત બોર્ડિંગમાં રહેવાની અમૂલ્ય વ્યવસ્થા પ્રાપ્ત થઈ. આ માત્ર એક રહેઠાણની સાથે સંસ્કાર અને સહકારનું કેન્દ્ર હતું. આ સમયગાળો તમારા વ્યક્તિત્વના વિકાસની પાયાની ઈંટ સાબિત થયો, જ્યાં સાદગી, મહેનત અને મિત્રતાનો ત્રિવેણી સંગમ થયો.

"ગામથી આવીને શહેરની ધૂળ ચાટી ત્યારે થયું,
બોર્ડિંગનો એ ખૂણો જાણે કોઈ મંદિરનું દ્વાર હતું.
ગરીબીમાં જીવ્યો પણ સંતોષથી સંતૃપ્ત હતો,
દાદાની છાયામાં મળેલો આશરો, એ જ તો અમારો સંસાર હતો."

રાજપૂત બોર્ડિંગ નામમાં ભલે 'રાજપૂત' હોય, પરંતુ તેની સાચી ઓળખ સાદગી અને શિસ્તથી હતી. ભવ્યતાને બદલે અહીં આત્મીયતાનો વાસ હતો. પ્રોફેસર મૂળસિંહ ચૌહાણના નામે મળેલી આ જગ્યા આપના માટે એક મોટું સન્માન અને જવાબદારી લઈને આવી હતી. અહીંનું વાતાવરણ

એવું હતું કે જાણે પરિવારના વડીલોની છત્રછાયામાં અભ્યાસ થઈ રહ્યો હોય. આ બોર્ડિંગના જીવનમાં આપના વતનના મિત્ર શ્રી કપિલકુમાર હર્ષદરાય ઉપાધ્યાયનો સાથ મળ્યો. કપિલકુમારનો સહવાસ એવો હતો કે ભણતરનો બોજ પણ હળવો થઈ જતો. રૂમની નાનકડી જગ્યા, રાત્રે જાગીને કરેલો અભ્યાસ અને એકબીજાની મુશ્કેલીઓમાં સહાયરૂપ થવાની ભાવના આ મિત્રતાને અજોડ બનાવે છે.

"સાથે રહીને પુસ્તકોના પાના અમે ફેરવ્યા હતા,
નાની રૂમમાં ભવિષ્યના મોટા મહેલ સેવ્યા હતા.
મિત્રતાની એ હૂંફમાં ઠંડી રાતો પણ હૂંફાળી લાગતી,
સંઘર્ષના એ દિવસોમાં જ અમે સાચા માણસ કેળવ્યા હતા."

બોર્ડિંગના ભોજનની વાત કરીએ તો તે ક્યારેય પકવાનની વ્યાખ્યામાં આવતું નહોતું, પણ તે ભૂખ સંતોષવાની ગરજ ચોક્કસ સારતું હતું. સવારે બાજરાનો રોટલો અને છાશ, બપોરે સાદું શાક-રોટલી અને રાત્રે દાળ-ભાત. આ ભોજનમાં સ્વાદ ભલે ઓછો હતો, પણ તેના દરેક કોળિયામાં શ્રમ અને સાદગીનો સંતોષ હતો. બધા મિત્રો એકસાથે બેસીને પોતાના ઘરની યાદો વાગોળતા અને આવતીકાલના સપના જોતા. આ જમણવારમાં જ ક્યારેક રાજ્યશાસ્ત્રના અઘરા મુદ્દાઓ પર ચર્ચા થતી, તો ક્યારેક ગુજરાતી સાહિત્યની રસપ્રદ વાતો.

"એ ભોજન ક્યાં હતું? એ તો હતો સંઘર્ષનો સાચો સ્વાદ,
દરેક કોળિયાએ શીખવ્યો કે જીવનમાં સંતોષ જ છે આશીર્વાદ.
રોટલીની કડક ધાર ને એ છાશની તાજગી આજેય યાદ છે,

કારણ કે એમાં મમતા નહોતી પણ કંઈક કરી છૂટવાની ખેવના છે."

હિંમતનગર કોલેજમાં ગુજરાતી અને રાજ્યશાસ્ત્ર વિષયની તમારી પસંદગી દર્શાવે છે કે તમને સાહિત્યની સંવેદનશીલતા અને શાસનના સિદ્ધાંતોમાં ઊંડો રસ હતો. ગુજરાતીના વર્ગોમાં તમે શબ્દોની શક્તિને ઓળખી અને સંવેદનાઓને કાગળ પર ઉતારતા શીખ્યા. બીજી તરફ, રાજ્યશાસ્ત્રના વર્ગોમાં લોકશાહી અને બંધારણનું જ્ઞાન મેળવ્યું, જેણે તમને એક જવાબદાર નાગરિક અને કુશળ શિક્ષક બનાવવામાં મદદ કરી.

"કોલેજની કમાલ હતી ને પુસ્તકોની વિરાટ વાત હતી,
ગુજરાતીનું ગૌરવ ને રાજ્યશાસ્ત્રની પંચાત હતી.
બોર્ડિંગના રાતવાસોમાં જે સપનાઓ સેવ્યા હતા,
એ જ જ્ઞાનની જ્યોત આજે આખા પરિવારની સોગાત હતી."

આપના કોલેજ જીવનના આ તબક્કા દરમિયાન જીવનનો એક અત્યંત મહત્ત્વનો અને પવિત્ર પ્રસંગ—તમારી સગાઈ સંપન્ન થઈ. અભ્યાસની ધમાલ વચ્ચે આ અંગત જીવનનો મોડ એક નવી આશા અને ઉમંગ લઈને આવ્યો. કોલેજના યુવાન અને મહત્ત્વાકાંક્ષી વિદ્યાર્થી તરીકે આ ઘટનાએ તમારા જીવનમાં સ્થિરતા અને નવી જવાબદારીની ભાવનાનો સંચાર કર્યો. આ પ્રસંગે સાબિત કર્યું કે તમે હવે માત્ર વિદ્યાર્થી નથી, પણ જીવનના નવા તબક્કા તરફ પ્રયાણ કરી રહ્યા છો.

"એક હાથમાં ડિગ્રીનું સપનું ને બીજામાં જીવનભરનો સાથ હતો,
સગાઈના એ શુકનમાં વિધાતાનો પણ કદાચ હાથ હતો.
પુસ્તકોના ભારણ વચ્ચે એ વચનનું બંધન મીઠું લાગ્યું,
જવાબદારીનો એ અહેસાસ જ જિંદગીનો અસલ પાઠ હતો."

આપનો હિંમતનગરનો કોલેજકાળ સાદગી, સંઘર્ષ અને સિદ્ધિની ગાથા છે. રાજપૂત બોર્ડિંગનું સાદું જીવન, દાદાશ્રીની વિરાસત, કપિલકુમાર જેવા મિત્રનો નિષ્ઠાવાન સાથ અને યુવાન વયે જ સગાઈની જવાબદારી—આ બધું મળીને તમારા વ્યક્તિત્વને એક આગવી ઓળખ આપે છે. તમે શીખ્યા છો કે સફળતાનો માર્ગ મહેલમાંથી નહીં, પણ બોર્ડિંગના સાધારણ રૂમમાંથી પણ પસાર થઈ શકે છે.

"જે બોર્ડિંગની ભીંતોમાં અમે સપના હતા વાવ્યા,
એ જ મિત્રોના સાથથી જીવનના મર્મ હતા પામ્યા.
વિદાય લીધી ત્યાંથી પણ યાદો આજેય હૃદયમાં તાજી છે,

**"આપની એ પવિત્ર સફર અમારા સૌ માટે એક પ્રેરણા સ્વરૂપ છે".**

# ૭.પરીક્ષા એક સંઘર્ષની કથા

આ સવાર કોઈ સામાન્ય સવાર નહોતી,તે એક યુગનું સમાપન અને બીજા યુગનો આરંભ હતી.આ દિવસે,એક યુવાન તેના જીવનની સૌથી મોટી બે ઘટનાઓની વચ્ચે ઊભો હતો.એક તરફ,ભવિષ્યનો પાયો ગણાતી કોલેજ ડિગ્રીનું અંતિમ, નિર્ણાયક યુનિવર્સિટી પેપર.બીજી તરફ,તેમના નવા જીવનની શરૂઆત.એકવીસ વર્ષના એ યુવક માટે ૧૯૮૬ નું વર્ષ યુગો જેવું લંબાઈ ગયું હતું.એ માત્ર વર્ષ નહોતું,તે તો સમયની એવી કસોટી હતી,જેણે ભવિષ્ય અને વર્તમાનને એક જ ત્રાજવે મૂકી દીધાં હતાં.એ યુગની એ કેવી અણસમજણ ભરી વ્યવસ્થા હતી કે જીવનની સૌથી મોટી કસોટી ભવિષ્યનો પાયો નાખનારી ડિગ્રીની પરીક્ષા અને જીવનનો સૌથી મોટો ઉત્સવ તેમના લગ્ન એક જ દિવસે આવીને ઊભા રહી ગયા હતા! આકાશમાં સૂર્ય હજી પૂરો તપ્યો નહોતો,પણ ઘરના આંગણે ઉત્સવનો માહોલ ચરમસીમા પર હતો.ઢોલ વાગી રહ્યા હતા,પણ એ ઢોલના અવાજમાં તેમને કોઈ ખુશીનો સુર સંભળાતો નહોતો.તેમના માટે તો એ અવાજમાં એક અસહ્ય બેસૂરાપણું હતું,જાણે કે કોઈ અનિશ્ચિતતાનું નગારું વાગી રહ્યું હોય.ઉત્સવનું ચાદર ઓઢીને આંગણું ઊભું હતું, પણ એ ચાદરની નીચે તેમના મનમાં ભય અને ચિંતાનો અંધકાર છવાયેલો હતો. તેમના પોતાનાં લગ્ન.ઘરમાં ઉત્સવનો માહોલ હતો,પણ હવામાં એક તંગ મૌન હતું.બહાર રંગબેરંગી રોશની,ફૂલોની સુગંધ અને વરઘોડા માટે તૈયાર બેન્ડની વાંસળીઓ શાંત હતી,જાણે બધા જ તે યુવાનની રાહ જોઈ રહ્યા હોય.તેઓ એક રૂમમાં, શેરવાની નહીં પણ સફેદ શર્ટ અને ફોર્મલ પેન્ટમાં

તૈયાર હતા.તેમના હાથમાં લગ્નની કટાર ને બદલે હાથ મા પુસ્તક હતુ અને હૃદયમાં જાન જોડવાના ઉત્સાહને બદલે પરીક્ષાની ગંભીર ચિંતા હતી.પત્નીની રાહ જોતી માતા સવારની ભગવાન ની પૂજા પૂરી કરીને ઘરમાં આવ્યાં. તેમની આંખોમાં ગર્વ અને વેદના બંને હતાં.તેમણે કહ્યું ન હતું,પણ તે જાણતા હતા કે આ લગ્નની તારીખ ઘણા સમય પહેલાં નીકાળી હતી,યુનિવર્સિટીના અનિશ્ચિત શેડ્યૂલની જાણ વગર નક્કી થઈ હતી.જ્યારે તારીખની અથડામણ થઈ,ત્યારે પરિવારે લગ્ન મોકૂફ રાખવાનું સૂચવ્યું,પણ તેમણે મક્કમતાથી ના પાડી.તેમણે કહ્યું હતું, "મારા શિક્ષણનો સંઘર્ષ મારા લગ્નના ઉજવણીના દિવસ સુધી લંબાયો છે. જો હું આજે બંને ફરજોમાંથી કોઈ એક ચૂકીશ,તો જીવનભર તે ભાર રહેશે.મારા સપનાઓને સન્માન આપવાનો આ જ દિવસ છે." માતાએ તેમના કપાળે તિલક કર્યું, ભીની આંખે આશીર્વાદ આપ્યા: "જઈ આવો,બેટા.તમારી મહેનત અને તમારી નીતિ જ તમારું ભાગ્ય નક્કી કરશે.યાદ રાખજો,તમારો વરઘોડો દુનિયા માટે આજે શરૂ થશે, પણ તમારી કલમે આજે જે લખાશે, તે તમારા સંઘર્ષનું સન્માન હશે." એક ઝડપી નાસ્તો કરીને,વરરાજા તેમના કુટુંબ ના એક ભાઈ સાથે યુનિવર્સિટી તરફ દોડી ગયા.રસ્તામાં,અન્ય વરરાજાઓની જેમ કોઈ બેન્ડ-બાજા કે ફુલહાર નહોતા,પણ મગજમાં છેલ્લી રાતે વાંચેલા 'ગુજરાતી સાહિત્યના વિવેચનાત્મક સિદ્ધાંતો'નું ઘમાસણ ચાલતું હતું.

યુનિવર્સિટી કેમ્પસમાં શાંતિ હતી. અન્ય વિદ્યાર્થીઓ પરીક્ષાના તણાવમાં ડૂબેલા હતા.તેઓ પરીક્ષા ખંડમાં દાખલ થયા.સુપરવાઇઝરે તેમને જોઈને સ્મિત કર્યું, કારણ કે તેમને ખબર હતી કે આ વિદ્યાર્થી આજે બે જગ્યા પર લડી રહ્યો છે. જ્યારે પેપર હાથમાં આવ્યું,વિષય હતો ‘ગુજરાતી સાહિત્યનું

વિવેચનાત્મક વિશ્લેષણ.' તેમના માટે,આ માત્ર એક શૈક્ષણિક વિષય નહોતો.તે તેમના વીતેલા ત્રણ વર્ષના જીવનના સંચાલનનું પ્રતિબિંબ હતું. પ્રશ્નપત્રમાં ચાર મુખ્ય વિભાગો હતા. તેમણે નક્કી કર્યું કે આજે તેઓ માત્ર પુસ્તકિયું જ્ઞાન નહીં,પણ તેમના જીવનના અનુભવોને સાહિત્યિક દૃષ્ટિકોણથી રજૂ કરશે.તેમની કલમમાંથી નીકળેલો દરેક શબ્દ, તેમના સંઘર્ષની કથા હતી.

તેમણે કલમ પકડી અને પેપરના પ્રથમ પાના પર તેમના જીવનના સંઘર્ષને 'સમય અને કલા'ના દાર્શનિક મૂલ્ય સાથે જોડ્યો."સાહિત્યમાં સમયનું ચિત્રણ એ માત્ર ઘટનાઓનો ક્રમ નથી,પણ પાત્રના આંતરિક સંઘર્ષનો 'નિર્ણાયક ક્ષણ' છે.એમના જીવનમાં, આ ત્રણ વર્ષનો સંઘર્ષ એ એમના જીવનના કાવ્યનો 'કઠિન સમય' હતો.સમયનું કાવ્યમય મૂલ્ય: એમને શિક્ષણના દરેક કલાકને એક 'જરૂરી કલા' તરીકે જોયો. પરિવારની જવાબદારી નિભાવ્યા પછી રાત્રે અભ્યાસ કરવો,તે માત્ર જાગરણ નહોતું,પણ સમયના અંધકારમાં જ્ઞાનના દીવાને પ્રગટાવવાની એક કલાત્મક ક્રિયા હતી.મોટુ પરીવાર અને આર્થિક મુશ્કેલીઓ આ બધા 'પૃષ્ઠભૂમિ'ના પાત્રો હતા,જેણે એમના જીવનના વ્યક્તિત્વ ને મજબૂત બનાવ્યો.જ્યારે સંસાધનની અછત હોય છે,ત્યારે કલાકારની જેમ,જીવનના દરેક ક્ષણનું મૂલ્ય સમજવું પડે છે.આત્મ-શિસ્તનું દર્શન:મારી અને મારા પરિવારની 'મર્યાદિત ખર્ચ'ની નીતિ એ ગાંધીજીના 'અપરિગ્રહ'ના સિદ્ધાંત જેવી હતી—જરૂરિયાત કરતાં વધુનો સંગ્રહ નહીં.એમનુ શિક્ષણ પ્રત્યેનું સમર્પણ નાનપણથી જ હતું. હિંમતનગરમાં આવેલી રાજપૂત બોડિંગમાં ત્રણ વર્ષ વિતાવીને, એમને શિસ્ત અને સંઘર્ષ સાથે જીવવાનું શીખ્યું,જે એમના જીવનના પ્રોજેક્ટ માટેનું સૌથી મોટું 'બલિદાન' હતું. મનગમતા

કાર્યો કરીને ખુશ થવું એ એમનામાં ન હતું એમને તો સંઘર્ષ કરીને પરિવારને ખુશ જોવામાં અણધાર્યો અભિગમ હતો.આજે, એમના લગ્ન અને પેપરની અથડામણ એ જીવનના આ કાવ્યની 'સર્વોચ્ચ કસોટી' છે.આ સંઘર્ષમાં,એમને સમયને એક શસ્ત્ર તરીકે વાપર્યો છે.કોઈ આળસ નહીં, કોઈ વિરામ નહીં.આ જ સાચા સંસ્કારી માણસની ઓળખ છે."

તેમણે ગુણવત્તાના પ્રશ્નને તેમના ત્રણ વર્ષના ભણતરની નિષ્ઠા સાથે જોડ્યો."ગુજરાતી સાહિત્યમાં 'બલિદાન'નું નિરૂપણ એ માનવજીવનના સૌંદર્યલક્ષી મૂલ્યને પ્રગટ કરે છે.એમના જીવનના પ્રોજેક્ટમાં, 'જવાબદેહી' એમના સંકલ્પનું પ્રતિબિંબ છે,જ્યારે 'નિયંત્રણ' યુનિવર્સિટીના નિયમોનું પાલન છે.

બલિદાનનું સૌંદર્ય:એમના જીવનમાં જવાબદેહી એ હતી કે,ભલે એમને દિવસ દરમિયાન મજૂરી કરવી પડે કે રાત્રે જાગવું પડે,પણ કોલેજમાં હું ક્યારેય પાછળ નહીં રહું. ક્લાસમાં નિયમિત હાજરી,પ્રોફેસરોના પ્રશ્નોના જવાબો આપવા અને દરેક અસાઇનમેન્ટને શ્રેષ્ઠ રીતે પૂર્ણ કરવું આ એમનુ આત્મ-નિયંત્રણ હતું.મારે માત્ર પાસ નથી થવું,મારે જ્ઞાન મેળવવું છે.મારી આર્થિક પરિસ્થિતિ મારા જ્ઞાનની ગુણવત્તાને ક્યારેય અસર ન કરે,તે જોવું એજ એમનુ આત્મ-અંકુશ હતું. જર્જરિત જૂના મકાનમાંથી નીકળીને યુનિવર્સિટીના આધુનિક કેમ્પસમાં આવવું એ દરેક વખતે એમને યાદ અપાવવા જેવું હતું કે 'હું શ્રેષ્ઠ માટે લાયક છું'.

કામને બારીકીથી પૂર્ણ કરવું, અને નિષ્ઠાવાન  પુત્ર તો તે હતા જ પણ હવે એક પતિ બનવાની સફરમાં હતા જે ક્ષણ ખૂબ નજીક હતી.

યુનિવર્સિટીની પરીક્ષાઓ અને આજનું આ અંતિમ પેપર એ નિયંત્રણની પ્રક્રિયા છે.આ પ્રક્રિયા દ્વારા,પરિવાર દ્વારા કરેલા તમામ રોકાણનું મૂલ્યાંકન થશે.જો હું સારા ગ્રેડ્સ સાથે પાસ નહીં થાઉં, તો પિતાની મહેનત અને માતાના બલિદાનની ગુણવત્તા પર પ્રશ્ન ઊભો થશે. આ સંઘર્ષે એમને શીખવ્યું કે ગુણવત્તા એ માત્ર સંસાધનોની ઉપલબ્ધતા પર નહીં,પણ સંકલ્પની મજબૂતી પર આધાર રાખે છે. આજના પેપરમાં તેઓ જે લખી રહ્યા છે, તે આ ત્રણ વર્ષના સંઘર્ષનો, ક્યારેય હાર ન માનવાના તેમના સંકલ્પનો 'અંતિમ અહેવાલ' છે."

આ પ્રશ્નનો જવાબ તેમણે પોતાના લગ્ન અને કારકિર્દીના જોખમને એક સાથે જોડીને આપ્યો."સાહિત્યમાં 'દ્વિધા' એ પાત્રને નિર્ણાયક મોડ પર મૂકનાર તત્વ છે.જીવનના પ્રોજેક્ટમાં સૌથી મોટું 'જોખમ' એ હતું જ્યારે એમના જીવન ની બે સૌથી મહત્વપૂર્ણ ઘટનાઓ એક જ સમયે અથડાઈ. આજે સવારે હતી—જ્યાં લગ્નની શરૂઆત અને પરીક્ષાનો અંત એક જ બિંદુ પર ભેગા થયા.

જો તેઓ પરીક્ષામાં ન આવ્યા હોત, તો ડિગ્રી અધૂરી રહેત (સૌથી મોટું જોખમ).જો તેઓ લગ્નના સમયે ન પહોંચ્યા,તો પરિવારનું માન અને એમની પ્રતિષ્ઠા જોખમાત.આ જોખમનું વ્યવસ્થાપન કરવા માટે એમને બે સ્તરનો અભિગમ અપનાવ્યો.

પેપરને પૂરું કરવા માટે તમામ તૈયારીઓ કરી.રાત્રે ત્રણ વાગ્યા સુધી જાગીને વાંચન કર્યું. વરઘોડો પરીક્ષા પૂરી થયાના ૨ કલાક પછી શરૂ થાય તેવી વ્યવસ્થા કરી.લગ્નની આગળની રાતે તેઓ તેમના મિત્રો અને

પરિવાર સાથે હસી-ખુશીનો સમય વિતાવી શક્યા હોત. તેના બદલે,તેઓ એ સમયનો ભોગ આપીને એમના પુસ્તકોને સમય આપ્યો.આ તકનો ખર્ચ એ એમની આત્મ-શિસ્તનું પ્રમાણપત્ર છે,જે દર્શાવે છે કે હું ત્વરિત આનંદને બદલે સ્થિર ભવિષ્યને પ્રાધાન્ય આપું છું. આજે મારી કલમ જે સંઘર્ષની કથા લખી રહી છે,તે એમના જીવનના દરેક નિર્ણાયક મોડ પરના 'તક ખર્ચ'નું વિશ્લેષણ છે."અંતિમ પ્રશ્ન પર તેમણે પોતાની જાતને એક સફળ જીવન-કથાકાર તરીકે સ્થાપિત કર્યા. "ગુજરાતી સાહિત્યમાં આત્મકથાત્મક શૈલીમાં જીવનના 'સત્ય'ની રજૂઆત મહત્ત્વની છે.. જ્યારે હું થાકી જતો, ત્યારે મારા પિતાની શાંતિ અને માતાની હિંમત મને નિયંત્રણ આપતી હતી.ત્રણ વર્ષના આ સંઘર્ષમાં,ગરીબી,થાક અને નસીબની અનિશ્ચિતતાનો સામનો કર્યો છે,પણ અભ્યાસ ક્યારેય ન છોડ્યો.આજે, લગ્નના દિવસે પણ પરીક્ષા આપવાની સહનશક્તિ જ એમનુ સૌથી મોટું શસ્ત્ર હતુ.

મહેમાનો,સગા-સંબંધીઓ,જાનૈયાઓ.સૌ તૈયાર હતા.દરેકના ચહેરા પર એક જ સવાલ તરવરતો હતો:વરઘોડો ક્યારે નીકળશે? પણ જે વ્યક્તિએ વરરાજા બનીને ઘોડી પર સવાર થવાનું હતું, તેઓ તો કોલેજના એક શાંત,ભયભીત ખંડમાં બેઠા હતા.એ ખંડ શાંત નહોતો,તે તો તેમના ભવિષ્યની સવારીનો એક ખંડ હતો.તેઓ પેન પકડીને બેઠા હતા, પણ તેમના હાથ પરીક્ષાના પ્રવેશપત્રની જેમ ધ્રૂજી રહ્યા હતા. તેમના ખિસ્સામાં માત્ર એ પ્રવેશપત્રનું કાગળ હતું,પણ મનમાં હજારો કિલો વજનની જવાબદારી.દરેક શબ્દ, દરેક જવાબ તેમના માટે માત્ર માર્કસ નહોતા,પણ તે આવનારી પત્ની માટે સુરક્ષિત ભવિષ્યનું વચન હતું.

માતાનું હૃદય તો જાણે લોલકની જેમ લગ્નમંડપ અને પરીક્ષાખંડ વચ્ચે ઝૂલતું હતું. એક બાજુ દીકરાના લગ્નની ખુશી, જે હજારો સપના સાથે જોડાયેલી હતી, અને બીજી બાજુ સમાજની ચિંતા—'વરઘોડો મોડો થશે તો લોકો શું કહેશે?' ઘરના મોભીએ તેમને મોડે સુધી આવવાનું કહી દીધું હતું, પણ ઘડિયાળના કાંટા કોઈના કહ્યામાં નહોતા. દરેક ક્ષણ એક યુગ જેટલી ભારે લાગતી હતી.તેમના દરેક શ્વાસની ગણતરી સમયના કાંટા સાથે થતી હતી. ઘરમાં, અંદરના ખંડમાં, નવવધૂ...જેને આ ઘરનું માન મળવાનું હતું, તે પણ ચૂપચાપ બેઠી હતી.તેમના હાથમાં મહેંદીની ભાત હતી અને હૃદયમાં અનિશ્ચિતતાની કારીગરી.તેમના સંસારની શરૂઆત જ એક લાંબી પ્રતીક્ષાથી થવાની હતી,જાણે આ સંઘર્ષની શરૂઆતનું પહેલું કદમ હોય.એક સ્ત્રીએ લગ્નના દિવસે પોતાના પતિની રાહ જોવી, એ પ્રતીક્ષા નહોતી,પણ આવનારા જીવનની ધીરજની પહેલી કસોટી હતી.તેઓ,પરીક્ષા ખંડમાં બેઠા, જવાબ લખી રહ્યા હતા.પણ તેમના મગજમાં ગુજરાતી ના જવાબો નહીં, પણ બસના સમયપત્રક અને ઘોડી પર બેસવાનો સમય ગણાતો હતો. તેમણે પોતાની જાતને સમજાવી, અને એ શબ્દો લોખંડી નિર્ધાર બનીને તેમના મનમાં ઘૂમરાયા: 'જો આ પેપર પૂરું નહીં થાય, તો આવનારું આખું જીવન પેપર આપ્યા વગરના પસ્તાવામાં વીતી જશે. સંસાર તો પછી પણ ચાલી જશે, પણ આ ડિગ્રી એ સંસારનો પાયો છે, આત્મસન્માનની ઈમારત છે.' તેમણે પેન વધુ જોરથી પકડી. પણ દરેક મિનિટ સાથે તેમના ગળામાં ડૂમો ભરાતો જતો હતો.

વરઘોડો અને પેપર એક સાથે નિભાવી શકાય તેનું વ્યવહારુ આયોજન જ એમના સંચાલનની સફળતાનો પુરાવો છે.આ પેપરનો અંત એ માત્ર

ડિગ્રીના પ્રોજેક્ટનો ઉપસંહાર નથી,પણ એક યુવાનના સંઘર્ષમય જીવનનો ઉપસંહાર છે. આ ડિગ્રી એ માત્ર એક કાગળનો ટુકડો નહીં,પણ પરિવારને આપેલું વચન છે. યુનિવર્સિટીને ની પરીક્ષા તેઓ એ જીવનના પ્રોજેક્ટને માત્ર પૂરું નથી કર્યું,પણ તેને સફળતા અને નિષ્ઠાની સર્વોચ્ચ ગુણવત્તા સાથે પૂર્ણ કર્યું છે.આ પેપર લખીને,તેઓ એક જવાબદાર નાગરિક,એક શિક્ષિત પુત્ર,અને એક મહત્વાકાંક્ષી વરરાજા તરીકે,હવે એમના નવા જીવનના મહાન પ્રોજેક્ટની શરૂઆત કરવા માટે તૈયાર થઈ રહ્યા હતા.આ કથા, એમના જીવનનો સૌથી મોટો અને સૌથી ધારદાર 'કેસ સ્ટડી' છે.
સમય સમાપ્ત થયો. તેમણે તેમના અંતિમ શબ્દો સાથે પેપરને પૂર્ણ કર્યું અને સંતોષની એક ઊંડો શ્વાસ લીધો.નિરીક્ષકે પેપર લીધું.તે ઉત્તરવહી સામાન્ય નહોતી; તે એક સત્યકથા હતી,જેમાં જીવનના પ્રોજેક્ટ્સને સિદ્ધાંતોના માળખામાં સચોટ રીતે વણી લેવામાં આવ્યા હતા.ખંડમાંથી બહાર આવતાં જ, બધું જ બદલાઈ ગયું.

પરીક્ષા પૂરી થઈ, અને તેઓ હાંફતા શ્વાસે બહાર નીકળ્યા. તેમનું શરીર થાકેલું હતું, પણ મન અકબંધ હતું. તેમણે એકસાથે બે જંગ જીત્યા હતા.શિક્ષણનો જંગ, જે ભવિષ્યનું વચન હતું, અને સમયનો જંગ,જે વર્તમાનની મર્યાદા હતી.જ્યારે તેઓ ઘરે પહોંચ્યા,ત્યારે સૂર્યનો આક્રોશ ઘટી ગયો હતો, પણ મહેમાનોનો ક્રોધ અને થાક સ્પષ્ટ દેખાતા હતા. કોઈએ ફરિયાદ ન કરી, પણ ત્યાંનું મૌન, દરેક ફરિયાદ કરતાં વધુ જોરથી બોલતું હતું. તેમણે ઝડપથી તૈયારી કરી, અને જ્યારે તેઓ ઘોડી પર સવાર થયા, ત્યારે લાગ્યું કે તેઓ કોઈ વરરાજા નહીં, પણ હમણાં જ કોઈ

મહાયુદ્ધ જીતીને આવ્યા હોય તેવા યોદ્ધા છે. તેમના માથે પહેરેલો સાફો તેમના વિજયનો તાજ નહોતો,પણ એક કઠોર શપથનો બોજ હતો.

યુનિવર્સિટીની ગંભીરતાથી લગ્નની ઉજવણીના ઉત્સાહમાં આટલો ઝડપી પલટો—આ જ તેમના જીવનની સાચી કથા હતી. જ્યારે વરઘોડો તેમના ઘરેથી શરૂ થયો, ત્યારે ઢોલ-નગારાના અવાજમાં એક અનોખી ધૂન હતી. તે ધૂન માત્ર લગ્નની ખુશીની નહોતી, પણ એક સંઘર્ષના વિજયની હતી, એક એવી યુનિવર્સિટી પરીક્ષાની, જેમાં વરરાજાએ પોતાનું આખું જીવન, ધારદાર રજૂઆત સાથે, ઉત્તરવહીમાં લખી દીધું હતું. આ વિજય માત્ર ડિગ્રીનો નહોતો, પણ ફરજ અને સપનાને એક જ દિવસે સાકાર કરવાનો હતો.

**"સામાન્ય સંજોગોમાં માણસ હારી જાય છે પણ આ માણસે કપરી પરિસ્થિતિમાં પણ ધૈર્ય ન છોડ્યું."**

# ૮.લગ્નજીવન

વરઘોડાથી વિદાય સુધી બપોરના ઉત્સાહનો સમય ક્યારનોય વીતી ચૂક્યો હતો અને રાતના પ્રથમ પ્રહરમાં,થાકેલો અને વિલંબિત વરઘોડો ધીમે ધીમે કન્યાના આંગણે પહોંચ્યો.

"શરણાઈના સૂર પણ આજે જાણે થાકેલા લાગતા હતા,
ખુશીના ગીતોમાં પણ વિરહના સુર જાગતા હતા.
વરરાજાના વેશે કોઈ યોદ્ધા આવ્યો હોય એવો ભાસ હતો,
આજે મિલન ઓછું ને સંઘર્ષનો અહેસાસ ખાસ હતો."

આ યુદ્ધ જીતીને આવેલા એક થાકેલા યોદ્ધાની ગંભીરતા હતી.જાનૈયાઓ પણ વિલંબથી કંટાળીને મૌન થઈ ગયા હતા... કન્યાના પક્ષના આંગણે કોઈ ફરિયાદ નહોતી, માત્ર એક ગહન મૌન હતું: 'અમે તેમના સંઘર્ષને સમજીએ છીએ, પણ અમારું હૃદય રાહ જોઈને થાકી ગયું છે.'

મંડપમાં,દીવાઓનો પ્રકાશ અને યજ્ઞનો ધુમાડો વાતાવરણને પવિત્રતા અર્પી રહ્યા હતા,પણ તેમને અગ્નિની જ્યોતમાં તેમના આવનારા સંઘર્ષની જ્વાળાઓ દેખાતી હતી.હવે, કન્યાનું આગમન થયું. તેમણે ભારે લાલ સાડી પહેરી હતી... તેમણે નીચું જોઈને ધીમે પગલે મંડપમાં પ્રવેશ કર્યો, તેમના પગલાંમાં કોઈ ડર નહોતો, માત્ર એક મક્કમ સ્વીકૃતિ હતી કે તેમનું જીવન હવે ગરીબી સામેના મહાયુદ્ધમાં એક સૈનિક બનવા જઈ રહ્યું છે. જ્યારે તે

બંનેએ પહેલીવાર એકબીજાને જોયા, ત્યારે એ નજરમાં કોઈ પ્રેમની ભાષા નહોતી, માત્ર સમજણ હતી: 'આપણે એકબીજાના સંઘર્ષના સાથી છીએ, સુખના નહીં.'અને પછી, એ કરુણ ક્ષણ આવી—કન્યાદાન.કન્યાના પૂજ્ય પિતાનું હૃદય આ ક્ષણ માટે તૂટી રહ્યું હતું. તેમના હાથ ધ્રૂજી રહ્યા હતા. તેમણે પોતાની દીકરીનો નાનકડો હાથ યુવકના મજબૂત હાથમાં સોંપ્યો. આ માત્ર કન્યાનું દાન નહોતું; આ તો ગરીબી સામેના બલિદાનની આહુતિ હતી. પિતાના આંસુ ગળામાં જ થીજી ગયા હતા.તેમણે પોતાના ધ્રૂજતા હાથથી દીકરીનો હાથ યુવકના હાથમાં મૂક્યો અને માત્ર ધ્રૂજતા અવાજે એટલું જ કહી શક્યા: "આ અમારી સૌથી મોટી દીકરી છે, યુવક. તેના સંઘર્ષમાં ક્યારેય તેને એકલી ન છોડતા. આનો ખ્યાલ રાખજો... તેમના મનનો ખ્યાલ રાખજો..." એ ક્ષણે, કન્યાએ, તેણે પોતાના પિતાના ચહેરા તરફ જોયું. એ ચહેરો અઢાર વર્ષના બલિદાનની કઠોર રેખાઓથી ભરેલો હતો. તેમણે તેના પિતાનો હાથ પકડીને મૌનથી વચન આપ્યું: 'તેમણે જે બલિદાન આપ્યું છે, તે હું ક્યારેય વ્યર્થ નહીં જવા દઉં.'

સપ્તપદીની વિધિ શરૂ થઈ. અગ્નિની પ્રદક્ષિણા થતી હતી. કન્યાના પગલાં જ્યારે પાછળ હટતા અને યુવકના પગલાં સાથે આગળ વધતા, ત્યારે એ માત્ર ફેરા નહોતા, એ તો તેમના બાળપણને પાછળ છોડીને તેમના સંઘર્ષભર્યા ભવિષ્ય તરફનું અનિવાર્ય પ્રયાણ હતું. તેઓ બંનેના મનમાં એક જ મક્કમ નિર્ધાર હતો કે આ લગ્ન સુખ માટે નહીં, પણ દુઃખના અંત માટે કરવામાં આવ્યું છે.અને પછી, વિદાયની કરુણ ઘડી આવી. કન્યા ઊઠી બે નાની બહેનો અને નાનકડો ભાઈ વળગી પડ્યા. સૌથી નાની બહેન રડી નહોતી શકતી,પણ તેના નિર્દોષ સવાલ હતા: "બહેન, તું પાછી આવીશ ને?" આ સવાલ સાંભળીને કન્યાનું હૃદય ચૂર ચૂર

થઈ ગયું. વચલી બહેન ધ્રુસકે ધ્રુસકે રડતી હતી,તેને ખબર હતી કે ઘરનો આધારસ્તંભ તૂટી રહ્યો છે. નાનકડો ભાઈ મૌન હતો, પણ તેણે તેની સાડીનો પાલવ પકડી રાખ્યો હતો. કન્યાએ ઉંબરા પર છેલ્લી વાર પાછળ ફરીને જોયું.પોતાના ઘર જે આજે તેને મહેલ કરતાં પણ વધુ પવિત્ર લાગતો હતો, તે આજે તેનાથી છૂટી રહ્યો હતો.

દીકરી માટે ક્યારેય પોતાનું કોઈ ઘર હોતું નથી ,જન્મથીજ તેના માટે એક કહેવત છે "દીકરી પારકી થાપણ છે" .....
કેટલા અંશે આ વાત સાચી છે...
દીકરીને જે પોતાનાપણું પિતા નાં ઘરે હોય તે ક્યારેય સાસરિયામાં નથી હોતું. આ એક કઠિન વાત્વિક્તા છે જે સમાજને સ્વીકારતા ખૂબ જ સમય માંગી લેશે

ઉંબરા પર ઊભા રહી, જ્યારે તેણે ફેંક્યા છે ચોખા,ત્યારે પિયરના આશીર્વાદ, ક્યારેય નથી બન્યા ઓખા.તે દીકરી બનીને ગઈ, પણ લક્ષ્મી બનીને આવી,તેના જવાથી છલકાયા આંસુ, છતાં દુઃખ ન દીધા ધોખા. આંખોમાં લાચારી હતી, દિલમાં સંઘર્ષની આગ,તેણી જ પિતાનું અભિમાન, અને યુવકનો સુહાગ.
આ વિદાય માત્ર ઘરની નહોતી, પણ યુગોના ભારની હતી,

જ્યાં તેના પગલાં પડ્યા, ત્યાં સુખે કર્યો જાગ.તેના પિતા મૌન ઊભા હતા. તેમણે કન્યાને આશીર્વાદ આપ્યા, તેમના ચહેરા પર હવે કોઈ સંયમ નહોતો, માત્ર હાર માની ગયેલા એક પિતાની લાચારી હતી. કન્યાએ ચોખા પાછળ ફેંક્યા.

"એ દરેક દાણો પિયરના આશીર્વાદ અને પિતાના બલિદાનની યાદ અપાવતો હતો. પછી યુવકે તેનો હાથ પકડ્યો અને તે બંને, મૌન સંઘર્ષના સાથીઓ બનીને,નવા અને અનિશ્ચિત ભવિષ્ય તરફ ચાલી નીકળ્યા."

# ૯.વિસનગરની ગલીઓમાં વહેંચાયેલ પિતૃત્વનો આનંદ

ઈડર કોલેજના શૈક્ષણિક પરિસરમાં માસ્ટર ડીગ્રીનું ઉચ્ચ શિખર સર કર્યા બાદ, શ્રીમાનની વિદ્યાપ્રાપ્તિની ધૂન અને શિક્ષણ પ્રત્યેની નિષ્ઠાએ તેમને વધુ એક મહત્વપૂર્ણ પડાવ તરફ દોર્યા. એ સંક્રમણકાળ, એક સિદ્ધિનો સંતોષ અને નવા સંકલ્પનો ઉત્સાહ લઈને આવ્યો હતો. હવે પછીનું ગંતવ્ય હતું એસ.ટી.ટી બી.એડ કોલેજ, વિસનગર. આ એક વ્યાવસાયિક શિક્ષણની શરૂઆત હતી, જે ભવિષ્યના ઘડતર માટેનો પાયો નાખવાની હતી. આ પવિત્ર યાત્રામાં, નિયતિએ એક અત્યંત પ્રિય અને પરિચિત ચહેરો સાથે જોડ્યો—ગામના સાથી મિત્ર, શ્રી કપિલકુમાર ઉપાધ્યાય. એમની ઉપસ્થિતિ માત્ર એક સહપાઠી તરીકેની નહોતી, પરંતુ જાણે કે ગામની માટી અને તેની સંસ્કારિતાને વિસનગરના નવા વાતાવરણમાં સાથે લઈ આવનાર એક મજબૂત આધારસ્તંભ હતી. બંને મિત્રોનું જોડાણ માત્ર વર્ગખંડ પૂરતું સીમિત નહોતું, પરંતુ જીવનના ઉન્નત મૂલ્યો અને ભવિષ્યના સપનાઓને એકસાથે સેવવાની પ્રતિજ્ઞા હતી.

વિસનગરના વિદ્યાધામમાં પગ મૂકતાં, રહેવાની વ્યવસ્થાનો પ્રશ્ન સહજ હતો, પરંતુ સદ્ભાગ્યે, કોલેજકાળના આશીર્વાદરૂપ સંબંધોએ તરત જ માર્ગ કરી આપ્યો. એમ.એન.આર્ટ્સ કોલેજમાં પ્રોફેસર તરીકે સુશોભિત, પૂજનીય શ્રી મૂળસિંહ ચૌહાણ દાદા હતા, જેમનું વ્યક્તિત્વ માત્ર શિક્ષણશાસ્ત્રી તરીકેનું નહીં, પણ વાત્સલ્ય અને માર્ગદર્શનના ઝરણાં સમાન હતું.

દાદાશ્રીના હૃદયપૂર્વકના પ્રયત્નો અને આશીર્વાદને કારણે, બન્ને મિત્રો માટે વિસનગરની રાજપૂત બોડીંગમાં ફરીથી રહેવાની આશ્રયસ્થાન રૂપી વ્યવસ્થા થઈ શકી. બોડીંગનું એ વાતાવરણ, યુવાનોના ઉત્સાહ, શિસ્ત અને અભ્યાસના સંયોજનથી ભરેલું, જાણે કે ઘરેથી દૂર બીજું ઘર બની ગયું. અહીં શિક્ષણની જ્યોત પ્રજ્વલિત રહેતી, અને મૂળસિંહ દાદાનું છત્રછાયા તેમની શૈક્ષણિક પ્રગતિમાં એક અદૃશ્ય બળ પૂરું પાડતી.

શૈક્ષણિક પ્રવૃત્તિઓ પૂરજોશમાં ચાલી રહી હતી. બી.એડ.ના સિદ્ધાંતો અને વ્યવહારિક જ્ઞાનમાં મન પરોવાયેલું હતું. વર્ષ હતું ૧૯૮૯, અને જીવનનો એક અત્યંત મહાન અને હૃદયસ્પર્શી વળાંક આવવાનો હતો. એ સમયે, આદરણીય મિત્રના જીવનમાં કોલેજકાળ દરમિયાન જ લગ્ન થઈ ચૂક્યા હોવાથી, એમનું મન એક સાથે બે મોરચે સક્રિય હતું *—એક તરફ કારકિર્દીનું નિર્માણ અને બીજી તરફ ગૃહસ્થ જીવનના બંધનો.* ત્યારે જ, એક દિવસ, પત્ર લઈને આવેલા ટપાલી દ્વારા એક સંદેશ મળ્યો. એ પત્ર માત્ર કાગળનો ટુકડો નહોતો, એ તો ખુશીનો મહાસાગર લઈને આવ્યો હતો. પત્રમાં લખાયેલું હતું કે, ઘરે 'દિકરીબા'નો જન્મ થયો છે.

"પ્રભુજીને ચડાવેલાં ફુલોની અવેજીમાં મળી,
સદેહે અવતરી થઈ દીકરી, ઘરમંદિરને શોભાવી."

એ ક્ષણનું વર્ણન શબ્દોમાં કરવું અશક્ય છે. બોડીંગના શાંત વાતાવરણમાં અચાનક આનંદની એક લહેર દોડી ગઈ. પોતાના શૈક્ષણિક સંઘર્ષની વચ્ચે, ઈશ્વરે આપેલું આ સર્વોત્તમ વરદાન હતું—પિતા બનવાનું સૌભાગ્ય. આ ખુશી માત્ર એક વ્યક્તિ પૂરતી સીમિત નહોતી. મિત્રતાના ગાઢ સંબંધે

એ ખુશીને સર્વવ્યાપી બનાવી દીધી. કપિલકુમાર ઉપાધ્યાયજી, જે આ આખો પ્રસંગ હૃદયપૂર્વક યાદ કરે છે, તેઓ કહે છે કે એ ક્ષણની મીઠાશ અને ઉલ્લાસ આજે પણ તેમના સ્મરણમાં અંકિત છે.

માનનીય શ્રી કપિલકુમાર ઉપાધ્યાયજી એ ખુશીને શબ્દોમાં ઢાળતાં કહે છે કે, "મારા સાથી મિત્રના ઘરે દિકરીના જન્મની ખુશી... એ તો જાણે સ્વયં લક્ષ્મીજીનું આગમન! એ આનંદને માત્ર પત્ર વાંચીને સ્વીકારી શકાય તેમ નહોતો. એ તો ઉજવવો જ પડે. અમે તરત જ નક્કી કર્યું કે આ પવિત્ર અને ધન્ય પળની ઉજવણી એવી હોવી જોઈએ, જે વિસનગરની ગલીઓમાં ગૂંજી ઉઠે." તત્કાળ, મિત્રમંડળી એકઠી થઈ. પૈસાની બચત કે ખર્ચનો વિચાર કર્યા વિના, એ મિત્રતાની પરાકાષ્ઠા હતી. પેંડા અને જલેબી, આ બે એવી મિઠાઈઓ જે દરેક શુભ પ્રસંગનું પ્રતિક છે, તેમને મોટા પ્રમાણમાં લાવવાનો નિર્ણય લેવાયો.

બોડીંગના મિત્રો સાથે મળીને, વિસનગરની બજારોમાં ધમધમાટ શરૂ થયો. પેંડાની મીઠાશ જાણે દિકરીબાના નિર્દોષ સ્મિતનું પ્રતિક હતી, અને ગરમ ગરમ જલેબીની ચાસણીનો પ્રવાહ જાણે જીવનમાં ઉતરી આવેલા આનંદના ઘોડાપૂરનું નિશાન હતું. મિત્રોના ચહેરા પર છવાયેલો ઉલ્લાસ અને એ ગલીઓમાં ગુંજતું હાસ્ય, એ સમયે વિસનગરનું વાતાવરણ પાવન કરી ગયું હતું. આ એક એવી ઉજવણી હતી, જેમાં કોઈ ઔપચારિકતા નહોતી, માત્ર હૃદયનો શુદ્ધ પ્રેમ અને સ્નેહ હતો. દિકરીના જન્મની ખુશીમાં, પેંડા અને જલેબીની વહેંચણી માત્ર મીઠાઈની વહેંચણી નહોતી, પરંતુ મિત્રતાના બંધનને વધુ મજબૂત બનાવનારી એક ધાર્મિક વિધિ હતી.આમ,

ઈડરથી વિસનગર સુધીની શૈક્ષણિક સફર, મૂળસિંહ દાદાના આશીર્વાદ હેઠળ મળેલું રાજપૂત બોડીંગનું આશ્રયસ્થાન, અને કપિલકુમાર ઉપાધ્યાય જેવા પરમ મિત્રની નિષ્ઠાભરી હાજરી—આ બધાની વચ્ચે ૧૯૮૯ના એ અનમોલ વર્ષે દિકરીબાના જન્મે એક અમર સ્મૃતિ કાયમ કરી દીધી.

**"એ દિવસ મિત્રતા, શિક્ષણ અને જીવનના સર્વોચ્ચ આનંદનું એકસાથે મિલન હતું, જેની મીઠી યાદો આજે પણ એ ગલીઓમાં જીવંત છે."**

# ૧૦.પતિના વિરહમાં પત્ર-લેખન

જય માતાજી,

તમારા ચરણોમાં મારા પ્રણામ. અહીંથી તમને પત્ર લખવા બેઠી છું, ત્યારે શબ્દો શોધવા મુશ્કેલ છે. મન એક તરફ આનંદથી છલકાય છે અને બીજી તરફ આપની ચિંતામાં ડૂબેલું છે.

**"સૂર્યોદયે તો સૌ કોઈ સાથ આપે ખરી મજા તો ત્યારે આવે,જ્યારે આથમતી સાંજે હું થાકું ને તું હાથ આપે"**

તમને યાદ છે? જ્યારે તમે અહીંથી B.Ed. કરવા માટે નીકળ્યા, ત્યારે આપણા ઘરના આંગણામાં સૂનકાર છવાઈ ગયો હતો. પણ હવે... હવે એ સૂનકારમાં એક મધુર કલરવ ભળી ગયો છે.

આપને ખબર છે, આપણી દીકરી સાવ નાનકડી છે, પણ તેના આગમનથી આ ઘર અને આપણું આખું જીવન પ્રકાશિત થઈ ગયું છે. તમે જ કહેતા હતા ને કે જીવનમાં કોઈ મોટો હેતુ હોવો જોઈએ? જુઓ, હવે એ હેતુ આપણી સામે સૂતો છે! તમે લખ્યું હતું કે હું ચિંતા ન કરું, તમે ભણવામાં ધ્યાન આપો છો. પણ હું અહીંથી અનુભવી શકું છું કે તમારું મન કેટલું વલોવાય છે. તમને ઘરની યાદ આવતી હશે, બાળકીનો ચહેરો જોવા તલપાપડ થતા હશો. આ બધું હું જાણું છું.

"સમજે એકબીજાની *લાગણી* જેના વિના અધૂરી મારી *કહાણી*
જે જાલી રાખે *આંગળી* ..
જેના વિના દુનિયા લાગે *પાંગળી* ...
જે બાંધતા નથી...જોડે છે,
શંકાઓને પાછળ છોડે છે,
સ્વજનો માટે દોડે છે અને શ્વાસને તરછોડે છે".

આપણો સબંધ આવો છે જે ક્યારેય એકબીજાથી વિખૂટા નઈ થવાય.
પરંતુ, આપે એક વાત ગાંઠ વાળીને મનમાં બેસાડી દેવાની છે: આપ ભણવા માં ધ્યાન આપજો.
આપણી આ લક્ષ્મી ધીરે ધીરે મોટી થશે. તેના પહેલા પગલાં, તેની પહેલી હસવાની તક, તેની પહેલી વાત... આ બધું જ હું મારી આંખોમાં સંઘરીને રાખીશ અને જ્યારે આપ પાછા આવશો, ત્યારે એક સુંદર વાર્તાની જેમ તમને કહીશ. હું અહીં તેને પૂરી સંભાળ આપી રહી છું, તેના માટે તલભાર પણ ચિંતા ન કરશો. તમારી આ યાત્રામાં હું તેની મા પણ છું અને તમારી શક્તિ પણ.

હું જ્યારે વહેલી સવારે ખેતરમાં જાઉં છું, ત્યારે મને એક જ વિચાર આવે છે, "જો આ પત્ર વાંચી રહેલા મારા પતિદેવ આજે ભણવામાં પાછા પડ્યા, તો શું થશે?" આપે તો આખી જિંદગી ખેતરને જોયું છે, તેની મહેનત જોઈ છે. બળબળતા તાપમાં જ્યારે પરસેવો વહી જાય છે, અને હાથમાં છાલાં પડે છે... ત્યારે એ મજૂરીનો થાક નહોતો લાગતો, પણ મનનો બોજ લાગતો હતો.

જો આપ ધ્યાન નહીં આપો, તો આપની આખી જિંદગી ખેતર માં ઢેફા કૂટવા પડશે. આપના હાથમાં ચોપડી અને કલમ શોભે છે, ઢેફા કૂટવાનું કઠોર કામ નહીં. મને એ કલ્પના પણ નથી ગમતી કે મારા પતિ, જે શિક્ષક બનીને જ્ઞાનનો દીવો પ્રગટાવવાના છે, તે ફરી એ જ ધૂળ અને માટીમાં પોતાની મહેનત વેડફશે. આ વિચાર માત્રથી મારું હૃદય ધ્રૂજી ઊઠે છે.

આપણી દીકરી જ્યારે મોટી થશે અને કોઈ તેને પૂછશે કે તેના પિતા શું કરે છે, ત્યારે તેને ગર્વથી કહેતા આવડવું જોઈએ કે, "મારા પિતા એક સન્માનીય શિક્ષક છે!" એ જિંદગી માટે આપણે અત્યારે લડી રહ્યા છીએ, નહીં કે ઢેફા

કૂટવાની મજબૂરી માટે.યાદ રાખજો, આપ હવે એકલા નથી. પહેલા આપણે માત્ર 'બે' હતા, પણ હવે આપણે 'ત્રણ' થયા છીએ. આ ત્રીજી વ્યક્તિ આપણું ભવિષ્ય છે. આ દીકરીની નજર આપના આવનારા સન્માન તરફ મંડાયેલી છે. તેની નાનકડી હથેળીઓ ભલે હમણાં કશું ન કહી શકતી હોય, પણ તેની આંખોમાં મેં મોટું સ્વપ્ન જોયું છે – એક સુખી, શિક્ષિત અને ગૌરવપૂર્ણ જીવનનું સ્વપ્ન.

હું ખેતરનું કામ અને ઘરની બધી જવાબદારીઓ સંભાળી લઈશ. મેં મારી બધી ઈચ્છાઓને પલંગ નીચે મૂકી દીધી છે. મારું એકમાત્ર ધ્યેય એ છે કે તમને અહીં કોઈ વસ્તુની ઊણપ ન અનુભવાય.

તમે ત્યાં ખૂબ જ મહેનત કરો. ભૂખ-તરસ ભૂલી જાઓ, નિંદ્રાને થોડા મહિનાઓ માટે વિદાય આપી દો. આ સમય તમારા જીવનનો સૌથી નિર્ણાયક સમય છે. એવો સમય, જે નક્કી કરશે કે આવનારી પેઢીઓ તમને એક ખેતમજૂર તરીકે યાદ કરશે કે પછી એક જ્ઞાની શિક્ષક તરીકે!

કૃપા કરીને આ પત્ર વાંચીને ભાવુક ન થતા. આ પત્ર માત્ર એક યાદ અપાવવા માટે લખ્યો છે. હવે વધારે નથી લખતી, કારણ કે હું જાણું છું કે આપના સમયની દરેક સેકન્ડ કિંમતી છે.

બસ, મારું માનજો, ભણવા માં ખૂબ જ ધ્યાન આપજો.

ભગવાન તમને શક્તિ આપે.

આપની સફળતાની રાહ જોતી,

આપની ધર્મપત્ની.

**"આ ક્ષણોમાં ઊંઘ ત્યાગીને મારા પરિવારની છતમાં ઊંઘની સુવાસ ફેલાવી છે. શું થયું હશે એ સમયમાં? શું આ પરિસ્થિતિમાંથી હું ખુદને બાર લાવી શકીશ તેવા પ્રશ્નો મને ઊંઘવા નહિ દેતા!."**

# ૧૧.માટીની દીવાલ અને માસૂમ કલરવનાં અસ્તિત્વની પીડા

આંગણે પુત્રીનો મીઠો કલરવ હતો, એક નાનકડી આશાનો દીવો પ્રગટ્યો હતો, પણ એ કલરવની સાથે જ ગરીબીનો પડછાયો વધુ ઘેરો બન્યો. એ બાળકના માસૂમ આગમનને 'વરદાન' ગણીને ખુશ થવું કે 'બોજ' ગણીને ડરવું, તે વાતનો ભેદ પિતાનું હૃદય પાર કરી શકતું નહોતું. દીકરીના જન્મથી તેમનું જીવન બે અતૂટ ધ્રુવો સાથે જોડાઈ ગયું: અસીમ પ્રેમ અને અંતહીન લાચારી.

તેમનું ઘર... ના, તેને ઘર કહી શકાય નહીં. તે તો ૨૦૦ ચોરસ ફૂટની એક એવી જેલ હતી, જ્યાં આશાઓનું શ્વાસ લેવું પણ મુશ્કેલ હતું. આ નાનકડી જગ્યામાં બે ભાગ હતા. પૂર્વીય ભાગ પશુધન માટે અને પશ્ચિમી ભાગ પરિવાર માટે.

"એક જ છત નીચે પશુ ને માણસનો વસવાટ હતો,
ગરીબીનો કેવો કારમો આ અમારો મલાજાત હતો.
ભીની દીવાલો પણ જાણે અમારી લાચારી પર રડતી,
દીકરીના સ્મિતમાં જ બસ, ક્યાંક જીવવાનો આશરાત હતો."

માણસ અને પશુ વચ્ચેની દીવાલ માંડ એક ઈંટના પડની હતી. તે દીવાલ માત્ર ઈંટ-ચૂનાની નહોતી, તે તો તેમની મનુષ્ય તરીકેની ગરિમા અને આર્થિક લાચારી વચ્ચેની સરહદ હતી. પિતા જ્યારે રાત્રે સૂતા ત્યારે તેમની

પીઠ હંમેશાં એ ભેજવાળી, ઠંડી દીવાલને અડતી રહેતી. એ સ્પર્શ ઠંડો નહોતો, તે તો લાચારીનો અહેસાસ હતો. બંને ખંડ વચ્ચે કોઈ દરવાજો નહોતો, માત્ર એક લાકડાની જાળી હતી, જ્યાંથી ભેંસની આંખો રાતભર તેમને જોતી રહેતી.

પત્ની માટે સવારની શરૂઆત હંમેશાં એક યાતનાથી થતી. દિવસનો ઉદય પશુના છાણની ભીની, તીવ્ર અને અસહ્ય ગંધથી થતો. તે સવારે ૪:૩૦ વાગ્યે આંખ ખોલતી અને દીકરીને પિતાના હાથમાં મૂકીને ભેંસના વિભાગમાં જતી. માટીની ભીની જમીન પરથી એ છાણ અને ગંદકીને દૂર કરવી એ એક યજ્ઞ જેવું હતું.

"સવારની પહેલી મહેક છાણની એ ગંધમાં ખોવાતી,
એક પત્નીના સમર્પણની કથા ઉંબરે જ રોકાતી.
હાથમાં સાવરણી ને હૈયે દીકરીનું ઉજળું ભવિષ્ય,
એ જ મજબૂરીમાં જિંદગીની મીઠાશ શોધાતી."

માતાનું સૌથી મોટું યુદ્ધ હતું: દીકરીને આ ગંદકીથી દૂર રાખવી. દીકરી ધીમે ધીમે ઘૂંટણિયે ચાલવાનું શીખી રહી હતી. તેનું માસૂમ મન એ ભેજવાળી દીવાલ તરફ આકર્ષાતું. માતા તરત દોડી જતી અને દીકરીના હાથને પોતાના પાલવથી ઘસીને સાફ કરતી. આ સાફસફાઈ માત્ર હાથની નહોતી, તે તો પોતાની લાચારીની ભાવનાને સાફ કરવાનો એક નિષ્ફળ પ્રયાસ હતો.

પિતાનું મન હંમેશાં એ ૨૦૦ ચોરસ ફૂટના દાયરામાં કેદ રહેતું. પત્નીના મૌનથી તેમને વધુ પીડા થતી. એક વખત પત્નીએ માત્ર એટલું જ કહ્યું

હતું: “પશુને સારી જગ્યા આપવી જરૂરી છે. તે છે, તો આપણે છીએ.” તેમણે એ જ ક્ષણે નક્કી કરી લીધું હતું કે આ ભેંસને તેમણે ભગવાનની જેમ પૂજવી પડશે, કારણ કે તે જ તેમની દીકરીના ભવિષ્યનો એકમાત્ર આધાર હતી.

"ચબડક... ચબડક... વાગોળવાનો એ અવાજ રાતભર ગુંજતો,
ગરીબીનો એ સૂર કાનમાં કાંટાની જેમ ખૂંચતો.
દૂધના એ પૈસામાં જ તો દેખાતું દીકરીનું સપનું,
એટલે જ તો એક પિતા આ અપમાનને મૂંગા મોઢે ઘૂંટતો."

જ્યારે ચોમાસું આવતું ત્યારે આ ૨૦૦ ચોરસ ફૂટની જેલ વધુ ક્રૂર બની જતી. છત પરની નબળી કડીઓમાંથી પાણી ટપકવાનું શરૂ થતું. માતા અને પિતા રાતભર વાસણો મૂકીને ટપકતા પાણીને પકડવાનો પ્રયત્ન કરતા. એક રાત્રે ભારે વરસાદમાં દીવાલ પરથી પ્લાસ્ટરનો એક મોટો ટુકડો ખરી પડ્યો. અવાજ એટલો જોરદાર હતો કે દીકરી ઝબકીને જાગી ગઈ. પિતાને તે ક્ષણે લાગ્યું કે આ ઘર તેમને ગળી જશે.

રાત પડતી ત્યારે માહોલ વધુ ગહન બનતો. બહારની દુનિયાનું અંધારું અંદરની દીવાલોની તિરાડોમાં ભળી જતું. નાનકડી દીકરી જ્યારે ઘોડિયામાં સૂતી, ત્યારે બાજુની રૂમમાં ભેંસ સતત વાગોળતી હોય— ‘ચબડક... ચબડક...’ પિતાને થતું કે આ માત્ર અવાજ નથી, આ તો ગરીબીનું અનંત ગીત છે.

"રાત આખી જાગીને દીવાલની તિરાડો ગણી છે,
મેં સંઘર્ષની આ જેલમાં જ ખુમારી વણી છે.
ભલે પશુના બરાડામાં વીતે છે આજની રાતો,
પણ મેં દીકરીના કલરવમાં આવતીકાલની સવાર ભણી છે."

પિતા જમીન પર બેસીને દીકરીને જોતા, તેના નાનકડા પંજા તરફ જોતા અને મનોમન શપથ લેતા: "હું તને આ 'ચબડક... ચબડક...' ના અવાજમાંથી બહાર કાઢીશ. હું તને એક સ્વચ્છ આંગણું આપીશ, જ્યાં તારા પગ ગંદકી પર નહીં પણ ફૂલો પર પડશે." શક્તિ ઓછી હતી, રસ્તો અજાણ્યો હતો, પણ પિતાનો સંકલ્પ લોખંડી હતો. આ રાત, આ દીવાલ અને આ ગંધ—તેમના જીવનની કડવી વાસ્તવિકતા હતી, જેને તેઓ દરરોજ પિતૃત્વના પ્રેમથી સહન કરતા હતા.

શું વાંકા હતો એ દીકરીનો જેણે જન્મતાની સાથેજ આટલા બધા દુઃખ વેઠવા પડ્યા હોય ..
કુદરતને કોઈ ડર નથી કે હજુ તે અણસમજ નાદાન બાળકી છે તેનાં કયા ગુનાની સજા મળે છે;
નાની બાળકીને જોઈને એના સપનાનું ગળું નાં રૂંધાય એના માટે નથી જોતો તડકો નથી જોતો અંધકાર મશીનની માફક કામ કરૂં છું;
હવે તો ખુદને રણની પરિસ્થિતિમાં એકલો પામું છું જ્યાં કોઈ રસ્તો નથી જોવાતો ..નથી કોઈ વેદના સમજી શકતું મારી.ફક્ત કર યા મર.

**"આ પ્રકરણ વાંચતા જ વાચક તે ૨૦૦ ફૂટની રૂમની ગૂંગળામણ અનુભવી શકશે."**

# ૧૨. સમર્પણ,સંઘર્ષ અને સન્માનની ગાથા

આ કથા  એક વ્યક્તિના કાર્યકાળની તદ્દુપરાંત,એવી આત્મનિષ્ઠાની છે જેણે સંઘર્ષના વમળોમાં પણ પોતાના ધ્યેયની નૌકાને ડૂબવા દીધી નથી. જે ક્ષણે પિતાશ્રીએ બી.એડ.ની પદવી ધારણ કરી, તે ક્ષણથી તેમના મનમાં એક જ સંકલ્પ દૃઢ થયો હતો: જ્ઞાનરૂપી આ દીક્ષાને સમાજસેવાના યજ્ઞમાં સમર્પિત કરવી. આ સંકલ્પ માત્ર આર્થિક ઉપાર્જનનો માર્ગ નહોતો, પરંતુ પોતાની વહાલી દીકરીને એક ઉજ્જવળ ભવિષ્ય આપવાનું એક પવિત્ર વચન હતું.

શિક્ષણસેવાના પ્રારંભિક સોપાનમાં તેમની નિષ્ઠાની સુવાસ જુદા જુદા વિદ્યાધામોમાં ફેલાઈ. રાજમણી વિદ્યાલય-સનાલી ખાતે બે મહિનાનો અલ્પ સેવાકાળ હોય કે પછી રાધીવાડની સંસ્થામાં વિતાવેલા આઠ મહિના—દરેક જગ્યાએ તેમની વિશિષ્ટ શિક્ષણશૈલી અને વિદ્યાર્થીઓ પ્રત્યેનો પ્રેમ છતો થતો હતો. પરંતુ જીવનની સૌથી ક્રૂર કસોટી તો હજી બાકી હતી.

ત્યારબાદ તેઓ એક એવી સંસ્થા સાથે જોડાયા જ્યાં તેમણે પોતાનું સૌથી મોટું બલિદાન આપવું પડ્યું. આ સંસ્થામાં તેમણે પૂરા ૩૬ મહિના એટલે કે ત્રણ વર્ષ સુધી અવિરત સેવા આપી. ઘરથી સેંકડો કિલોમીટર દૂર, એકલતાનો અગ્નિપથ તેમણે સ્વીકાર્યો હતો. રાત્રે જ્યારે તેઓ એકલા સૂતા ત્યારે છત ભલે ટપકતી હોય, પણ હૃદયમાં રહેલી આશા ક્યારેય ટપકતી નહોતી. તેમના સામાનમાં માત્ર બે જોડી કપડાં, થોડાં પુસ્તકો અને પરિવારનો એક ફોટો હતો, જે તેમને હિંમત આપતો.

"ઘરથી દૂર રહીને મેં એકલતાને શણગારી છે,
પરિવારના સુખ માટે મેં મારી ખુશીઓ વારી છે.
ભલે ખાલી હોય ખિસ્સું ને રાતો જાગીને વીતે,
પણ સંતાનોના ભવિષ્ય માટે મેં આ બાજી સ્વીકારી છે."

વર્ષ ૧૯૯૪માં તેમના જીવનમાં એક નવો સૂરજ ઊગ્યો—બીજું સંતાન, એક પુત્રનો જન્મ થયો. એક પિતા માટે આનાથી મોટી ખુશી બીજી કઈ હોય? પણ વિધિની વક્રતા તો જુઓ, એ ભાગ્યશાળી ક્ષણે પિતા ઘરે નહોતા. ૩૬ મહિનાથી પગાર ન થયો હોવાને કારણે તેમની પાસે વહાલસોયા પુત્રનું મોઢું જોવા જવા માટે બસની ટિકિટના પૈસા પણ નહોતા. પુત્રના જન્મના સમાચાર પીળા કાગળ પર લખાયેલી ટપાલ દ્વારા મળ્યા. એ પત્રના શબ્દો વાંચીને આંખમાં હરખનાં આંસુ તો આવ્યા, પણ ખિસ્સાની લાચારીએ પગમાં બેડીઓ નાખી દીધી હતી.

"પુત્રના જન્મની ટપાલ તો આવી પણ પિતા લાચાર હતો,
ખિસ્સાની એ ખાલી જગ્યામાં ગરીબીનો ભાર હતો.
કાગળને છાતીએ ચાંપીને એ રાત આખી રડ્યા હશે,
બાપના વહાલ પર આજે મજબૂરીનો વાર હતો."

આર્થિક તંગીના એ દિવસોમાં પત્નીનો સાથ અકલ્પનીય હતો. પત્ની ઘરે ભેંસના દૂધના વેચાણમાંથી જે થોડા-ઘણા પૈસા બચાવતી, તે ચૂપચાપ પતિને મોકલી દેતી જેથી તેમનું અસ્તિત્વ ટકી રહે. પોતે અડધા પેટે સૂઈ જતી પણ પતિના આ 'કઠોર લક્ષ્ય'માં ક્યારેય બાધા ન આવવા દીધી.

સાથી મિત્રોએ પણ આત્મનિષ્ઠાવાન શિક્ષકને ઉછીના પૈસા આપીને મદદ કરી, કારણ કે તેઓ જાણતા હતા કે આ માણસ કયા અગ્નિપથ પર ચાલી રહ્યો છે.
છત્રીસ મહિના સુધી વગર પગારે કામ કરવું એ કોઈ સામાન્ય વાત નથી. સાથીમિત્રોની નજરમાં પ્રશ્નાર્થ ચિહ્નો હતા, પણ પિતાશ્રીના ચહેરા પર હંમેશા સ્મિત રહેતું. તેઓ માનતા હતા કે પગાર ન મળવો એ સંસ્થાની સમસ્યા છે, પણ વિદ્યાર્થીઓને ન ભણાવવું એ તેમની નૈતિક નિષ્ફળતા ગણાશે.

"૩૬ મહિનાની એ તપસ્યામાં નહોતો કોઈ થાક,
નિષ્ઠાના આ માર્ગ પર નહોતો કોઈ ડાઘ.
પગાર વગર પણ જ્ઞાનનો દીવો પ્રજ્વલિત રાખ્યો,
મેં સંઘર્ષની રાખમાં જ શોધ્યો છે મારો બાગ."

અંતે પ્રતીક્ષાનો અંત આવ્યો. એક સવારે સમાચાર મળ્યા કે બાકી રહેલો તમામ પગાર ચૂકવવામાં આવશે. જ્યારે એ રકમ ખાતામાં જમા થઈ, ત્યારે એ માત્ર પૈસા નહોતા, પણ ૩૬ મહિનાના વનવાસનો વિજય હતો. સાથીમિત્રોની આંખોમાં પણ ખુશીના આંસુ હતા, કારણ કે આ વિજય માત્ર એક શિક્ષકનો નહોતો, પણ સત્ય અને ધીરજનો હતો.

આ પિતાએ સાબિત કર્યું કે સાચો સંઘર્ષ એ નથી જેમાં પૈસા ગુમાવાય, પણ એ છે જેમાં પોતાની લાગણીઓનો ભોગ આપીને પણ પ્રિયજનો માટે સુરક્ષિત માર્ગ બનાવવામાં આવે.

"જ્યારે પુરુષ કરતાં સ્ત્રીમાં સહનશક્તિ વધી જાય તો સમજવું પુરુષનું હૃદય વધારે હિંમતવાળું થઈ જાય છે.
એને ખબર હોય છે કે પુરુષને સાચવવા માટે એક સ્ત્રી છે જ...તે ક્યારેય હારશે નઈ ઉપરાંત હારેલી બાજી પણ જીતી જાય છે."

**"આ સંઘર્ષયાત્રા દરેક પિતા માટે એક પ્રેરણારૂપ ગાથા છે."**

# ૧૩.રૂપિયાની વેદના અને પિતૃત્વનો અગ્નિપથ

માનવજીવનના ઇતિહાસમાં કેટલાક ચરિત્રો એવા હોય છે, જેમના જીવનની પ્રત્યેક ક્ષણ સંઘર્ષની એક પવિત્ર આહુતિ સમાન હોય છે. આ કથા એક એવા જ અડગ કર્મયોગીની છે, જેમના જ્ઞાનની કોઈ સીમા નહોતી અને જેમની બુદ્ધિ સૂર્ય જેવી તેજસ્વી હતી, પણ આર્થિક મર્યાદાઓ તેમને સતત એક અદૃશ્ય કારાગારની જેમ ઘેરી વળતી હતી. તેમણે જિંદગીની શરૂઆતથી જ ગરીબીના કરાલ ચક્રનો સામનો કર્યો હતો અને માસ્ટર્સની ડિગ્રીઓ મેળવી હતી, જે તેમના માટે ગરીબી તોડવાનું સર્વશ્રેષ્ઠ શસ્ત્ર હતું. પરંતુ વિધાતાની લીલા જુઓ, જ્યારે મગજમાં ઉચ્ચતમ શિક્ષણના સિદ્ધાંતો ગુંજતા હતા, ત્યારે પેટમાં ભૂખની આગ બળતી હતી અને હૃદયમાં પરિવારને સુરક્ષિત છત આપવાની ચિંતાનો મહાસાગર હિલોળા લેતો હતો.

નોકરી શોધવાની પ્રક્રિયા તેમના આત્મસન્માનની કસોટી હતી. સવારે ઊઠીને ફાટેલા પણ ઇસ્ત્રી કરેલા કપડાં પહેરીને, હાથમાં પ્રમાણપત્રોનો થેલો લઈને તેઓ દરવાજા ખખડાવતા, જ્યાં દરેક દરવાજો તેમની ગરીબીનો ઉપહાસ કરતો હોય તેમ લાગતું. આ સંઘર્ષની વચ્ચે જીવનમાં લગ્ન થયા અને એક નિર્દોષ દીકરીનું આગમન થયું, જેના કારણે જવાબદારીઓ વધી. પિતાના મનમાં ઊંડે ઊંડે પીડા હતી કે તે પોતાની દીકરીને સામાન્ય બાળકો જેવી ખુશીઓ પણ આપી શકતા નથી. પરંતુ પુત્રના જન્મ પછીના છ મહિનાની તપસ્યા ફળી અને ૦૮ જુલાઈ, ૧૯૯૪ના રોજ તેમને

વિજયનગરની ગાયત્રી કન્યા વિદ્યાલયમાં ઉચ્ચતર માધ્યમિક શિક્ષક તરીકેની નોકરી મળી. આ સમાચારથી હૃદય પરનો પહાડ ખસી ગયો, પણ નોકરી વતનથી ઘણી દૂર હોવાને કારણે એક નવો પડકાર ઊભો થયો.

સીમિત પગારમાં જો તેઓ રોજ વિજયનગરથી ઘરે આવ-જા કરે, તો બસનું ભાડું જ ઘરનું ગુજરાન તોડી નાખે તેમ હતું. આથી પિતા અને માતાએ હૃદય પર પથ્થર રાખીને નિર્ણય લીધો કે પિતાએ વિજયનગરમાં જ રહીને પૈસા બચાવવા. ત્યાં તેમને આદરણીય વિપુલભાઈ જાની સાહેબ સહકર્મી તરીકે મળ્યા અને બંનેએ એક નાની ભાડાની રૂમમાં વસવાટ શરૂ કર્યો. પિતાનું હૃદય છ મહિનાના પુત્રને જોવા તડપતું હતું, પણ ખિસ્સામાં રહેલા સિક્કા ગણતી વખતે તેમના મગજમાં '૧૦૦ રૂપિયા'નો આંકડો ભૂતની જેમ ઘૂમરાતો હતો. આ ૧૦૦ રૂપિયા એટલે પુત્ર અને પિતા વચ્ચેનું અંતર હતું. તેઓ મનમાં સંવાદ કરતા કે જો હું આ ૧૦૦ રૂપિયા ખર્ચીશ, તો પુત્રને એક દિવસ જોઈ શકીશ, પણ જો આ ૧૦૦ રૂપિયા બચાવીશ, તો બાળકો માટે ૫ કિલો ચોખા વધુ આવશે જે તેમને એક મહિનાની ભૂખથી બચાવશે. જો એક અઠવાડિયું વધુ રોકાઈશ, તો પુત્ર માટે શિયાળાનો ધાબળો લાવી શકાશે. આ પિતૃપ્રેમનું કઠોર ગણિત હતું, જેમાં તેઓ દર વખતે પોતાની લાગણીઓને મારીને ફરજને જીતવા દેતા. વિપુલભાઈ જાની સાહેબ જોતા કે આ યુવક રાત્રે ઊંઘમાં પણ '૧૦૦ રૂપિયા' અને 'ચોખા'ની વાતો કરે છે, પણ સવારે વર્ગમાં એટલા જ ઉત્સાહથી જ્ઞાન પીરસે છે.

પરંતુ સમયના ચક્રમાં એક દિવસ ભાગ્યનો ક્રૂર પ્રહાર થયો. પત્નીનો ટૂંકો પણ હૃદય વીંધી નાખનારો પત્ર મળ્યો કે જ્યારે પુત્ર ઘોડિયામાં સૂતો હતો, ત્યારે ઉપરની છત પરથી પ્લાસ્ટરની રેતીનો મોટો ઢગલો સીધો તેના મોઢા પર પડ્યો. આ વાંચતા જ પિતાના શરીરમાં વીજળીનો આંચકો લાગ્યો. જે સંતાન માટે તેઓ ઘરથી દૂર બલિદાન આપી રહ્યા હતા, તેના પર જ આજે છત તૂટી રહી હતી! હવે ૧૦૦ રૂપિયાની કોઈ ગણતરી નહોતી. તેમણે બધું બાજુ પર મૂકીને ઘર તરફ દોટ મૂકી. જ્યારે તેઓ ઘરે પહોંચ્યા, ત્યારે પત્ની ખોળામાં પુત્રને લઈને જાગતી બેઠી હતી અને ઘોડિયા પર એક ફાટેલું ધાબળું લટકાવ્યું હતું—રેતી સામેની એ માતાની સુરક્ષા દીવાલ હતી. પિતાએ પુત્રને ખોળામાં લીધો અને જોયું કે ઘોડિયા નીચે રેતીનો ઢગલો હતો અને દીવાલમાં મોટી તિરાડ હતી. એ રાત્રે પિતાના હૃદયમાંથી વેદનાની ચીસ સરી પડી:

તૂટી રહેલી છત ને તૂટતી જિંદગીનો ભાર છે,
રેતી પડે ઘોડિયામાં, એ કેવો અંધકાર છે!
લાગે છે, રસ્તો અહીં ક્યાંક ભૂલો પડ્યો,
નસીબના સરનામે, માત્ર સંઘર્ષનો અખબાર છે.
ફાંસીની જેમ લટકે છે આ નાનકડી દીવાલ,
એક બાજુ પશુનો શ્વાસ, બીજે માનવનો કાળ છે.
બચાવી શકું નહિ દીકરાને છતના ટુકડાથી હું,
શું આ જ પિતાના પ્રેમનાં લાચારીનો પ્રકાર છે?

એ અંધકારમાં પિતાએ મૌન શપથ લીધા કે આ સંઘર્ષ હવે પૂરો કરવો છે. જ્યારે વિજયનગરના સ્ટાફને આ ૧૦૦ રૂપિયાની વેદના અને છત તૂટવાની વાત ખબર પડી, ત્યારે આખા સ્ટાફની આંખોમાં ખુશી અને માનવતાના આંસુ હતા.

જોવાયું છે મને પુત્રની વેદના.... માતા પર શું વીત્યું હશે તેની કલ્પના તો આ જગતપિતાને પણ નહિ હોય.. સંઘર્ષ હું કરી રહ્યો હતો દૂરથી, શું મારા પત્નીની આંખમાં  છૂપાયેલા આંસૂ લુંછવા માટે એને સંઘર્ષ નહિ કર્યો હોય .... આ વાત મને વધુ મહેનત તરફ દોડાવતી હતી.

**"આ ગાથા સાબિત કરે છે કે ગમે તેવો આર્થિક સંઘર્ષ હોય, પણ જો જ્ઞાનની સાથે પિતૃત્વની નિષ્ઠા હોય, તો વિજય ચોક્કસ મળે છે."**

# ૧૪.સમયની ક્રૂરતા અને શનિવારની પ્રતીક્ષા

વાત છે રાધીવાડની, એક સામાન્ય મધ્યમવર્ગીય પરિવારની, જ્યાં આશા અને અભાવ વચ્ચે એક પાતળી દોર પર જીવન ઝૂલી રહ્યું હતું. ઘર ભલે નાનું હતું, પણ તેમાં સ્વપ્નોનું મોટું આકાશ સમાયેલું હતું. એક દીકરી અને એક દીકરો—એ બે નિર્દોષ આંખો, જેમણે જીવનના સહેલા પાસા કરતાં સંઘર્ષના વળાંકો વધુ જોયા હતા. આ બાળકો માટે આખું અઠવાડિયું માત્ર એક જ રાહ જોતું હતું: શનિવાર. એ શનિવાર, જ્યારે તેમના વ્હાલા પિતાશ્રી દૂરના પ્રદેશમાંથી થાક લઈને પણ તેમના માટે હૂંફ લઈને પાછા ફરવાના હતા. તે રહેણાંક વિસ્તારમાં દિવસભર જીવનની ધમધમાટ ચાલુ રહેતી. સવાર પડે ને વિવિધ ફેરિયાઓ અને વસ્તુઓ વેચવાવાળા આવતા. કોઈ તાજા શાકભાજીની ગુણ લઈને આવે, તો કોઈ કાપડની પોટલી ખોલીને બેસે, તો કોઈ માટીના વાસણોનો મીઠો રણકાર લઈને આવતો. આજુબાજુના ઘરોમાંથી પડોશીઓ ટોળે વળીને તેમની રોજબરોજની જરૂરિયાતની વસ્તુઓની ખરીદી કરતા. માતાઓ શાકભાજીના ભાવતાલ કરતી, બાળકો રમતા-રમતા નવી વસ્તુઓ તરફ આકર્ષાતા અને ખુશીની એક નાનકડી લહેર આખા મોહલ્લામાં પ્રસરી જતી.

પરંતુ આ દૃશ્યની બરાબર મધ્યમાં, બે નાનકડા જીવ—દીકરી અને દીકરો—માત્ર જોઈ રહેતા. તેઓ ઘરના ઓટલે બેસીને અથવા બારણાની તિરાડમાંથી બહારની દુનિયાને નિહાળતા. તેમની આંખોમાં કોઈ ફરિયાદ

નહોતી, કોઈ જીદ નહોતી; માત્ર એક ઊંડી સમજણ અને ધીરજ હતી. જો કોઈ ફેરિયો આઈસ્ક્રીમ વેચવા આવે અને પડોશીઓના બાળકો આઈસ્ક્રીમ ખાઈને હસતા હોય, તો પણ આ બંને મૌન ધારણ કરીને બેસી રહેતા. તેમની નાનકડી મુઠ્ઠીઓ ભલે ખાલી રહેતી, પણ હૃદયમાં પિતાની મહાનતાનું ગૌરવ ભરેલું હતું.

"ખિસ્સા ભલે ખાલી હતા પણ આંખોમાં વિશ્વાસ હતો,
પિતા આવશે શનિવારે, એ જ અમારો ખાસ હતો.
દુનિયા ભલે વેચતી હોય ખુશીઓ બજારોમાં,
અમારા માટે તો પિતાનો હાથ જ અમારો આકાશ હતો."

જ્યારે નાના હાથ રમકડાંની જગ્યાએ પિતાજીનાં આગમનની પ્રતિક્ષા કરતા થઈ જાય ત્યાજ બાળપણ મરી જાય છે સમજદારીના મૂળમાં...સમયનો પ્રવાહ ધીમો ન પડ્યો, પણ સમયની માંગ બદલાઈ. હવે માત્ર શનિવારના આગમનથી કામ પૂરું થાય તેમ નહોતું. પરિવારને વધુ સારી જિંદગી આપવા માટે પિતાશ્રીએ એક મોટો નિર્ણય લીધો: રોજનું અપડાઉન. આ નિર્ણય માત્ર ભૌગોલિક અંતરને ઓછું કરવા માટે નહોતો, પણ સમય સાથેનું એક કપરૂ યુદ્ધ હતું. રોજ સવારે આઠ વાગ્યાનો સમય એટલે માત્ર ઘડિયાળનો કાંટો નહીં, પણ યુદ્ધના મેદાનમાં પ્રસ્થાન કરવાનો સમય. રાધીવાડથી શરૂ કરીને વિજયનગર સુધીનો પ્રારંભિક પ્રવાસ, અને ત્યાંથી ખેડબ્રહ્મા જવા માટેના વાહનોની શોધ. આ પ્રવાસમાં ધક્કા, ગરમી, ઠંડી અને વરસાદ એમ કુદરતના તમામ માર સહન કરવા પડતા. પિતાશ્રીના ખભા પર માત્ર બેગનું વજન નહોતું, પણ પરિવારના ઉજ્જવળ

ભવિષ્યની જવાબદારીનો અદ્રશ્ય ભાર હતો. રાત પડે ને જ્યારે સાડા સાત વાગ્યે તે પાછા ફરતા, ત્યારે તેમના ચહેરા પર થાક સ્પષ્ટપણે દેખાતો, પણ દરવાજાની બહાર ઊભેલા બાળકોના ચહેરા જોઈને તેમનો બધો થાક પળભરમાં ઉતરી જતો.

શનિવાર, જે પહેલાં આવકારદાયક હતો, તે હવે વધુ કઠોર બની ગયો. શનિવાર એટલે વહેલી સવારના સાડા પાંચ વાગ્યાના અંધારામાં જ નીકળી જવાનું. ઠંડીના દિવસોમાં ધુમ્મસમાં રસ્તો પણ બરાબર ન દેખાય, છતાં તેમના પગ અડગપણે આગળ વધતા. તેમણે ક્યારેય ફરિયાદ ન કરી. તેમની આંખોમાં માત્ર એક જ દૃશ્ય હતું: તેમના બાળકોનું સુખ. ધીમે ધીમે, અથડાઈ-કુટાઈને તેમણે આ બધી મુશ્કેલીઓમાંથી પાર ઉતરવાનું શરૂ કર્યું.જીવનના પથ પરથી કાંટા ઓછા થઈ રહ્યા હતા, અને પરિવાર હવે સ્થિરતાના કિનારે પહોંચી રહ્યો હતો.

પરંતુ, સમય જ્યારે ક્રૂર થાય છે, ત્યારે તે કોઈ પૂર્વસૂચના આપતો નથી. ૨૦૦૧ની સાલ, જે સ્થિરતા લઈને આવી હતી, તે જ સાલ એક ભયંકર કસોટી લઈને આવી. એક દિવસ, જ્યારે પિતાશ્રી પોતાના સાથીમિત્ર વિજયભાઈ પટેલ (લક્ષ્મીપુરા) સાથે શાળાથી ઘરે આવવા માટે નીકળ્યા હતા, ત્યારે કાળરૂપી એક ભયંકર અકસ્માત નડ્યો. આ અકસ્માત માત્ર શરીરને ઈજા પહોંચાડનારો નહોતો, પણ આત્માને હચમચાવી દેનારો હતો. રસ્તા પર પડેલા, આસપાસ લોહી અને ધૂળમાં લથબથ, શરીરનો દરેક ભાગ દુઃખાવાથી ચીસો પાડી રહ્યો હતો. બંને હાથ... હા, જે હાથોએ આટલા વર્ષો સુધી પરિશ્રમ કર્યો હતો, સંઘર્ષનો ભાર ઉઠાવ્યો હતો અને કલમ પકડીને જ્ઞાનનો દીપ પ્રગટાવ્યો હતો, તે જ બંને હાથ એકસાથે ભાંગી પડ્યા હતા. હોસ્પિટલમાં બંને હાથ પર સફેદ પાટા બાંધવામાં આવ્યા. આ

દૃશ્ય અત્યંત કરુણ હતું. એક એવો માણસ, જેણે ક્યારેય કોઈની સામે હાથ લાંબો નહોતો કર્યો, તેના હાથ હવે લાચાર બનીને સફેદ પાટાઓમાં કેદ હતા.

"જે હાથોએ આખી જિંદગી સૌને પકડ્યા હતા,
આજે એ જ હાથ લાચારીના પાટામાં જકડ્યા હતા.
સમયની ક્રૂરતાએ કર્યો એવો ઘા કાળજા પર,
કે ખુદ નસીબે પણ આજે આંસુ ટપકાવ્યા હતા."

પરંતુ અહીં જ પિતાશ્રીના અડગ મનોબળની સાચી કસોટી થઈ. તેમનું શરીર ભલે લાચાર બન્યું, પણ તેમનું મન હાર માનવા તૈયાર નહોતું. વેદના, પીડા અને નિરાશાની દરેક ક્ષણને તેમણે હિંમતથી હરાવી. બાળકો ફરીથી રાહ જોતા હતા, પણ આ રાહ શનિવારની નહીં, પણ પિતાશ્રીના સ્વસ્થ થવાની હતી. તેમની ધર્મપત્નીએ આ કપરા સમયમાં એક મજબૂત આધારસ્તંભ બનીને સાથ આપ્યો. ધીમે ધીમે, પીડા સહીને પણ પિતાશ્રીએ જીવનની ગાડી ફરીથી પાટે ચડાવી. શારીરિક ક્ષતિ કે સમયની ક્રૂરતા મનની દ્રઢતા સામે ઝાંખા પડી ગયા.

**"તેમનો આ સંઘર્ષ આવનારી પેઢીઓ માટે અડગતા અને આત્મવિશ્વાસનો પ્રેરણાદાયક સ્રોત છે. તેમણે મુશ્કેલીઓમાંથી બહાર નીકળીને જીવનને એક નવો આયામ આપ્યો, જે ખરેખર વંદનીય છે."**

# ૧૫.કર્મભૂમિના કર્મયોગી

આ કર્મભૂમિ, જેનું સૌંદર્ય ઇમારતોની ભવ્યતામાં નહોતું, પણ એ હજારો નાનકડા મગજમાં હતું જ્યાં જ્ઞાનના દીવા પ્રગટતા હતા. અહીં કોઈ અધિકારી કે શેઠ નહોતા, અહીં તો એક વિદ્યાના પુજારી હતા; જેમનું આખું અસ્તિત્વ ફક્ત ધ્વનિમાં અને ધ્વનિનું અસ્તિત્વ માત્ર વાચામાં રહેલું હતું. સવાર પડે ને તેઓ પોતાની પાઠશાળાના આંગણે પગ મૂકે, ત્યારે એવું લાગતું કે જાણે કોઈ મંદિરના ગર્ભગૃહમાં પ્રવેશી રહ્યા હોય. ત્યાંની ધૂળ પણ તેમના ચરણસ્પર્શથી પવિત્ર થતી હોય એવી અનુભૂતિ થતી.

તેમનું ભણાવવું એ માત્ર પુસ્તકોના પાઠનું વાંચન નહોતું, એ તો જ્ઞાનને પીરસવાની એક અનોખી કળા હતી. જ્યારે ગુજરાતીના આખ્યાનોનો વારો આવતો, ત્યારે તેમના કંઠમાંથી નીકળતા શબ્દોમાં એવો સૂર રેલાતો કે સાંભળનાર સ્તબ્ધ થઈ જતો. તેમના અવાજમાં મીરાંનો ભાવ, નરસિંહ મહેતાની ભક્તિ અને પ્રેમાનંદની કથાકલા એકસાથે ગુંજતી હતી. વિદ્યાર્થીઓ ક્યારેય કંટાળતા નહીં, કારણ કે આ વિદ્યાપુરુષ ફક્ત ભણાવતા નહોતા, તેઓ તો જીવન જીવવાની કળા શીખવતા હતા.

સાદો હતો તેમનો સ્વર, પણ સૂર તેનો તાજગી ભર્યો,
વાચા તેમની હતી શિક્ષક, પણ શબ્દ તેમના કારીગરી ભર્યા.
જ્ઞાન નહોતું કિતાબોમાં, જ્ઞાન હતું તેમની નસોમાં,
કર્મ હતું નિભાવવું, બાકી ક્યાં સમય હતો કસરોમાં.

આ વાચા પાછળ સોના જેવું શુદ્ધ હૃદય છુપાયેલું હતું. કોઈ વિદ્યાર્થી ફી ન ભરી શકતો કે કોઈને પુસ્તકો લેવાના પૈસા નહોતા, ત્યારે આ કર્મયોગી શાંતિથી પોતાના પગારમાંથી એ બાળકોની મદદ કરી દેતા. તેઓ માનતા કે શિક્ષણ પર દરેક બાળકનો જન્મસિદ્ધ અધિકાર છે. ઘણીવાર તેઓ પોતાના માટે જૂનાં કપડાં કે સાદું ભોજન પસંદ કરતા, પણ વિદ્યાર્થીના હાથમાં ક્યારેય જૂની કિતાબ કે ખાલી પેન્સિલ ન હોવી જોઈએ, એવો તેમનો આગ્રહ રહેતો. તેઓ હંમેશા કહેતા, "જ્ઞાનનું દાન એ જ સાચું ધન છે." તેમની આ નિઃસ્વાર્થ સેવાને કારણે એ શાળા માત્ર જ્ઞાનનું જ નહીં, પણ માનવતાનું મંદિર બની ગઈ હતી.

પરંતુ સમયની ગતિ અવિરત છે. વિજયનગરની એ શાળા, જ્યાં તેમણે સોનેરી વર્ષો વિતાવ્યા હતા, ત્યાં વહીવટી ફેરફારો થયા. ફાજલ પડવું—આ શબ્દ એવા શિક્ષક માટે કેટલો પીડાદાયક હોય, જેનું આખું જીવન એ જ આંગણામાં ઓગળી ગયું હોય! એક-એક કરીને પરિચિત ચહેરાઓ વિદાય લેતા ગયા અને અંતે આ કર્મયોગીના માથે પણ પરિવર્તનનો ભાર આવ્યો. તેમના માટે એ માત્ર નોકરી બદલવાનો નિર્ણય નહોતો, પણ આત્માનું શરીર છોડવા જેવો આઘાત હતો. વિદાયના દિવસે વિદ્યાર્થીઓની આંખોમાં આંસુ હતા, પણ આદરણીય શિક્ષકશ્રીએ વચન આપ્યું, "શબ્દોનો સૂર ક્યારેય શાંત નહીં થાય, હું ભલે સ્થળ બદલું, પણ કર્મનો ધર્મ એ જ રહેશે."

જ્ઞાન દેને વાલે ગુરુ કો વંદન હે, ઉનકે ચરણો કી ધૂલ ભી ચંદન હે.
જરૂરતે સમય સમય પર બદલતી હે, પર એક શક્સ કો દેખા હે
મેને જિસને કભી અપને શિષ્યો કો આગે જાને કે અલાવા ઓર
કોઈ જરૂરતે સમય કે પરિવર્તન મે ભી બદલી નહી.

નવા પ્રકરણની શરૂઆત ૦૮ જુલાઈ, ૨૦૦૫ના રોજ થઈ. વિજયનગરના ધબકારા પાછળ છૂટી ગયા હતા અને તેમણે શેઠ સી. જે. હાઈસ્કૂલ, વડાલી ના પ્રાંગણમાં પગ મૂક્યો. આ વખતે તેઓ ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં જોડાયા હતા. વિદ્યાર્થીઓ મોટા હતા અને અપેક્ષાઓનું આકાશ પણ વિશાળ હતું. તેમનો પ્રવેશ એક માનનીય વિદ્વાન તરીકે થયો, જેમના અનુભવનો સાગર અગાધ હતો. વડાલીની ભૂમિ પર પણ તેમણે પોતાની વાચાને એ જ ઊર્જાથી પ્રસ્તુત કરી. સાહિત્યની ઊંડાઈ અને તત્વજ્ઞાનના પાઠ હવે નવા વિદ્યાર્થીઓના મન ઘડવા લાગ્યા.

વડાલીમાં પણ ગુપ્ત દાનની એ પરંપરા અવિરત રહી. કોઈને ગણવેશ, કોઈને ફોર્મની ફી કે કોઈને ટ્યુશનની જરૂર હોય, આ કર્મયોગી હંમેશા શાંત છાયા બનીને ઊભા રહેતા. તેઓ વિદ્યાર્થીઓને કહેતા, "જીવનમાં સૌથી મોટો અભ્યાસ એ છે કે તમે તમારા હૃદયનો અવાજ સાંભળી શકો." વિજયનગરમાં જે ધૂળ પવિત્ર થતી હતી, એ જ પવિત્રતા હવે વડાલીના પગથિયાં પર અનુભવાતી હતી.

સ્થળ બદલાયું પણ શ્રદ્ધાનો દીવો અખંડ રહ્યો,
શબ્દોનો એ શાશ્વત સૂર પવિત્ર ને પ્રચંડ રહ્યો.
કર્મભૂમિ ભલે નવી હોય પણ ધર્મ તો એ જ છે,
માનવતાનો એ મહીમા જગતમાં સૌથી શ્રેષ્ઠ છે.

**"તેમનું જીવન એ વાતનો પુરાવો છે કે સાચો શિક્ષક ક્યારેય ફાજલ પડતો નથી; એ તો માત્ર સ્થળ બદલે છે, પણ એનું ધર્મકાર્ય હંમેશા અવિરત રહે છે."**

# ૧૬.સંઘર્ષના શિલ્પી

જીવનની આ યાત્રામાં અમુક વ્યક્તિત્વ એવા હોય છે, જે પોતાના સંઘર્ષને માત્ર જીવતા નથી પણ તેને એક ઉદાહરણ બનાવી દે છે. આ ગાથા એવા જ એક સંઘર્ષમય વ્યક્તિત્વ અને તેમના સહયોગી પરિવારની છે, જેમણે મર્યાદિત સાધનોમાં પણ કર્તવ્યનિષ્ઠાનું એક વિશાળ સામ્રાજ્ય રચ્યું છે. વિજયનગરથી વડાલી સુધીની આ સફર માત્ર સ્થળ પરિવર્તન નહોતું, પણ જીવનના એક મહાન અધ્યાયનું સમાપન અને બીજા ભવ્ય અધ્યાયનો શુભારંભ હતો.

આ સંઘર્ષના દિવસોનું સૌથી પવિત્ર સ્થળ તે ૧૦×૨૦ ફૂટની નાનકડી ઓરડી હતી. ભૌતિક દૃષ્ટિએ જગ્યા ભલે સાંકડી હોય, પરંતુ તેમાં વસનારાઓનાં હૃદયની વિશાળતા એટલી હતી કે તે ઓરડીમાં આખી દુનિયા સમાઈ જતી હતી. આ ઓરડી જ્ઞાન, પ્રેરણા અને શાંતિનું કેન્દ્ર બની રહેલી, જ્યાં આ શિલ્પીના જીવનના આધારસ્તંભ સમાન મિત્રો – શ્રી દોલતસિંહ, શ્રી નટવરસિંહ, શ્રી કિશનસિંહ, શ્રી રાજેન્દ્રસિંહ અને શ્રી વિજયસિંહ – રોજ રાત્રે એકત્ર થતા. તેમનું રોજ રાત્રે બેસવું એ માત્ર સમય પસાર કરવો નહોતો, પણ આવતીકાલના સંઘર્ષ માટે ઊર્જાનું આદાનપ્રદાન કરવું હતું.

ચોમાસામાં જ્યારે ઘરની છતમાંથી પાણી ટપકવાની 'ટપક સિંચાઈ' શરૂ થતી, ત્યારે આ હૃદયના ઉદાર મિત્રો એકસાથે મળીને વાસણો ગોઠવવાનું

કાર્ય હસતાં મુખે કરતા. આ દૃશ્ય મુશ્કેલીમાં એકતા જાળવવાનું અને જીવન જીવવાની કળાનું પ્રતીક હતું.

"દીવાલો ભલે સાંકડી હતી પણ દિલમાં આકાશ હતું,
મિત્રોનો સાથ હતો એટલે જ જીવવામાં ખાસ વિશ્વાસ હતો.
છત ટપકતી હતી ભલે, પણ આંખમાં ક્યાંય ભીનાશ નહોતી,
સંઘર્ષના એ દિવસોમાં જ તો જીવનની સાચી મીઠાશ હતી."

સમય હંમેશાં એક સરખો રહેતો નથી. ૮ જુલાઈ, ૨૦૦૫ એ માત્ર એક તારીખ નહીં, પણ કર્મનો પોકાર અને એક નવા યુગનો ઉદય હતો. વિજયનગરનો અધ્યાય પૂરો થયો અને પિતાશ્રીને તેમની નવી કર્મભૂમિ તરીકે શેઠ સી. જે. હાઈસ્કૂલ, વડાલી ખાતે કાર્યભાર સંભાળવાનો ગૌરવપૂર્ણ અવસર મળ્યો. વિજયનગરની ભૂમિએ મિત્રોનો સાથ અને સંઘર્ષની તાકાત આપી, પણ હવે સમય નવી જવાબદારીઓ ઉપાડવાનો હતો. વિજયનગરથી વડાલીનું આ પ્રયાણ સહજ નહોતું; એક તરફ પરિચિત સંસ્મરણો છોડવાની વેદના હતી, તો બીજી તરફ નવી જમીન પર નવી શરૂઆત કરવાનો ઉત્સાહ હતો.

વડાલી નુ જીવન એટલે સાદગી, નિખાલસતા અને નિકટતા. શેઠ સી. જે. હાઈસ્કૂલમાં તેમણે પોતાની જાતને શિક્ષણકાર્ય પ્રત્યે સંપૂર્ણપણે સમર્પિત કરી દીધી. તેમનું કાર્ય માત્ર ભણાવવા પૂરતું સીમિત નહોતું, પણ વિદ્યાર્થીઓમાં મૂલ્યોનું સિંચન કરવાનું હતું. શાળાએ તેમને કર્મભૂમિ તરીકે સ્વીકાર્યા અને તેમણે શાળાને તપોભૂમિ બનાવી દીધી. વડાલીનો આ

અધ્યાય શાંતિ અને સ્થિરતાનો અધ્યાય બની રહ્યો, જ્યાં તેમને સંઘર્ષના દિવસોમાં જે ઉદ્દેશની શોધ હતી તે પ્રાપ્ત થયો.

આ સફળતામાં પરિવારની ભૂમિકાને ક્યારેય ભૂલી શકાય નહીં. પિતાશ્રીના અદૃશ્ય મજબૂત ટેકા સમાન પરિવારે ક્યારેય ફરિયાદ કરી નથી, પણ હંમેશાં પ્રોત્સાહન આપ્યું છે. ભલે નાની ઓરડીમાં રહેવું પડ્યું હોય કે નવી જગ્યાએ અનુકૂલન સાધવું પડ્યું હોય, પરિવારે એકતા અને પ્રેમની ભાવના જાળવી રાખી. સાચો વારસો ભૌતિક સંપત્તિ નહીં, પણ ઉચ્ચ ચારિત્ર્ય અને સંસ્કાર છે, જે આ પરિવારે સાબિત કર્યું.
આ મહાન વ્યક્તિની ગાથા અસાધારણ મનોબળ, નિસ્વાર્થ મિત્રતા અને અટલ પારિવારિક પ્રેમની ઉજવણી છે.

"૧૦ × ૨૦ની ઓરડીમાંથી શરૂ થઈ આ વિરાટ સફર,
સંઘર્ષના એ પથ પર ક્યારેય ન નમી એમની નજર.
વડાલીની પવિત્ર ધરતી પર ખીલ્યું એ કર્તવ્યનું ગુલાબ,
પિતાશ્રીનું જીવન છે આજે હજારો પ્રશ્નોનો જવાબ."

**"૧૦×૨૦ની ઓરડીમાંથી મળેલી શીખ, આજે વડાલીની કર્મભૂમિમાં એક વિશાળ વટવૃક્ષ બનીને અનેક લોકોના જીવનને છાંયડો આપી રહી છે."**

# ૧૭.પુત્રીની વિદાય: સંઘર્ષની સાક્ષી અને ચોધાર આંસુ

પુત્રીની વિદાય માત્ર એક રિવાજ નથી, પણ એક આખાય સંઘર્ષમય જીવનની મીઠી ફળશ્રુતિ છે. જીવનના અંધકારના એ દિવસો, જ્યારે આપણો ચાર સભ્યોનો પરિવાર માત્ર ૧૦×૨૦ ફૂટની નાનકડી ખોલીમાં શ્વાસ લેતો હતો, તે ખોલી માત્ર ઈંટોની દીવાલો નહોતી; એ તો પિતાશ્રીના આકરા સંઘર્ષની જીવંત સાક્ષી હતી. એ ઘરની છત ઉનાળામાં અગનગોળો બની જતી અને ચોમાસામાં ટપકતી, પણ તેના ખૂણે-ખૂણે મહેનતની સુગંધ હતી. પિતાશ્રી, તમને યાદ છે? જ્યારે દીકરી ગરમીમાં સૂઈ ન શકતી, ત્યારે તમે જમીન પર પાણી છાંટીને હાથથી પંખો નાખતા. એ હવા નહોતી, પણ પિતાના પરસેવાનો શીતળ સ્પર્શ હતો.

વર્ષ ૨૦૦૬માં જીવનનો નવો અધ્યાય શરૂ થયો. આઠમા ધોરણનો એ પહેલો દિવસ, જ્યારે તમે મારો હાથ પકડીને શેઠ સી. જે. હાઈસ્કૂલમાં લઈ ગયા હતા. એ દિવસથી આપણી રોજેરોજની બસની સફર શરૂ થઈ. સવારની એ ભીડવાળી બસમાં તમે હંમેશા મારા માટે સીટ શોધી દેતા અને તમારા ખભા પર મારું માથું ટેકવવાની પરવાનગી આપતા. તમારા કપાળ પરના પરસેવાના બિંદુઓમાં મારા ભવિષ્યના સપના ઓગળતા હતા. તમે કહેતા, "બેટા, ભણતર જ આપણું સાચું ધન છે, જે કોઈ ચોરી શકશે નહીં."

મારી વહાલી બહેન, જેણે એ નાનકડા ઘરમાં બાળપણનો દરેક અભાવ જોયો હતો, તે માત્ર દીકરી નહોતી; તે તમારા સંઘર્ષની મંત્રી હતી. તેણે ક્યારેય કોઈ રમકડાની જીદ નહોતી કરી, કારણ કે તે પિતાની મજબૂરીને હૃદયથી સમજી ગઈ હતી. તમે તેને સંઘર્ષની આગમાં તપીને પારસમણિ બનાવી હતી.

"નાની હતી ઓરડી પણ સપનાઓ વિરાટ હતા,
અભાવોની વચ્ચે પણ સંસ્કારોના થાટ હતા.
દીકરીએ જોયો હતો પિતાનો એ ધોમધખતો પરસેવો,
એટલે જ એના મનમાં ક્યારેય નહોતા કોઈ ઉચાટ હતા."

વર્ષો વીત્યા અને તમારી મહેનત રંગ લાવી. ૧૦×૨૦ ના એ ગઢમાંથી બહાર નીકળીને આપણે નવા, મોકળા ઘરમાં ગૃહપ્રવેશ કર્યો. એ આંગણું તમારા તપનું ફળ હતું. અને પછી આવ્યો એ દિવસ, જેની ખુશી અને ગમ બંને એકસાથે હતા—દીકરીના લગ્ન. લગ્નની ધામધૂમમાં આખું ઘર ઝૂમી રહ્યું હતું, પણ તમારી છાતીમાં એક ડૂસકું છુપાયેલું હતું. તમે હસતા હતા, પણ આંખોમાં એક મહાસાગર હિલોળા લેતો હતો. ચાર સભ્યોના પરિવારમાંથી હવે ત્રણ થઈ જવાની એ અણગમતી વાસ્તવિકતા સામે આવીને ઊભી હતી.

કન્યાદાનની એ પવિત્ર વિધિમાં જ્યારે તમે દીકરીનો હાથ સોંપ્યો, ત્યારે જાણે તમારા જીવનનો એક આખો યુગ સમાપ્ત થઈ રહ્યો હતો. વિદાયની ઘડી આવી ત્યારે આકાશ પણ ગમગીન હતું. જે પિતાએ જીવનના મોટા તોફાનો સામે મનોબળ ડગવા નહોતું દીધું, એ બાપ આજે ચોધાર આંસુએ

રડી પડ્યો. એ આંસુ કમજોરીના નહોતા, એ તો વીતેલા વર્ષોના સંઘર્ષનો હિસાબ હતો.

દીકરી એટલે ઘરનો દીવો, જે બીજા ઘરને રોશન કરે,
ને બાપ એટલે વટવૃક્ષ, જે મૂંગો રહીને ડાળી કપાવે.
ખુશી તો છે કે તારું પોતાનું આંગણું છે આજ,
પણ આંસુ રોકાતા નથી કે ઘરમાં નથી તારો અવાજ.
લક્ષ્મીના પગલાં જ્યાં પડે, ત્યાં ક્યારેય ના હોય કમી,
બસ એક વિનંતીઃ આ બાપને ભૂલતી નહીં ક્યારેય તમી.

તમે તેને છાતી સરસી ચાંપીને ધ્રુજતા અવાજે કહ્યું, "બેટા, જા ખુશ રહેજે. મેં તને સંઘર્ષ કરતા શીખવ્યું છે, હવે તારા નવા ઘરને સંસ્કારોથી શણગારજે." જ્યારે તેની ગાડી રસ્તાના વળાંકમાં અદૃશ્ય થઈ, ત્યારે આખું આંગણું અને તમારું હૃદય ખાલી થઈ ગયું. ચારની દુનિયા હવે ત્રણ થઈ ગઈ. એ શૂન્યાવકાશ કાયમ રહેશે, પણ તેમાં તમારી પુત્રીના ભવિષ્યની રોશની હંમેશા ઝળહળતી રહેશે.
તમારી જીવનસંગિની (માતા) અને હું, હવે આપણે ત્રણેય એ મીઠી યાદોને સંગ્રહીને જીવીશું. દીકરીના ગયા પછી ઘર શાંત થઈ ગયું છે, પણ ભીંતો પર લટકતા તેના ફોટા આજે પણ પિતા હોવાના ગૌરવનો અહેસાસ કરાવે છે.

**"પિતાશ્રી, તમે માત્ર દીકરીને વિદાય નથી આપી, તમે તમારા આજીવન સંઘર્ષને એક શુભ પરિણામ આપ્યું છે.આપનો સંઘર્ષ અમર રહો."**

# ૧૮.ઋણાનુબંધની કથા

'જ્યાં માંડવો ફરી રોપાયો'

'ઘર'... એ શબ્દ માત્ર સરનામું નથી, એ તો એક જીવંત ગ્રંથ છે, જેની દરેક દીવાલ પર વિતેલા સમયની શાહીથી સુખ-દુઃખની કથા લખાયેલી હોય છે. મારા માટે આ ઘર એક મંદિર સમાન હતું, જ્યાં હજુ બે વર્ષ પહેલાં જ દીકરીની વિદાયની યમુના ઊમટી હતી. એ વિદાયનો ખાલીપો હજુ ભરાયો નહોતો, ત્યાં જ નિયતિએ એક અણધારી જવાબદારી સોંપી. હજુ માંડ બે વર્ષ વીત્યા હશે, અને અચાનક એ જ આંગણામાં ફરી વાંસની સળીઓનો ખડખડાટ શરૂ થયો. આ વખતે માંડવો રોપાવાનો હતો મારી ભાણીબાનો. આ નિર્ણય માત્ર લગ્નનો નહોતો, પણ એક પવિત્ર ઋણ ચૂકવવાનું સાધન હતું.

વાત ૨૦૧૩ના વર્ષની છે. આ કથાનું કેન્દ્રબિંદુ એટલે મારા બનેવીસાહેબ, જેમને હું 'વડીલ' તરીકે સંબોધીશ. તેઓ એન્જિનિયરિંગના ગોલ્ડ મેડલિસ્ટ અને અમદાવાદની નિરમા કંપનીમાં મેનેજરના ઊંચા પદ પર હતા. તેમની કારકિર્દી સૂર્યની જેમ ધગધગતી હતી. પરંતુ ૨૪ એપ્રિલનો એ દિવસ કાળમુખો સાબિત થયો. ઓફિસમાં કામ દરમિયાન હૃદયરોગનો આકસ્મિક હુમલો આવ્યો અને એ તેજસ્વી કારકિર્દીનો કરુણ અંત આવ્યો. આ સમાચાર એક પરિવારના સપના પર ગ્રહણ જેવા હતા. તેમની દીકરી (મારી ભાણીબા) ના માથેથી પિતાનું છત્ર છીનવાઈ ગયું.

વડીલ હયાત હતા ત્યારે અમારા પરિવાર માટે હંમેશા ઢાલ બનીને ઊભા રહેતા. હવે જ્યારે તેઓ નહોતા, ત્યારે તેમની લાડકવાયી દીકરીનું ભવિષ્ય સંભાળવું એ અમારું પરમ કર્તવ્ય હતું. મેં અને મારા પરિવારે મૌન સંકલ્પ લીધો: "માંડવો મારા જ આંગણે રોપાશે. મારી ભાણીબા માત્ર ભાણી નથી, તે મારી દીકરી છે."

"લોહીના સંબંધોથી પણ ઊંચો એક નાતો હોય છે,
જ્યાં સ્નેહ અને સમર્પણનો જ ખાલી વાતો હોય છે.
પિતા નથી તો શું? આ મામો હજુ બેઠો છે,
ઋણ ચૂકવવા કાજે જ આ માંડવો ફરી રોપાયો છે."

માંડવો ફરી રોપાયો. આ વખતે વાંસના એ જ થાંભલા હતા, પણ તેનો અર્થ બદલાઈ ગયો હતો. બે વર્ષ પહેલાં તે વિદાયની વેદનાના પ્રતીક હતા, આજે તે પિતૃપ્રેમના ગૌરવના પ્રતીક બન્યા હતા. મંગળફેરાના સમયે એવું લાગતું હતું કે જાણે વડીલ પોતે સ્વર્ગમાંથી ઉતરીને આશીર્વાદ આપી રહ્યા છે. સગી દીકરીના લગ્નમાં જે ઉત્સાહ હતો, તેનાથી પણ વધુ પ્રેમથી મેં ભાણીબાની દરેક જવાબદારી નિભાવી.

અંતે વિદાયની એ પળ આવી. બે વર્ષ પહેલાં સગી દીકરીની વિદાય વખતે આંસુમાં વેદના હતી, પણ આજે ભાણીબાની વિદાય વખતે આંસુમાં સંતોષ હતો. જ્યારે ભાણીબા મને ભેટી પડી, ત્યારે મેં ધીમેથી તેના કાનમાં કહ્યું, "બેટા, આજે તને વિદાય આપીને મને લાગે છે કે મેં તારા પપ્પાનું ઋણ ચૂકવી દીધું."
હૈયું રડે છે તે છતાં આંખો સજલ નથી,

આ લાગણીના પુરાવા સરળ નથી હોતા દોસ્ત...

જ્યાં ઋણ ચૂકવવું ખૂબ મુશ્કેલ હોય છે છતાંપણ આજ સુધી કોઈ ઋણ ચૂકવી શક્યું નહિ.

સગી દીકરી ને ભાણીમાં ક્યારેય ન રાખ્યો ભેદ,
આજે વિદાય વેળાએ હૃદયમાં નથી કોઈ ખેદ.
ઋણ હતું જે વડીલનું, એ આજે મેં પૂરું કર્યું,
પિતૃત્વનું એ દેવું મેં વ્યાજ સાથે ચૂકવી દીધું.

ગાડી ઉપડી અને આંગણું ફરી શાંત થયું. આ વખતે જે ખાલીપો આવ્યો તે પૂર્ણતાનો હતો. આ માંડવો ફરી રોપાયો અને એણે પુરવાર કરી દીધું કે લોહીના સંબંધો કરતાં પણ માનવતાનો ઋણાનુબંધ વધારે મજબૂત હોય છે. આ પ્રસંગે માત્ર પિતૃત્વનું ગૌરવ જ ન આપ્યું, પણ વડીલના આત્માને એ શાંતિ આપી કે તેમની દીકરીને પિતાની કમી વિના જ વિદાય મળી છે.

**"આ ઋણમુક્તિની કહાણી મારા જીવનનું સૌથી મોટું સંભારણું બની રહેશે."**

# ૧૯.ગુરુ વંદના

એક એવી વિરલ વ્યક્તિની વાત છે, જેમનું અસ્તિત્વ માત્ર એક નામ કે ઔપચારિક હોદ્દાની પરિભાષા પૂરતું ક્યારેય સીમિત નહોતું. તેઓ તો એક જીવંત સંસ્થા હતા, લાગણીઓનો અવિરત પ્રવાહ હતા, અને માનવતા તથા જીવનના ઉત્કૃષ્ટ મૂલ્યોનું જીવંત ઉદાહરણ હતા. જે શૈક્ષણિક સંકુલને સૌ શેઠ.સી.જે. હાઈસ્કૂલના નામથી સન્માન આપે છે, તેના વિશાળ પટાંગણમાં એમની હાજરી એક શીતળ, શાંત અને ગહન છાયા સમાન હતી, જ્યાં માત્ર જ્ઞાનની નહીં, પણ કરુણા અને પ્રેમની અખંડધારા વહેતી હતી.

શરૂઆતના દિવસોમાં, એમનું વ્યક્તિત્વ ભલે થોડું સંકોચશીલ અને ગંભીર લાગ્યું હોય, પણ શિક્ષણ અને સંવેદનાના માર્ગે ચાલતા, ધીમે ધીમે, સંવેદનાની અદ્રશ્ય પણ મજબૂત દોરીઓથી તેઓ બાળમાનસ સાથે ગહેરાઈથી જોડાતા ગયા. આ લગાવ એટલો બધો વધ્યો કે જોતજોતામાં, એમણે ઔપચારિક ઘોષણા વિના જ, 'બાળકોના પ્રિય શિક્ષક'નું સર્વોચ્ચ બિરુદ મેળવી લીધું. એમની વાણીમાં મમતા હતી, એમની આંખોમાં પુત્રવત્ સ્નેહ હતો, અને એમના વર્તનમાં નિસ્વાર્થ સમર્પણનો ભાવ હતો. તેઓ એક એવો લાગણીનો સેતુ બની ગયા હતા, જેણે શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેના અંતરને ભૂંસી નાખીને એક પિતૃતુલ્ય સંબંધની સ્થાપના કરી હતી, જ્યાં આદર અને વિશ્વાસનો અખંડ દીપ પ્રજ્વલિત હતો.

તેમનો સ્વભાવ, સ્વચ્છ જળની જેમ, સરળ અને પારદર્શક હતો. જીવનના લાંબા પ્રવાહમાં એમણે ક્યારેય કોઈની સાથે ઝઘડાના વમળમાં પડવાનું પસંદ નહોતું કર્યું. એમનું આખું જીવન શાંતિ, સંતોષ અને અન્યોની નિસ્વાર્થ મદદ કરવાની ભાવનાથી સદાય ભરેલું હતું. કોઈ પણ વ્યક્તિની તકલીફમાં તેઓ સહાય માટે હંમેશા તત્પર રહેતા, જાણે કે એ કાર્ય તેમના પોતાના જીવનનો એક ભાગ હોય. એમની આ વિનમ્રતા, સરળતા અને સતત સહાયક વૃત્તિએ જ તેમને સહકર્મીઓ, વિદ્યાર્થીઓ અને સમગ્ર સમાજમાં અત્યંત આદરણીય સ્થાન અપાવ્યું હતું.

આટલી સરળતા અને સંયમ પાછળ એક અત્યંત નિખાલસ અને મજબૂત 'બિન્દાસ' વ્યક્તિત્વ છુપાયેલું હતું. એમની સચ્ચાઈ અને સત્યનિષ્ઠા એટલી અડીખમ હતી કે જેને જે કહેવું હોય, તે સીધું અને સ્પષ્ટ મોઢા પર જ કહી દેવાની એમની હિંમત હતી. તેઓ માનતા: 'ખોટું લગાડવું હોય તો ભલે લાગે, પણ મનમાં કોઈ મેલ રાખવો નહીં.' આ સિદ્ધાંતે જ તેમને એક અદ્વિતીય અને પારદર્શક માનવી બનાવ્યા હતા. તેઓ હંમેશા સત્ય અને ન્યાયના પક્ષે જ ઊભા રહેતા, અને એમની વાતમાં વજન હતું, કારણ કે સૌ જાણતા હતા કે આ વ્યક્તિ હંમેશા સચ્ચાઈથી જ બોલશે.

શૈક્ષણિક કાર્યક્ષેત્રે, તેઓ સમાજશાસ્ત્ર અને ભૂગોળ જેવા જીવનલક્ષી વિષયોનું અધ્યાપન કરાવતા. એમની ધારદાર રજૂઆત એટલી અસરકારક રહેતી કે વિદ્યાર્થીઓ કલાસરૂમમાં મંત્રમુગ્ધ થઈ જતા. તેઓ માત્ર જ્ઞાન નહોતા આપતા , પણ વિદ્યાર્થીઓને વિચારતા કરતા. આ વ્યક્તિના વ્યક્તિત્વની ઉષ્મા શાળાના મોટા બાળકો, ખાસ કરીને ૧૧મા

અને ૧૨મા ધોરણના યુવાનો સાથેના તેમના સંબંધોમાં સ્પષ્ટપણે જોવા મળતી. આ વિદ્યાર્થીઓ તેમને માત્ર શિક્ષક નહીં, પણ મિત્ર અને માર્ગદર્શક માનતા, અને તેમના તરફથી મળેલા નિસ્વાર્થ પ્રેમ અને આદરની અભિવ્યક્તિ રૂપે એમનો જન્મદિવસ શાળામાં ધામધૂમથી ઉજવાતો, જે જોઈને એમની આંખોમાં હર્ષનાં આંસુ આવી જતાં.

શિક્ષણ પ્રત્યેની એમની નિષ્ઠા કલાસરૂમની ચાર દીવાલોથી પરે હતી. એમણે વિદ્યાર્થીઓને પરિશ્રમ માટે પ્રોત્સાહન આપવાનો એક અનોખો અને નિસ્વાર્થ માર્ગ અપનાવ્યો હતો. બોર્ડની પરીક્ષામાં જે વિદ્યાર્થીઓને બંને વિષયમાં ૬૦થી વધુ ગુણ આવતા, તેમને તેઓ પોતાના અંગત ખર્ચે ₹૫૦૦ થી લઈને ₹૨૦૦૦ સુધીનું રોકડ ઇનામ આપતા. તેઓ કહેતા, "આ આંકડો (ખર્ચનો) ગમે તેટલો થાય, એની ચિંતા ન કરો, કારણ કે વિદ્યાર્થીઓ છે તો આપણે છીએ."

તેઓ પોતાના પૈસા પોતાના માટે નહીં, પણ પોતાના વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય પાછળ વાપરતા.
બાળકોના સ્મિતમાં જ શિક્ષકની સાચી સફળતા છુપાયેલી હોય છે.

પુસ્તક એટલે સમયનાં સાગરમાં ઉભી કરવામાં આવેલી દીવાદાંડી,
મિત્રતા વિનાનો શિક્ષક ક્યારેય ગણતર નઈ આપી શકે...તે ફક્ત પુસ્તકિયું ગોખણપટ્ટી જ કરવી શકશે. ક્લાસરૂમ માં હસતાં બાળકોની નિશાની સાચા શિક્ષકોનો ગુણ છે.

આ નિઃસ્વાર્થ ભાવના અને સમર્પણને લીધે જ તેમને વિદ્યાર્થીઓ તરફથી પ્રેમથી 'રાણા'નું બિરુદ પ્રાપ્ત થયું હતું, જે કોઈ સંસ્થાએ નહીં, પણ હજારો વિદ્યાર્થીઓના હૃદયે આપેલું સર્વોચ્ચ સન્માન હતું.

આટલું સંયમિત અને ગંભીર જીવન જીવનાર વ્યક્તિના જીવનનો એક પ્રસંગ એવો છે, જે હૃદયને હચમચાવી નાખે છે. આ વ્યક્તિ, જેણે આખી જિંદગી ગંભીરતા અને સરળતાનું પ્રતીક બનીને જીવી, જે હંમેશા સંયમમાં રહેતા; તેમને સૌપ્રથમ વખત તેમના વહાલા દીકરાના વઘોડા (વરઘોડા)માં નાચતા જોયા. એ ક્ષણ જાણે કે સમય થંભી ગયો હોય. વર્ષોથી સચવાયેલો સંયમ, દબાયેલો આનંદ, પિતા બનવાની ખુશી, અને જીવનની સૌથી મોટી સંતુષ્ટિ - આ બધું એક સાથે એમના પગમાં અને ચહેરા પર છલકાતું હતું. એમણે બિન્દાસ થઈને નૃત્ય કર્યું, કોઈ શરમ નહીં, કોઈ સંકોચ નહીં. એમના ચહેરા પરની એ નિર્દોષ મુસ્કાન, એ હર્ષનો ઉમળકો... એ જોનારા દરેકની આંખો ભીની કરી દે તેવો ભાવ હતો. જાણે કે એમણે વર્ષો સુધી સહુને ખુશ રાખ્યા પછી, પોતાના માટે જીવવાનો એક જ પળ આ દુનિયા પાસેથી ચોરી લીધો હોય.

**"એ ક્ષણ દર્શાવતી હતી કે આ સરળ વ્યક્તિના હૃદયમાં કેટલો ઉમળકો અને પ્રેમ ભરેલો હતો, જે માત્ર એમના પોતાના પરિવારના સૌથી મોટા ઉત્સવમાં જ વ્યક્ત થયો."**

# ૨૦. એક પુત્ર અને વિદ્યાર્થી

મારી આ સંપૂર્ણ યાત્રાનું વર્ણન કરવા બેસું છું ત્યારે શબ્દો ક્યાંથી શરૂ કરવા અને ક્યાં અટકાવવા તે નક્કી કરવું મુશ્કેલ બને છે. આ યાત્રા માત્ર શાળાના અભ્યાસકાળની નથી, પરંતુ એક અનોખા સંબંધની અને પવિત્ર બંધનની અનુભૂતિની છે. હું શેઠ સી. જે. હાઈસ્કૂલ નો એક ગૌરવશાળી વિદ્યાર્થી હતો. ધોરણ ૮ થી ૧૨ સુધીના જીવનના સૌથી મહત્ત્વપૂર્ણ વર્ષો આ વિદ્યાધામના આંગણે પસાર થયા છે. આ સમયગાળો મારા માટે બેવડી ભૂમિકાનો હતો: એક પુત્ર તરીકેનું સ્નેહસભર બંધન અને એક શિષ્ય તરીકેની આદરણીય નિષ્ઠા.

જ્યારે અન્ય વિદ્યાર્થીઓ માટે શિક્ષક અને વિદ્યાર્થીનો સંબંધ માત્ર જ્ઞાનની આપ-લે પૂરતો સીમિત હોય છે, ત્યારે મારા માટે એ સંબંધમાં પિતાના વાત્સલ્યનો આશીર્વાદ પણ ભળેલો હતો. ખાસ કરીને જ્યારે ગુજરાતી વિષયનો તાસ શરૂ થતો અને આદરણીય ગુરુજીના રૂપમાં મારા પૂજ્ય પિતાજી વર્ગખંડમાં પ્રવેશતા, ત્યારે વાતાવરણમાં એક અનોખી ગરિમા છવાઈ જતી.

અગિયારમા ધોરણનો એ વર્ગખંડ આજે પણ આંખો સામે તરવરી ઊઠે છે. અન્ય મિત્રોની જેમ હું પણ એકદમ શાંત સ્વરે બેસી રહેતો. મારૂ એ મૌન માત્ર વિદ્યાર્થી તરીકેનું શિસ્ત નહોતું, પરંતુ એ આદરભાવનું પ્રતીક હતું જે પિતાની હાજરીમાં સહજ રીતે જન્મે છે. હું દરેક શબ્દને ધ્યાનથી

સાંભળતો—માત્ર પરીક્ષામાં પાસ થવા માટે નહીં, પણ એ જ્ઞાનને આત્મસાત કરવા માટે જે મારા પિતાના મુખેથી વહેતું હતું.

"ઘરે જે પિતા હતા, એ જ નિશાળમાં ગુરુ થયા,
સંસ્કાર અને જ્ઞાનના બે સંગમ એકસાથે શરૂ થયા.
વર્ગખંડમાં મર્યાદા હતી, ને ઘરે લાડનો દરિયો,
મારા નસીબમાં જ પિતા રૂપી આવો ગુરુવર્ય વરિયો."

તેમની વાણીમાં જ્ઞાનની ગંભીરતાની સાથે એક પિતા તરીકેની હૂંફ પણ હતી. તેઓ દરેક વિદ્યાર્થીને સમાન દૃષ્ટિથી જોતા અને મારા માટે પણ તેમનો વ્યવહાર એટલો જ નિષ્પક્ષ રહેતો. મને ક્યારેય અન્ય વિદ્યાર્થીઓ સમક્ષ વિશેષ છૂટછાટ ન મળતી, જે તેમના વ્યક્તિત્વની નિષ્પક્ષતા અને મહાનતા દર્શાવતી હતી. ઘરે જેની સાથે હું દીકરા તરીકે મજાક-મસ્તી કરતો, એ જ વ્યક્તિ પાસે વર્ગમાં મર્યાદામાં બેસીને ભણવું એ અનુભવ ખરેખર અદ્ભુત હતો.
આ યાત્રાએ મને માત્ર સાહિત્યનું જ્ઞાન નથી આપ્યું, પણ જીવનની મૂલ્યવાન સમજણ આપી છે. મેં મારા પિતાજીને એક ઉત્તમ શિક્ષક અને આદર્શ પિતા—બંને સ્વરૂપે જોયા છે. શેઠ સી. જે. હાઈસ્કૂલનું એ પરિસર અને એ તાસની ઘડીઓ મારા જીવનની અમૂલ્ય ધરોહર છે.

બે ઘડીક સાંભળવું એમને એ પણ સામાન્ય વિદ્યાર્થિની જેમ એ વાત કોઈને ગળે ઉતરે એમ હતી જ નઈ, જ્યારે હું એમને ક્લાસ માં જોતો ત્યારે મને એમ થતું કે હું કેટલો ભાગ્યશાળી છું કે મને મારા જ પિતાજી પાસેથી જ્ઞાન મળે છે એ પણ સામાન્ય વિદ્યાર્થિની જેમ. હું જેમ જેમ એમના ક્લાસ

ભરતો તેમ તેમ મને એમના પ્રત્યે વધારે સન્માન કરવાનું મન થતું ,કે કેવી રીતે કરી લ્યો છો પપ્પા તમે....

"શબ્દ એમના કાનમાં ગુંજે, જાણે વીણાનો ઝંકાર,
પુત્ર બનીને પામ્યો છું હું, આ જીવનનો સાર.
ધન્ય ભાગ્ય છે મારું કે મળ્યો આવો પાવન યોગ,
પિતાના ચરણે અર્પણ કરું, આ ગૌરવવંતો સંયોગ."

પૂજ્ય પિતાજી, આપના આશીર્વાદ સદૈવ મારી સાથે રહે. આપના પ્રત્યેની આદરભાવના અને આપનો સ્નેહ મારા જીવનનો પાયો છે. આ રજૂઆતને આપના ચરણોમાં શબ્દો સાથે સમર્પિત કરું છું.

**"આ પ્રસ્તુતિ માત્ર ભૂતકાળની યાદ નથી, પણ મારા જીવનમાં ઉદ્ભવેલી ગૌરવની લાગણીની અભિવ્યક્તિ છે."**

# ૨૧.દાદા અને પૌત્રનો અનમોલ સંબંધ-આનંદનું એકમાત્ર કિરણ

માનનીય પરિવારજનો,આજે હું આપ સમક્ષ એક એવી પ્રેમગાથા રજૂ કરી રહ્યો છું, જેણે કોરોનાની ભયાવહતા વચ્ચે પણ જીવનમાં નવો ઉમંગ અને શાશ્વત આનંદ ભર્યો છે. આ કથા છે પૂજ્ય દાદાજી અને એમના વ્હાલા પૌત્ર,ક્રીતાર્થરાજસિંહ, વચ્ચેના દિવ્ય બંધનની.સમયનું ચક્ર ધીમે ધીમે આગળ વધી રહ્યું હતું. વિશ્વભરમાં જ્યારે કોરોના મહામારીએ પોતાનું સૌથી ભયાનક અને ક્રૂર રૂપ ધારણ કર્યું હતું, ચારેબાજુ ભય, અનિશ્ચિતતા અને સંકટનો માહોલ હતો,ત્યારે અમારા ઘરમાં એક અલૌકિક ઘટના બની. એ કપરા કાળમાં મારા વ્હાલા પુત્રનો જન્મ થયો અને મને પરમ સૌભાગ્ય પ્રાપ્ત થયું તેઓ દાદા બન્યો.

**"દાદાનો છેલ્લો મિત્ર એટલે પૌત્ર અને પૌત્રનો પેહલો મિત્ર એટલે દાદા"**

આધુનિક સમયમાં સંબંધોમાં હૂંફ અને પ્રેમ આપવું એવું દીર્ઘદૃષ્ટિ અને પરંપરાથી સમૃદ્ધ એવી ભારતીય સંસ્કૃતિ શીખવે છે. અહી એ મર્મ સમજાવતી કહેવત"મૂડી કરતા વ્યાજ વધારે વ્હાલું. એ બંને પક્ષે પરિપૂર્ણ થાય છે. નસીબદાર એ છે જેને દરેક ક્ષણે હસવાનું અને સંતાવાનું દાદા દાદી નાં ખોળે મળે છે.

એ ક્ષણે દાદાજીના મુખ પર જે અસીમ ખુશી અને સંતોષની લાગણી છલકાઈ હતી, તે અવર્ણનીય હતી. એમની ખુશી એટલા માટે પણ વિશેષ હતી, કારણ કે તેમને મારા જન્મ સમયની પરિસ્થિતિઓનો સ્પષ્ટ અંદાજો હતો—સંઘર્ષ, મર્યાદિત સાધનો અને જીવનની કઠોરતા. પરંતુ, ક્રીતાર્થરાજસિંહનો જન્મ એક સંપૂર્ણપણે અલગ વાતાવરણમાં, પ્રેમ અને સમૃદ્ધિના આશીર્વાદ સાથે થયો હતો. આ માત્ર એક બાળકનો જન્મ નહોતો, પરંતુ પરિવાર માટે ઉજ્જવળ ભવિષ્યની આશાનું કિરણ હતું.

જ્યારે હોસ્પિટલોમાં જગ્યા નહોતી અને સૌ કોઈ માસ્ક તથા સેનિટાઇઝરની વચ્ચે જીવન જીવી રહ્યા હતા, ત્યારે આ નાના બાળકના આગમનથી ઘરમાં એક અદ્રશ્ય સુરક્ષા અને હૂંફનો અનુભવ થયો. ક્રીતાર્થરાજસિંહજીએ જાણે કોરોનાના અંધકારને પડકાર ફેંકીને જ પરિવારમાં પ્રવેશ કર્યો હતો. દાદાજી માટે, એમના જીવનની આ સૌથી મોટી સિદ્ધિઓમાંની એક હતી. એમની આંખોમાં પુત્રના જન્મની ખુશી પણ હતી, પણ પૌત્રના જન્મની ખુશી તો એનાથી અનેકગણી વધારે હતી, જાણે જીવનનો સાર મળી ગયો હોય. જેમ જેમ ક્રીતાર્થરાજસિંહ મોટા થતા ગયા, તેમ તેમ દાદાજી સાથેનો તેમનો સંબંધ વધુને વધુ ગાઢ બનતો ગયો. દાદાજી હંમેશા એ વાતની તકેદારી રાખતા કે નાનકડા ક્રીતાર્થરાજસિંહને કોઈ પણ વસ્તુની ઊણપ ન રહે. એ બાળકની નાની નાની જિદોને પણ સપ્રેમ પૂર્ણ કરતા.

એમના પ્રેમની પરાકાષ્ઠા તો ત્યારે જોવા મળતી, જ્યારે ક્યારેક અમે માતા-પિતા તરીકે ક્રીતાર્થરાજસિંહને કોઈ બાબતે ઠપકો આપતા. દાદાજી તત્કાળ વચ્ચે પડતા અને અમને માનપૂર્વક રોકતા. "એને હાથ પણ

અડારતા નહીં," એવા સ્પષ્ટ શબ્દોમાં તેમનો પૌત્ર પ્રત્યેનો અખૂટ સ્નેહ વ્યક્ત થતો. આ માત્ર પ્રેમ નહોતો, પણ એક પ્રકારનું રક્ષણ હતું; એવું રક્ષણ જે બાળપણની નિખાલસતા અને મસ્તીને સાચવી રાખે. દાદાજી માટે, ક્રીતાર્થરાજસિંહ એક રાજા સમાન હતા, જેમને કોઈ પણ પ્રકારની કઠોરતાનો અનુભવ થવો ન જોઈએ. એક પુત્ર તરીકે, અમને હંમેશા એવી અપેક્ષા હતી કે અમારા પિતાશ્રીને તેમની સક્રિય કારકિર્દીમાંથી નિવૃત્તિ મળ્યા પછી, શાંતિ, આરામ અને નિર્મળ પ્રેમનો સંગાથ પ્રાપ્ત થાય. અમને એવું દૃઢપણે લાગતું હતું કે નિવૃત્તિ પછી ક્રીતાર્થરાજસિંહ તરફથી તેમને એ શાંતિ, એ દાદાનો પવિત્ર પ્રેમ અને એ વ્હાલ ચોક્કસપણે મળશે.

ક્રીતાર્થરાજસિંહનું આગમન માત્ર પૌત્ર તરીકે નહીં, પણ દાદાજીના નિવૃત્તિમય જીવનના સૌથી મોટા સહચર, મિત્ર અને મનોરંજનના સ્ત્રોત તરીકે થયું હતું. દાદાજીની સવાર તેમની સાથે શરૂ થતી, અને તેમનો દિવસ ક્રીતાર્થરાજસિંહની બાળલીલાઓમાં જ પૂર્ણ થતો. આ બાળકના સ્મિતમાં, તેના હાથ પકડવાની જિદમાં અને તેની નિર્દોષ વાતોમાં દાદાજીને જીવનનું સર્વોચ્ચ સુખ મળ્યું. આ પૌત્રે તેમના જીવનમાં એક નવી ઊર્જા, નવો હેતુ અને એક નવી દિશા આપી. નિઃશંકપણે, ક્રીતાર્થરાજસિંહનું જીવનમાં આગમન એ કોરોના કાળની સૌથી મોટી ભેટ છે. દાદાજી અને ક્રીતાર્થરાજસિંહનો આ અનમોલ પ્રેમસંબંધ.

**"અનુભવમાં પુસ્તકનું સૌથી સુંદર પાનું એટલે દાદા"**

જ્યાં કરચલીઓ વધારે હોય છે પણ એમની સુંદરતા એ કરચલીની પાછળ છુપાયેલી ફક્ત પૌત્ર કે પૌત્રી જ જોઈ શકે છે.

હજારો કમાતા થયા છતાં પણ એ આનંદ જતો રહ્યો,

જ્યારે કહેતા કે દાદા એક રૂપિયો આપોને .

**"આ સંબંધ માત્ર લોહીનો નહીં, પણ લાગણીઓનો, આશીર્વાદોનો અને પરસ્પરના ગૌરવનો છે."**

# ૨૨.શિક્ષકનુ જીવંત વ્યક્તિત્વ

આ કથા છે એક એવા શિક્ષકના જીવન સંઘર્ષની, જેમણે જ્ઞાનના દીપકને પ્રજ્વલિત રાખવા માટે માત્ર વર્ષો જ નહીં, પણ પોતાની આત્માનો અખૂટ પ્રેમ રેડી દીધો હતો. ગિરધરભાઈ સાહેબે જ્યારે આ વ્યક્તિત્વનો પ્રસંગ કહ્યો, ત્યારે તેમાં સંઘર્ષની પીડા કરતાં વધુ તો, એ સંઘર્ષમાંથી જન્મેલા અદ્ભુત સમર્પણની સુગંધ હતી. શિક્ષણનું આ કાર્ય તેમના માટે માત્ર નોકરી નહોતું, પણ એક તપ હતું, જ્યાં દરરોજ નવીન પડકારોનો સામનો કરવાનો હતો અને છતાં, ચહેરા પરની જિંદાદીલી જાળવી રાખવાની હતી.

ખાસ કરીને ગુજરાતી વિષયના પેપરોની ચકાસણી માટે જવાનું થાય, ત્યારે તેમનો લગાવ એક અલગ જ સ્તરે પહોંચી જતો. આ પ્રક્રિયા તેમના માટે વિદ્યાર્થીઓના ભાવિની ઇમારતને મજબૂત કરવાનો એક અંતિમ અવસર હતી. દરેક ઉત્તરવહીને એ જ ગંભીરતાથી તપાસતા, જાણે કે તે પોતાની રચનાનું નિરીક્ષણ હોય. આમાં સંઘર્ષ હતો—સમય સામે, થાક સામે અને ક્યારેક સિસ્ટમની ઉદાસીનતા સામે. પણ આ શિક્ષકનો પ્રેમ એટલો પ્રબળ હતો કે, તેમના મૂલ્યાંકનમાં ક્યારેય ઉતાવળ નહોતી. ગુજરાતી ભાષાના શબ્દો, ભાવ અને વિચારને ન્યાય આપવાનો આ અથાક પ્રયાસ જ તેમની નિષ્ઠાની સાબિતી હતો, જેના માટે તેઓ ચેકિંગ સેન્ટરોમાં પણ જાણીતા હતા.

શિક્ષણ જગતમાં સમયનું ચક્ર સતત ફરતું હોય છે, અને દર વર્ષે નિવૃત્તિનો એક લાગણીસભર ક્રમ આવતો રહેતો. પેપર ચેકિંગ સેન્ટર પર દર વર્ષે નિવૃત્ત થનારા સાહેબનું સન્માન થતું અને તેમને વિદાય આપવામાં આવતી. આ પ્રસંગો ભાવુકતાના હોય, પણ સાથે જ ત્યાં હળવાશની ક્ષણો પણ સર્જાતી. તેમના સાથી મિત્રો મજાક કરતાં, "આવતી સાલ તમારું છેલ્લું વર્ષ હશે, હવે તૈયાર રહેજો." એક પછી એક પ્રિય સાથી મિત્રો વિદાય લેતા હતા, અને આ જોવું એ પણ એક પ્રકારનો સંઘર્ષ હતો—પોતાના અંત તરફ વધતા સમયને સ્વીકારવાનો સંઘર્ષ. પરંતુ ગિરધરભાઈ સાહેબના કહ્યા મુજબ, આ શિક્ષકનું વ્યક્તિત્વ એવું જિંદાદીલ હતું કે, તેઓ આ ક્રમને પણ ઉત્સાહથી આવકારતા. આ સકારાત્મકતા, આ જિંદાદીલી, સંઘર્ષની ભઠ્ઠીમાંથી તપીને જ બહાર આવેલી હતી.

તેમના કાર્યકાળનો એક પ્રસંગ સંઘર્ષમાંથી સર્જાયેલી સફળતાની પરાકાષ્ઠા દર્શાવે છે. પ્રાંતિજ મુકામે તેઓ પેપર ચેકિંગ કરતા હતા અને પ્રથમ બેન્ચ પર બેઠા હતા. અચાનક સચિવ શાહ સાહેબ (તત્કાલીન ઉચ્ચ અધિકારી) નિરીક્ષણ માટે ત્યાં આવ્યા. સચિવ સાહેબે સીધું જ આ શિક્ષકના હાથમાંથી એક પેપર લીધું. આ એક શિક્ષક માટે સંઘર્ષનો, ચકાસણીનો અને ચિંતાનો સમય હતો. પણ આ શિક્ષકે પોતાની સહજતા અને આત્મવિશ્વાસ જાળવી રાખ્યો. સચિવ સાહેબે જ્યારે ચેકિંગની પદ્ધતિ, મૂલ્યાંકનની સ્પષ્ટતા અને આપેલી નોંધો જોઈ, ત્યારે તેમને તરત જ સંતોષ થયો.

ત્યારબાદ શાહ સાહેબે તેમની સાથે વાતચીત શરૂ કરી. આ શિક્ષકે જે ધારદાર રજૂઆત કરી—શિક્ષણના હેતુઓ વિશે, વિદ્યાર્થીઓ પ્રત્યેની

જવાબદારી વિશે અને ગુજરાતી ભાષાના ભવિષ્ય વિશે—તે સાંભળીને સચિવ શાહ સાહેબ ખૂબ ખુશ થઈ ગયા. વિષય પરનો ગહન કાબૂ, સ્પષ્ટ અભિપ્રાય અને વાતચીતમાં માનવાચક શબ્દોનો વિનિયોગ એટલો પ્રભાવશાળી હતો કે, એક ઉચ્ચ અધિકારી પણ તેમના વ્યક્તિત્વથી પ્રભાવિત થયા વગર ન રહી શક્યા. આ પ્રસંગ એ સાબિત કરે છે કે, નિષ્ઠા અને સમર્પણ ક્યારેય વ્યર્થ જતાં નથી, સંઘર્ષ હંમેશાં માન અને સન્માનના રૂપમાં ફળ આપે છે.

આવા મહાન વ્યક્તિત્વને તેમના સાથી મિત્રોએ જે સન્માન આપ્યું, તે ખરેખર અનમોલ હતું. તેમના એક સાથી મિત્રે મને કોલ કરીને કહ્યું હતું કે, "તમારા પપ્પાનો સ્વભાવ એટલો મસ્ત છે! વિદ્યાર્થીઓ પ્રત્યે, વ્યક્તિઓ પ્રત્યે તેમનો પ્રેમ અને આદરભાવ અજોડ છે. એમની નિવૃત્તિ વિદાય જોરદાર હશે, હું તમને આજે જ કહું છું." આ શબ્દો આજે પણ મને યાદ છે,કારણ કે તે માત્ર પ્રશંસા નહોતી, પણ શિક્ષકે જીવનભર કરેલા સંઘર્ષ અને સમર્પણનું પ્રમાણપત્ર હતું.

પિતા નાનકડા પંખીનું વિશાળ આસમાન છે,પિતા એ અવ્યક્ત અનંત પ્રેમ છે,જો પિતા હોય તો બાળકોને ઈંતજાર છે એમના ખોળામાં સૂવાનું,પિતાથી જ પરિવારમાં હર્ષોલ્લાસ છે. પિતાથી જ માતાની બિંદી અને સંરક્ષણમાં ગર્વનો અનુભવ થાય છે.મારું સપનું હતું કે મારા પિતાજીને હું મારા ખોળામાં સુવડાઈશ અને એ દિવસ જિંદગીની સર્વશ્રેષ્ઠ સાબિતી હોત કે એમને મે બાળપણ માં લઇ ગયો .

તેમનું વ્યક્તિત્વ સૌને જોડી રાખનારો, ઉમદા અને પ્રેરક હતો.

"આ શિક્ષકનું જીવન એ સાબિત કરે છે કે, સાચો સંઘર્ષ એ નથી જે તમને તોડી પાડે, પણ તે છે જે તમને વધુ ધારદાર, વધુ જિંદાદીલ અને વધુ માનવાચક બનાવે છે."

# ૨૩. સંઘર્ષ થી આરામ સુધીની અમૂલ્ય સફર

વર્ષ ૨૦૨૩નું ઉનાળુ વેકેશન માત્ર એક શૈક્ષણિક સત્રનું સમાપન નહોતું, પરંતુ અમારાં પૂજ્ય વડીલના જીવનના એક યુગનું વિરામચિહ્ન હતું, જે યુગ સંઘર્ષ, અખંડ પરિશ્રમ અને નિસ્વાર્થ કર્તવ્યથી ભરેલો હતો. અમે સૌ જાણતા હતા કે હવે તો છેલ્લું સત્ર, હવે પછી તો નિરાંતે આરામનો સમય આવી ગયો હતો, પણ આ 'આરામ' એમના માટે નિષ્ક્રિયતા નહીં, પણ સંતોષની સર્વોચ્ચ સ્થિતિ હતી, એમણે પોતાના જીવનના પ્રત્યેક શ્વાસમાં શ્રમને પરમેશ્વર માન્યો હતો, અને હવે એ શ્રમનું ફળ મેળવવાનો સમય આવ્યો હતો, જેનો વારસો આવનારી પેઢીઓ માટે અનમોલ માર્ગદર્શન બની રહેશે. તેમનું વ્યક્તિત્વ માત્ર પરિવાર પૂરતું સીમિત નહોતું, પણ એક વટવૃક્ષ સમાન હતું, જેણે અનેક લોકોને શીતળ છાંયડો આપ્યો હતો. બાળપણથી લઈને આ અંતિમ સત્ર સુધીની તેમની દરેક પળમાં, તેમણે પ્રેમ, સાદગી અને કર્તવ્યનિષ્ઠાનું જે સિંચન કર્યું છે, તેનો પ્રભાવ આજે પણ દરેકના હૃદયમાં અકબંધ છે. તેમનો આખો જીવનકાળ એક એવો પાઠ હતો, જેણે સિદ્ધ કર્યું કે સાચું ધન એ નથી જે તિજોરીમાં સંગ્રહાયેલું હોય, પરંતુ તે છે જે સંસ્કાર, સત્કાર્યો અને સંબંધોમાં વહેંચાયેલું હોય.

અમારા સંબંધની ગહનતા કોઈ એક માપદંડમાં બંધાઈ શકે તેમ નહોતી, તે તો પિતા-પુત્ર, ગુરુ-શિષ્ય, અને ગાઢ મિત્રના ત્રણ પવિત્ર પ્રવાહોનું ત્રિવેણી સંગમ હતું. ઘણીવાર દાદા, એમનો પ્રૌત્ર અને હું એક જ બાંકડા ઉપર બસસ્ટેશન પર બેસ્યા હોઈએ. એ બાંકડો અમારા માટે મુસાફરીની

પ્રતીક્ષાનું સ્થળ નહોતું, પણ જીવનના પાઠોનું ગુરૂકુળ હતું. એ બાંકડા પર બેસીને તેઓ ગામડાના લોકોના સરળ જીવન, તેમની ચિંતાઓ અને તેમના સંતોષનું નિરીક્ષણ કરતા અને મને વ્યવહારુ જ્ઞાનનું નિરૂપણ કરતા. તેઓ કહેતા કે, "બેટા, જો દુનિયાને સમજવી હોય તો વાતાનુકૂલિત કાચની બહાર આવવું પડે." આ સંબંધ પિતા-પુત્રનો, ગુરુ-શિષ્યનો અને એક મિત્ર જેવો બની ગયો હતો, જે અતૂટ વિશ્વાસના તાંતણે બંધાયેલો હતો, જેની મજબૂતી સમયની દરેક કસોટીમાં અકબંધ રહી હતી. ઘણીવાર અમે બન્ને રાત્રે મોડે સુધી બેસીને વાતો કરતા. જ્યારે આખું ગામ શાંત થઈ જતું, અને આકાશમાં તારાઓ ચમકતા, ત્યારે એમની વાતો શરૂ થતી. એ વાતોમાં દુનિયાદારીની મીઠી સમજણો, ધર્મની ગહન ફિલસૂફી, નીતિમત્તાના સિદ્ધાંતો અને તેમના સંઘર્ષના દિવસોની સત્યકથાઓ હતી. આ ચર્ચાઓ દરમિયાન, તેઓ હંમેશા સરળ ઉદાહરણો દ્વારા જીવનની જટિલ સમસ્યાઓનું સમાધાન સમજાવતા. સંઘર્ષના દિવસોની તેમની કથાઓ સાંભળીને પ્રતીતિ થતી કે ધીરજ અને સકારાત્મક દૃષ્ટિકોણ જ સફળતાનો સાચો માર્ગ છે, અને એ વાતોમાં જ જીવનનું સાચું તત્વજ્ઞાન છુપાયેલું હતું. એ વાતચીતોની પવિત્રતા એટલી ઊંડી હતી કે ઘણી વાતો એવી હોય કે માત્ર અમે બન્ને જ જાણતા હોઈએ, જે અમારા અતૂટ પ્રેમને મૂર્ત સ્વરૂપ આપતી હતી.

તેમનો પ્રેમ માત્ર વાતોમાં જ નહીં, પણ ચિંતામાં પણ વ્યક્ત થતો હતો. અનેકવાર મને પૂછી લે કંઈ તકલીફ નથી ને જીવનમાં, આ માત્ર એક પ્રશ્ન નહોતો. આ સવાલ પાછળ એક પિતૃત્વનો ઊંડો વાત્સલ્ય છુપાયેલો હતો, જે માત્ર મારી આર્થિક સ્થિતિ નહીં, પણ મારા માનસિક અને ભાવનાત્મક

સ્વાસ્થ્ય વિશે ચિંતિત હતો. એક વખત જ્યારે હું કોઈ વાતથી પરેશાન હતો, ત્યારે તેમણે મારા ખભા પર હાથ મૂકીને કહ્યું હતું, "તકલીફ એ જીવનનો ભાગ છે, પણ એનો ભાર હૃદય પર ન રાખવો જોઈએ. મને કહી દે, તારું હૃદય હળવું થઈ જશે." તેઓ મારા માટે એક 'સેફ સ્પેસ' હતા, જ્યાં હું મારી દરેક વાત નિર્ભયતાથી રજૂ કરી શકતો હતો. તેમનો દરેક શબ્દ મારા માટે ગુરુમંત્ર સમાન હતો, અને તેમની દરેક સલાહ જીવનના માર્ગદર્શક પથ્થર સમાન હતી, જેણે મને ક્યારેય લક્ષ્ય ભટકવા ન દીધો.

આધુનિક વૈભવ પ્રત્યેની તેમની નિસ્પૃહતા ખરેખર પ્રેરણાદાયક હતી, જેણે અમને વૈભવની વ્યાખ્યા સમજાવી. ઘરે બાઇક, સ્કૂટી, કાર જેવાં તમામ આધુનિક સાધનો એમણે વસાવ્યાં હતાં, છતાં હંમેશા મુસાફરી તો મારા જોડે જ કરતા. એક વખત પરિવારના સભ્યોએ તેમને આગ્રહ કર્યો કે તેઓ કારમાં મુસાફરી કરે, કારણ કે બસમાં ભીડ અને ગરમી હોય છે. ત્યારે તેમણે હસીને જવાબ આપ્યો હતો કે, "કારમાં બેસવાથી હું સમાજથી દૂર થઈ જાઉં છું. મને બસની ભીડમાં માણસોની સુગંધ આવે છે, તેમના અનુભવો સાંભળવા મળે છે." આ તેમની ફિલસૂફી હતી: તેઓ માનતા કે યાંત્રિક ગતિ કરતાં સંબંધોની ગતિ વધુ મહત્ત્વની છે. એમને તો બસ, ઇકો, રિક્ષા જેવાં ચાલુ સાધન મા જ મુસાફરી કરવી ગમતી, જે સામાન્ય જનજીવન સાથે જોડાવાનો એક સેતુ હતો. પોતાના સંપૂર્ણ જીવન દરમિયાન એ ચાલુ સાધન મા જ ગયા – આ વાત તેમની સતત ગતિશીલતા, સક્રિયતા અને સાદગીની જીવંત સાબિતી છે. તેઓ હંમેશા પ્રવાહમાં રહેતા અને સ્થિરતાને આળસનું પ્રતીક માનતા. તેમણે સાબિત કર્યું કે સાચી પ્રગતિ એ છે જે તમને જમીન સાથે જોડી રાખે.

તેમનું જીવન બે પવિત્ર વ્યવસાયોનો સુમેળ હતો: શિક્ષક તરીકે જ્ઞાનનું સિંચન અને શ્રમયોગી તરીકે શારીરિક મહેનતનું ગૌરવ. રોજ સવારે શાળાએ જતા પહેલાં, અમારો એક અવિભાજ્ય અને સંઘર્ષમય કાર્યક્રમ હતો. અમે બન્ને ખેતરમાં ભેંસ માટે ઘાસ લેવા જતા. એ સવારનું દૃશ્ય આજે પણ આંખ સામે તરવરે છે: પક્ષીઓનો કલરવ, ભીની માટીની સુગંધ, અને વહેલી સવારની ઠંડી હવામાં અમારો પસીનો. અમે બન્ને સાથે મળીને ઘાસ કાપતા, ખભે ભાર ઉપાડતા અને પસીનો પાડતા. હું યુવાન હોવા છતાં, ઘણીવાર થાકી જતો, પણ તેઓ હંમેશા ઊર્જાથી ભરેલા રહેતા. આ ક્રિયા માત્ર પશુપાલનનું કાર્ય નહોતી, પણ શ્રમની પવિત્રતા અને પોતાના મૂળિયાં પ્રત્યેની અખંડ નિષ્ઠાનું પ્રતીક હતી. અમને બન્ને જોઈને ઘણા કહેતા કે, "બે-બે પગાર આવે છે, બે શિક્ષકો છો, તમારી આને શુ જરૂર છે?" આ ટકોર પર એમનો જવાબ હંમેશા ધારદાર રહેતો: "ભાઈ, પગાર જ્ઞાનનો આવે છે, પણ આ શ્રમ સંસ્કારનો છે! પૈસા તો આજે છે, કાલે નથી, પણ મહેનતની આદત જીવનભર સાથે રહે છે. શારીરિક શ્રમથી બુદ્ધિ વધુ તીક્ષ્ણ બને છે." ખેતરના કાદવમાંથી પસાર થઈને, પરસેવો પાડીને, તેઓ શાળાના પવિત્ર કાર્યમાં જોડાતા – આ હતી તેમની જીવનશૈલીની સાચી વિરલતા, જેણે સાબિત કર્યું કે શિક્ષણ અને શ્રમ એકબીજાના પૂરક છે.

તેમના જીવનના સંઘર્ષના દિવસોના સૌથી મોટા સાક્ષી હતા તેમના પશુઓ. જ્યારે તેઓ ઘરે આવતા, ત્યારે એમની પહેલી નજર હંમેશા તબેલા સામે જ હોય, પછી જ ઘર સામે જોવે. આ આદત પાછળનું કારણ ગહન હતું: તેઓ જાણતા હતા કે જ્યારે જીવન સંઘર્ષથી ભરેલું હતું અને આર્થિક સંસાધનોનો અભાવ હતો, ત્યારે આજ ભેંસની પેઢી હતી જેને

ગુજરાન ચલાવ્યું હતું. આ પશુધન માત્ર સંપત્તિ નહોતું, પણ કપરા કાળનો આધારસ્તંભ હતો, જેના પ્રત્યે તેમનો આદર અખૂટ હતો. એક વખત જ્યારે ભેંસ બીમાર પડી હતી, ત્યારે તેમણે દિવસ-રાત જાગીને તેની સેવા કરી હતી, જાણે તે પરિવારનો સભ્ય ન હોય. સફળતાના શિખરે પહોંચ્યા પછી પણ, પોતાના મૂળિયાં અને સંઘર્ષના સાથીઓ પ્રત્યેની તેમની કૃતજ્ઞતા ક્યારેય ઓછી નહોતી થઈ. મને ઘણીવાર કહેતા પણ મજાક મા, "જ્યારે હુ નહી હોવ તો તમે ભેસ નહી રાખી શકો." આ મજાક પાછળનો ભાવ માત્ર ચિંતાનો નહોતો, પણ એક ગહન સત્યનો સંકેત હતો કે પશુપાલન એક જીવનશૈલી છે, જેના માટે તેમના જેવું નિસ્વાર્થ સમર્પણ આવશ્યક છે, અને જો તમે તે સમર્પણ ગુમાવશો, તો તમે તમારી સફળતાના મૂળ આધારને ભૂલી જશો.

તેમનું જીવનનું તત્વજ્ઞાન એવું હતું કે સંઘર્ષ કરીને જે ધન કમાયું, તે સંગ્રહ કરવા માટે નહીં, પણ જરૂરિયાતમંદોને વહેંચવા માટે છે. ગમે તે સમાજમાં દિકરાઓનો સમૂહ લગ્ન હોય કે બીજા કોઈ પ્રસંગ, એમના જોડે આવે એને ક્યારેય નિરાશ ન કરતા. તેઓ મન મૂકી ને આપી દેતા. એક વખત ગામના એક ગરીબ વિદ્યાર્થીને ઉચ્ચ શિક્ષણ માટે ફીની જરૂર હતી, ત્યારે તેમણે કોઈને પણ જાણ કર્યા વિના, પોતાના ખિસ્સામાંથી મોટી રકમ આપી દીધી હતી. જ્યારે કોઈએ તેમને પૂછ્યું કે તમે આટલું દાન શા માટે કરો છો, ત્યારે તેમણે શાંતિથી કહ્યું હતું, "મારી ભેંસોએ મને સંઘર્ષમાં ટકાવ્યો, અને મારો પગાર ઈશ્વરે મને બીજાને મદદ કરવા માટે આપ્યો છે. એ ધન જે સત્કાર્યમાં વપરાય, તે જ સાચું ધન છે." તેમની આ ઉદારતા ગુપ્ત હતી, કોઈ પણ પ્રકારની પ્રસિદ્ધિની લાલસા વગરની હતી, અને તેથી જ તે

વધુ પવિત્ર હતી. તેમણે પોતાના સંઘર્ષના દિવસોમાંથી શીખેલી માનવતાની કિંમતને જીવનભર જાળવી રાખી. એમનુ જીવન એટલું મસ્ત હતું કે આવું ઉદાત્ત, નિખાલસ અને કર્તવ્યનિષ્ઠ વ્યક્તિત્વ મળવુ મુશ્કેલ હતું. તેમનો પ્રભાવ એવો હતો કે તેમના એક શબ્દથી લોકોમાં આત્મવિશ્વાસ જાગૃત થતો, અને તેમના માર્ગદર્શનથી અનેક જીવન સફળ થયા હતા. તેમનું જીવન સાબિત કરે છે કે માનવતા અને ઉદારતા જ સૌથી મોટી સિદ્ધિ છે.

પૂજ્ય વડીલનું જીવન એક એવી કથા છે, જે પેઢી દર પેઢીને પ્રેરણા આપતી રહેશે. પરંતુ તેમના સિદ્ધાંતોનો, તેમના અતૂટ પ્રેમનો, અને તેમના અદ્ભુત વ્યક્તિત્વનો પ્રભાવ ક્યારેય ઓછો નહીં થાય. તેમણે અમને શીખવ્યું કે સાદગી એ ચારિત્ર્યની તાકાત છે, અને સંબંધો પૈસાથી નહીં, પણ સમય અને હૃદયથી બંધાય છે. તેઓ હંમેશાં અમારી સ્મૃતિમાં અને આ જગતમાં એક ધ્રુવતારાની જેમ ચમકતા રહેશે, જે સંઘર્ષમાંથી પસાર થઈને સંતોષના શિખર સુધી પહોંચ્યા હતા.

**"તેમના આ મૂલ્યો, તેમની ફિલસૂફી અને તેમની ઉદારતાનો વારસો અમને હંમેશાં શ્રેષ્ઠ માર્ગ પર ચાલવા માટે પ્રેરિત કરશે. અમે તેમના ચરણોમાં શત શત વંદન કરીએ છીએ."**

# ૨૪.અંતિમ સત્ર અને અંતિમ વિદાયની મર્મસ્પર્શી ગાથા

સમયની ગતિ અવિરત હોય છે, અને ૨૦૨૩નું વર્ષ હવે તેના અંતિમ પડાવ પર હતું. આથમતા વર્ષનો સૂર્ય જાણે કે નવી સવારના સંકેત આપી રહ્યો હતો, અને એ સંકેતોમાં અમારા પ્રિય 'સાહેબ', જેમને સૌ આદરથી રાણા સાહેબના બિરુદથી ઓળખતા, તેમના જીવનની એક નવી ઋતુનો પ્રારંભ થવાનો હતો. અમે સૌ, ખાસ કરીને તેમનો પરિવાર અને શાળાનું આખું પરિસર, એક ગહન લાગણી અનુભવી રહ્યું હતું. આ શાળા માત્ર ઈંટો અને સિમેન્ટથી બનેલી ઇમારત નહોતી, પણ રાણા સાહેબ માટે એક ધર્મસ્થાન હતું, જ્યાં તેઓ જ્ઞાનના સિંહાસન પર બિરાજતા હતા. તેઓ કોઈ રાજા નહોતા, પણ તેમના જ્ઞાનના પ્રકાશથી તેઓ હજારો હૃદયો પર રાજ કરતા હતા.તેઓ ગુજરાતી, સમાજશાસ્ત્ર અને ભૂગોળ જેવા વિષયોને માત્ર ભણાવતા નહોતા, પણ તેમાં જીવંતતા ફૂંકતા હતા. તેમના વર્ગમાં નકશાઓ જીવંત થઈ ઉઠતા,અને ગુજરાતી સાહિત્યના ગહન પાઠોમાંથી જીવનનો સાચો મર્મ સમજાવતા.તેમની એક અદ્ભુત પરંપરા હતી: બોર્ડ ની પરીક્ષામાં ૬૦ થી વધારે ગુણ આવનાર વિદ્યાર્થીને તેઓ પોતાના ખર્ચે ઈનામ આપીને શ્રેષ્ઠતાને સીંચતા હતા.આ ઈનામ, માત્ર એક વસ્તુ નહોતી, તે રાણા સાહેબનો આશીર્વાદ અને એક માનવંતા શિક્ષકનો સ્નેહ હતો, જે વિદ્યાર્થીના મનમાં જીવનભર લક્ષ્યને વળગી રહેવાનો સંકલ્પ સિંચતો.



<u>અંતિમ પડાવ અને ગુપ્ત આયોજન</u>

વર્ષ ૨૦૨૪ શરૂ થયું, અને અમે સહુ ગણતરી કરી રહ્યા હતા. "માત્ર પાંચ જ મહિના બાકી છે,"એ વાક્ય શિક્ષકગણની સભાઓમાં વારંવાર ગુંજતું. સાહેબની નિવૃત્તિ નજીક હતી. જે વ્યક્તિએ પોતાના જીવનના ચાર દાયકાઓ સરસ્વતીના ધામને સમર્પિત કર્યા હતા, જેમણે અસંખ્ય વિદ્યાર્થીઓના જીવનને જ્ઞાનના પ્રકાશથી ભરી દીધા હતા, હવે તેઓ તેમની કર્મભૂમિમાંથી વિદાય લેવાના હતા. આ વિચાર જ એક મીઠી વેદના આપનારો હતો.





શાળામાં આ લાગણી પ્રબળ હતી. આ સત્ર તેમનું છેલ્લું હતું. ૧૬મી માર્ચ, તેમનો જન્મદિવસ, તેમની કર્મભૂમિ પરનો છેલ્લો જન્મદિવસ બનવાનો હતો.ફેબ્રુઆરીની ઠંડીમાં, ધોરણ ૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓના હૃદયમાં એક ગરમાહટ પ્રસરી રહી હતી. ધોરણ ૧૧ની ટોળકી – ઉર્વશી (વર્ગની કવયિત્રી), રોશની (ઉત્સાહી નેતા), અક્ષરા, કામિની, ભાવના, ધર્મી, જયસિંહ, સત્યપાલ, ઈશા અને રીયા – તેમણે એક ગુપ્ત કાવતરું ઘડ્યું હતું. ૧૬મી માર્ચની ઉજવણી એવી કરવી હતી, જે સાહેબની નિવૃત્તિને પણ સન્માન સાથે ઝાંખી પાડી દે. ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓ, જેમની બોર્ડની પરીક્ષા નજીક હતી, તેઓ પણ આ આયોજનમાં સામેલ હતા. તેમના માટે તો આ

માત્ર જન્મદિવસ નહોતો, પણ પરીક્ષા પહેલાં ગુરુના આશીર્વાદ લેવાનો છેલ્લો અવસર હતો. ઉજવણીની તારીખ નજીક આવતી જતી હતી. ૧૬મી માર્ચના જન્મદિવસે જોરદાર સરપ્રાઇઝ આપવા માટે સૌ રાહ જોઈ રહ્યા હતા.આ બધી તૈયારીઓ વચ્ચે, ફેબ્રુઆરી મહિનામાં, મારા માસીબાના દીકરાના લગ્નમાં, પૂજ્ય રાણા સાહેબ તેમની સાસરીમાં આવ્યા હતા. એ મુલાકાત, એ હાસ્ય, એ સ્નેહભરી વાતો... કોને ખબર હતી કે પરિવારનું આ છેલ્લીવારનું મિલન હતું! એમને ક્યાં ખબર હતી કે આ તેમની વ્હાલી વ્યક્તિઓ અને સ્થાનો પરની છેલ્લી હાજરી હતી, કે હવે તેઓ ક્યારેય પાછા આવવાના નથી. એ સમયની ખુશી પાછળ નિયતિએ એક કરુણ પડદો છુપાવી રાખ્યો હતો.

**<u>કુદરતનો ક્રૂર ઘા: માર્ચ ૩, ૨૦૨૪</u>**

બરાબર ૩ માર્ચના રોજ, અમારા જીવનમાં એ આંચકો આવ્યો. રાણા સાહેબને જીભ નીચે જે 'ચાંદી' હતી, તે સામાન્ય નહોતી. તપાસના અંતે એ કરુણ સમાચાર મળ્યા કે એ તો 'કેન્સર' છે. જીવનભર સંઘર્ષમય જીવન જીવનાર, જે જીભ વડે માત્ર જ્ઞાન અને આશીર્વાદ આપ્યા હતા, એ જ જીભમાં રોગે ઘર કર્યું હતું. રાણા સાહેબની નિષ્ઠાના કારણે જ તેમને 'રાણા' નું બિરુદ પ્રાપ્ત થયું હતું, અને હવે એ જ વ્યક્તિ આ ભયાનક સંઘર્ષના માર્ગે હતા.

પરિવાર અંદરથી તૂટી પડ્યો. એક અકથ્ય ચિંતા, એક ભયાનક અંધકાર અમને ઘેરી વળ્યો. બીજી બાજુ, વિદ્યાર્થીઓ આ વાતથી અજાણ હતા. તેઓ

તો હજુ પણ પોતાના પ્રિય શિક્ષકની ઉજવણીના આયોજનમાં વ્યસ્ત હતા. રાણા સાહેબની આંખોની પાછળ એક અનિશ્ચિતતાની પીડા છુપાયેલી હતી.

છેલ્લો વર્ગ: ૧૪મી માર્ચની કરુણ સવાર આ બધી વ્યથાઓ વચ્ચે પણ રાણા સાહેબનું ધ્યાન તો શાળામાં જ હતું. તેમને પેપર ચેક કરવાના ઓર્ડર મળ્યા હતા. તેઓ વિચારતા હતા કે, “છેલ્લીવાર, હું મારા હાથે આ પેપર ચેક કરી આવું.” પણ કિસ્મતને કંઈક બીજું જ મંજૂર હતું.પછી આવી ૧૪મી માર્ચની સવાર. રાણા સાહેબ હંમેશની જેમ વર્ગમાં પ્રવેશ્યા. તેમના ચહેરા પર આજે એક અજીબ શાંતિ હતી, જે સામાન્ય રીતે તેમની વાણીમાં જોવા મળતી નથી. તેમણે સમાજશાસ્ત્ર મા એક ગહન પાઠ શરૂ કર્યો, પણ તેમના શબ્દો આજે ગળામાં જ અટકી જતા હતા.

વર્ગ પૂરો થવાને આડે માત્ર દસ મિનિટ હતી, ત્યારે તેમના ખિસ્સામાં મૂકેલો ફોન વાઇબ્રેટ થયો. સ્ક્રીન પર ‘ડૉક્ટર સાહેબ’નું નામ ચમક્યું. તેમણે ક્લાસમાંથી બહાર જઈને ફોન ઉપાડ્યો. ડૉક્ટરનો અવાજ શાંત પણ અતિશય ગંભીર હતો: તમને અમે બે દિવસ પહેલાં રિપોર્ટ જોઈને ચેતવ્યા હતા. હવે વધારે રાહ જોવાનો સમય નથી. તમારી જે ચાંદી છે આજે જ, હા આજે જ, હોસ્પિટલમાં એડમિટ થઈ જાવ. આપણું પ્રોસીજર તાત્કાલિક શરૂ કરવું પડશે."

સાહેબના કાનમાં ડૉક્ટરના શબ્દો ગુંજ્યા, પણ તેમનું મન વર્ગખંડમાં પાછું ફર્યું. ૧૬મી માર્ચ... માત્ર બે દિવસ બાકી. આ તેમની કર્મભૂમિ પરનો છેલ્લો જન્મદિવસ. વિદ્યાર્થીઓએ નક્કી કરેલું સરપ્રાઇઝ, તેમની આંખોમાં દેખાતો નિર્દોષ પ્રેમ... આ બધું તેમને યાદ આવ્યું.

**<u>મૌન વિદાય: આંસુઓનું વચન</u>**

તેમણે ધીમા પગલે ક્લાસરૂમમાં ફરી પ્રવેશ કર્યો. વિદ્યાર્થીઓ શાંત હતા. સાહેબે ચોક હાથમાં લીધો, પણ લખી ન શક્યા. તેમણે બ્લેકબોર્ડ તરફ જોયું, પછી પોતાના વિદ્યાર્થીઓ તરફ. રાણા સાહેબની આંખોમાં અચાનક ભેજ છવાઈ ગયો. એક સિંહ જેવો મજબૂત માણસ, જેણે ક્યારેય કોઈની સામે નમતું નહોતું જોયું, તેની આંખોમાં આંસુ ભરાઈ આવ્યા. આ આંસુ અધૂરા રહી ગયેલા સપનાના હતા. તે હવે આ ૧૬મી માર્ચના સૂર્યોદયને અહીં નહીં જોઈ શકે.એક પણ શબ્દ બોલ્યા વગર, આંખોના ખૂણા લૂછ્યા વગર, તેમણે ચોક નીચે મૂક્યો. તે મૌન હતા, પણ તેમનું મૌન હજારો શબ્દોથી વધારે બોલતું હતું.

કર્મભૂમિ પર છેલ્લી વિદાય હતી, પણ જામ ખુશીનો અધૂરો રહી ગયો.
આંખમાં આંસુ આવ્યા, એ દુઃખ નહોતું, પ્યાર વિદ્યાર્થીઓનો મજબૂરીમાં છૂટો પડ્યો.

એક ક્ષણ, માત્ર એક ક્ષણ, રાણા સાહેબે તેમના પ્રિય વર્ગને જોયો, પછી ઝડપથી સ્ટાફરૂમ તરફ ચાલ્યા ગયા. તેમના ચાલવામાં આજે તે ગર્જના નહોતી, બસ એક અનિશ્ચિત યાત્રાનો ભાર હતો. બહાર નીકળતી વખતે તેઓ બસ એટલું જ કહી શક્યા: “શાંતિથી બધા ભણજો. આપણી મુલાકાત બસ આટલી જ હતી…”શાળામાં વજ્રપાત અને વિદ્યાર્થીઓની વેદના
રાણા સાહેબની પીઠ ફરતા જ, વર્ગમાં જાણે કોઈ વજ્ર પડ્યું. બાળકો સમજી શક્યા નહીં કે આજે અમારા પ્રિય શિક્ષક કેમ આવું બોલ્યા? ઉર્વશીના ગળામાંથી એક ડૂસકું નીકળ્યું. "સાહેબ... સાહેબને શું થયું?" જયસિંહ

પાટલી પર માથું ઢાળીને રડી પડ્યો. "આપણે આયોજન કર્યું હતું... ૧૬મી માર્ચનું! હવે... હવે શું?" રોશનીના અવાજમાં ભય અને નિરાશા હતી.થોડી જ વારમાં, સમગ્ર શાળામાં સમાચાર પ્રસરી ગયા. રાણા સાહેબ ગંભીર છે અને હોસ્પિટલ ગયા છે. ૧૧મા ધોરણનો આખો વર્ગ ચોધાર આંસુએ રડી પડ્યો. ઉર્વશીએ જે લાંબી કવિતા લખી હતી, તેના અક્ષરો આંસુમાં ભીંજાઈ ગયા. કવિતાની શરૂઆત હતી: “અમારા રાણા સાહેબ, જ્ઞાનના દીપક છો તમે...” પણ હવે આ કવિતાનો અંત ક્યાં હતો?એ દિવસે રાણા સાહેબ શાળામાંથી ઘરે આવ્યા. અમારો પરિવાર એક મૌન પીડામાં ઘેરાયેલો હતો. હોસ્પિટલમાં દાખલ થયા. હસતા મોઢે, બિન્દાસ, કોઈ ચિંતા વિના, તેઓ ઓપરેશન થિયેટરમાં ગયા. સંપૂર્ણ જીવન જે જીભ વડે જ્ઞાન આપ્યું, જે જીભ વડે સત્ય અને પ્રેમનું વહન કર્યું, આજે એ જીભનો મોટો ભાગ કપાઈ ગયો. ૧૭ લસિકા ગ્રંથીઓનું ઓપરેશન ગરદનમાંથી થયું.

ICUનો અંધકાર અને મારા આંસુ ઓપરેશન સફળતાપૂર્વક થઈ ગયું હતું. મને (દીકરાને) અંદર બોલાવ્યો. એ ક્ષણ... એ દૃશ્ય હું ક્યારેય ભૂલી નહીં શકું. મેં મારા જીવનમાં એમને આ હાલતમાં ક્યારેય જોયા નહોતા. નાક, મોઢામાં નળીઓ, ગરદન પર પાટા. એમને જોતા જ મારા હૃદયના બંધ તૂટી ગયા. હું બહાર આવીને ચોધાર આંસુએ રડવા લાગ્યો. મને જોઈને મમ્મી અને બહેન પણ રડવા લાગ્યા.

એક સાથે ત્રણ વ્યક્તિઓ ત્યાં તૂટી પડ્યા. આ જન્મમાં તો આ વ્યક્તિથી કંઈ પણ એવું થયું નહોતું. ભગવાનનું માણસ, જેણે હંમેશા બીજાનું જ ભલું કર્યું, તેની આજે આ હાલત!

ICUની અંદર હતા ત્યારે મને સમજાયું કે આપણુ કોણ? મમ્મી, હું, બહેન... ત્રણેય તૂટી ગયા હતા, પણ મજબૂત રહેવું પડ્યું, કારણ કે લડાઈ લાંબી હતી.

## <u>સૌથી કરુણ જન્મદિવસ: ૧૬મી માર્ચ</u>

આજે ૧૬મી માર્ચ. જન્મદિવસનો દિવસ. પણ આ સૂર્યનો ઉદય કોઈ ઉજવણી લઈને નહોતો આવ્યો, પણ ભય અને વેદનાનો પડછાયો લઈને આવ્યો હતો. શહેરની હોસ્પિટલના આઈસીયુ વોર્ડની બહાર. સફેદ, નિઃશબ્દ, ઠંડું વાતાવરણ. આઈસીયુના કાચની પેલે પાર, રાણા સાહેબ, જીવનના સૌથી મોટા યુદ્ધમાં લડી રહ્યા હતા. મશીનોનો ઘોંઘાટ, સતત ચાલતી ઈસીજીની લીટીઓ...

મમ્મી "હે કૃષ્ણ... આજે તો એમનો જન્મદિવસ છે. આ શું લીલા છે તારી? મેં ક્યારેય આ હાલતમાં નથી જોયા એમને. આટલા હસમુખો માણસ... આજે... આજે મશીનોના સહારે છે." દીકરી પિતાના ચહેરા તરફ જોતી રહી. હું (દીકરો), પિતાની છબીને કાચની પેલે પારથી તાકી રહ્યો હતો. મારા ગળામાં એક ડૂમો ભરાઈ ગયો હતો, જે બહાર આવવા તૈયાર નહોતો.

તમારું મૌન આજે ડરાવે છે, પપ્પા, તમારો અવાજ ક્યાં છે?
આ ૧૬મી માર્ચ તો ખુશીની હતી ને, આ વેદનાનો રિવાજ ક્યાંથી વ્યાજબી છે?

મારા મનમાં બાળપણની સ્મૃતિઓ જીવંત થઈ ગઈ: "પપ્પા, તમે હંમેશાં કહેતા હતા કે 'જીવવું હોય તો રાજાની જેમ જીવવું.' પણ... પપ્પા, જન્મદિવસના દિવસે ક્યારેય મેં તમને આટલા લાચાર જોયા નથી. આજે તો કેકની મીઠાશ હોવી જોઈતી હતી, અને અહીં... અહીં તો દવાઓની કડવાશ છે."

રાત્રે ICUમાં હું તેમની પાસે હતો. બે વાગ્યા હશે. બહેન (નિલમ)ને ઉધરસ આવતી હતી.એમની આંખો બંધ હતી, પણ તેમનો હાથ મારા હાથમાં હતો. અચાનક, તેમણે મારા હાથમાં ધીમેથી લખ્યું: “નિલમ (બહેન)ને દવા લાવી આપ. કેટલી ઉધરસ આવે છે.”

એક બાપ જીવન અને મરણ વચ્ચેની લડાઈ લડી રહ્યો છે, જીભ કપાઈ ગઈ છે, છતાં પણ એમના મનમાં પોતાની દીકરી માટેનો પ્રેમ, અમારી માટેની લાગણી, ચિંતા હતી. તેઓ ક્યારેય પોતાના માટે ન જીવ્યા, અમારા માટે જ જીવ્યા. એ ક્ષણે લાગ્યું કે આ વ્યક્તિ માત્ર શરીર નથી, આ તો પ્રેમનો અને ત્યાગનો જીવંત પર્યાય છે.

## વિદ્યાર્થીઓની અદ્રશ્ય ઢાલ

બહાર ધોરણ ૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓનો સમૂહ ઊભો હતો. ઉર્વશી, જયસિંહ, રોશની... બધા જ મૌન હતા. કોઈએ ફૂલ નથી લાવ્યા, કોઈએ કાર્ડ નથી લાવ્યું. તેમને ખબર હતી કે આજના દિવસે રાણા સાહેબને જોઈતી એક માત્ર ભેટ એટલે તેમનું સ્વસ્થ થવું. સત્યપાલ ધીમા અવાજે બોલ્યો: "આપણે સાહેબના સન્માનમાં આજે એક પણ આંસુ ન

વહેવડાવીએ. આપણે સાબિત કરીએ કે તેમના વિદ્યાર્થીઓ મજબૂત છે. આપણી પ્રાર્થના, આપણો પ્રેમ... એ જ આજનું સૌથી મોટું સરપ્રાઇઝ છે."

ઉર્વશી આઈસીયુના કાચની સામે ઊભી રહી, તેની આંખો સૂકી હતી, પણ અંદરનો શોક ઊંડો હતો. તેણે મનોમન તેની અધૂરી કવિતાને પૂર્ણ કરી.

વિદ્યાર્થીઓની પ્રાર્થના (શાયરી):

જન્મદિવસની રાહ જોઈ, શણગારની તક ખોવાઈ ગઈ.
આજે તો આંખનો દરિયો વહ્યો, હૃદયની હર ખુશી રોવાઈ ગઈ.
રાણા, તમે પાછા આવો, અમારા જ્ઞાનના દીવા!
અમારી પ્રાર્થના છે, આ લડાઈ જીતો, બસ એટલી જ ભેટ મોકલાઈ ગઈ.

હું સાંજે ડૉક્ટરની પરવાનગીથી અંદર ગયો. મશીનોનો અવાજ કાનોને વીંધી રહ્યો હતો. મેં પિતાના કપાળ પર હાથ મૂક્યો. "પપ્પા, આજે ૧૬મી માર્ચ છે. તમારો દિવસ. તમે હંમેશાં કહેતા હતા કે 'સફળતા એ છે, જ્યારે તમે જીવનની સૌથી મુશ્કેલ પરીક્ષા પાસ કરો.' પપ્પા, આ તમારી સૌથી મોટી પરીક્ષા છે, અને મારો વિશ્વાસ છે કે તમે આમાં પણ પહેલો નંબર લાવશો."

હું બહાર આવ્યો. મારી આંખો લાલ હતી, પણ ડૂસકું દબાયેલું હતું. મેં બહેનને હાથ પકડ્યો અને કહ્યું, "મમ્મી, પપ્પા લડી રહ્યા છે. અને આપણે અહીં રડવાનું નથી. પપ્પા ક્યારેય હાર માનતા નથી, અને આપણે પણ નહીં માનીએ."

૧૬મી માર્ચની રાત ધીરે ધીરે ઉતરી રહી હતી. રાણા સાહેબના છેલ્લા જન્મદિવસની ઉજવણી માત્ર આંસુ, મૌન અને પ્રાર્થનાની ચાદરમાં વીંટળાયેલી હતી. આ ઉજવણીમાં કોઈ કેક નહોતી, પણ હજારો હૃદયોની વેદના હતી, જે રાણા સાહેબના જીવન માટે એક અદ્રશ્ય ઢાલ બનીને ઊભી હતી. આ દિવસ ક્યારેય ભૂલાશે નહીં, જ્યાં ખુશી અને કરુણાની રેખાઓ એકબીજામાં ભળી ગઈ હતી. રાણા સાહેબની જીવનકથા સંઘર્ષની, ત્યાગની અને અદ્ભુત પ્રેમની પરાકાષ્ઠા છે. તેમણે જે જ્ઞાન અને સંસ્કાર આપ્યા, તે આજે આટલા બધા લોકોના આંસુમાં વહે છે.

**"એક મહાન વ્યક્તિના જીવનનો આ અંતિમ સંઘર્ષ હતો, જેણે સૌને હચમચાવી દીધા, અને સાથે જ શીખવ્યું કે સાચો ધર્મ કર્મ અને નિઃસ્વાર્થ પ્રેમમાં છે."**

# ૨૫.પીડા ની ગાથા

તેમની કથાની શરૂઆત માંદગીથી નહીં, પણ અદભુત સમર્પણથી થાય છે. એક એવું જીવન, જે તેમણે પોતાના હાથે ઘડ્યું હતું, પાઈ પાઈ ભેગી કરીને, નિષ્ઠાના પાયા પર. સરસ્વતી ધામ... આ માત્ર એક જગ્યા નહોતી, પણ તેમના માટે તપસ્યાનું ધામ હતું. તેમણે ૩૬ મહિના પગાર વગર અવિરત કામ કર્યું હતું. એ વર્ષોમાં દિવસ ક્યાંથી શરૂ થતો અને ક્યાં પૂરો થતો, તેની કોઈ ગણતરી નહોતી. માત્ર ધ્યેય હતું, કર્તવ્ય હતું, અને ભવિષ્યની એક સ્પષ્ટ તસવીર હતી. તેમણે પોતાની આરામની દરેક પળ, અંગત સુખની દરેક ઇચ્છાને બાજુ પર મૂકી દીધી હતી. પાઈ પાઈ ભેગી કરીને,સપનાઓને સિંચીને તેઓ આટલે પહોંચ્યા હતા. તેમનું જીવન ક્યારેય શાંતિથી બેસવા માટે નહોતું, તેઓ હંમેશા દોડતા રહ્યા, કાર્યરત રહ્યા. આટલો સંઘર્ષ ખેડ્યા પછી, હવે એવો સમય આવ્યો હતો કે શાંતિથી બેસી શકાય, જીવનને માણી શકાય, તેમણે કરેલી મહેનતનું ફળ મેળવી શકાય... પણ નિયતિના મનમાં કંઈક જુદું જ લખાયેલું હતું. આ દુઃખ... આ બીમારી... બરાબર એ જ સમયે તેમના જીવનમાં એક ભયાનક વાવાઝોડાની જેમ આવી ગઈ.

શરૂઆતમાં... એ દિવસો જ્યારે ડૉક્ટર સાહેબે સ્પષ્ટ કરી દીધું હતું કે જીભનો ૭૦% ભાગ કાપવો પડશે. એ નિદાન સાંભળીને તેમનું શરીર થીજી ગયું હતું, પણ મન અંદરથી ચીસો પાડતું હતું. તેમનો અવાજ... જે તેમના અસ્તિત્વનો ભાગ હતો, એ જ હવે છીનવાઈ જવાનો હતો.

ઓપરેશન પછીના એ દિવસો અસહ્ય હતા. જીભ કપાઈ ગઈ હતી, અને તેઓ પોતાની વાત કોઈને કહી શકતા નહોતા. વિચારોનું એક આખું વિશ્વ તેમના મગજમાં ઘૂમરાતું હતું, પણ બહાર કાઢવા માટે અવાજ નહોતો. જે હોય એ... તેમણે લખીને આપવું પડતું. કાગળ અને પેન તેમના સાચા મિત્રો બની ગયા હતા. તેમના હાથ લખી લખીને થાકી જતા, પણ તેમણે પોતાની જરૂરિયાત, પોતાની લાગણીઓ, પોતાની પીડા... બધું જ લખીને વ્યક્ત કરવું પડતું હતું. સમય જતાં, ધીમે ધીમે બોલાતું હતું ખરું, પણ એ અવાજમાં પહેલાની સ્પષ્ટતા નહોતી. શબ્દો મોઢામાંથી નીકળતા ત્યારે લોચા વળતા, તૂટતા, અધૂરા રહી જતા. એ દરેક ક્ષણ તેમને યાદ અપાવતી હતી કે તેઓ હવે પહેલા જેવા નથી. ઓપરેશનની સફળતા તો મળી હતી, પણ તેમની ઓળખનો એક મોટો હિસ્સો ક્યાંક ખોવાઈ ગયો હતો.અને પછી, ઓપરેશન સફળતાપૂર્વક થઈ ગયું... રજા પણ આપી દીધી. તબિયતમાં સુધારો હતો, જાણે શરીર નવું જીવન પ્રાપ્ત કરીને ધીમે ધીમે પાટા પર પાછું ફરી રહ્યું હોય. આશા હતી, પરંતુ આ આશાના પડછાયામાં એક સત્ય છુપાયેલું હતું: કિમોથેરાપી રેડીયેશન લેવાના હતા. એ રાસાયણિક પ્રક્રિયા, જે તેમને હજી વધુ તોડવાની હતી, પણ તેમના જીવનની બાકીની દોરીને મજબૂત કરવાની હતી. એપ્રિલ મહિનાની શરૂઆત થઈ હતી. તેઓ એ જ નવા જીવનની તૈયારીઓમાં હતા અને ઘરે હાજર હતા, જ્યારે ૩જી એપ્રિલના દિવસે તેમનો મને કોલ આવ્યો, જેણે ફરીથી મારી દુનિયાને હચમચાવી દીધી. કોલ પરનો અવાજ ડરેલો હતો: એમને શ્વાસ લેવામાં તકલીફ પડે છે... તાત્કાલિક હોસ્પિટલ જવું પડે એવું છે. હજુ તો તેઓ એક સંકટમાંથી બહાર આવ્યા હતા, ત્યાં જ બીજું સંકટ આ દરવાજે આવીને ઊભું રહ્યું હતું. હુ મારી કર્મભૂમિ પર હતો. મારા

મનમાં એક સાથે અનેક વિચારો ઘૂમરાઈ રહ્યા હતા. તાત્કાલિક ઘરે પહોંચવું જરૂરી હતું, પણ મનની ગતિવિધિ એટલી બધી હતી કે શરીર થંભી જતું હતું.કર્મભૂમિ પરથી ઘરે જવા માટે નીકળ્યો. મન ઝડપથી પહોંચવા માંગતું હતું, પણ નિયતિ કંઈક બીજું જ ઈચ્છતી હતી. રસ્તામાં અચાનક એક ભયંકર અકસ્માત થયો . એ અકસ્માત નહોતો, એ તો જાણે કોઈએ અમારા જીવન પર સીધો હુમલો કર્યો હોય! ગાડી દસ ફૂટ ઉપર ઉછળી અને એક નહીં, બે નહીં, પણ પૂરી પાંચ પલટી મારી ગઈ. પહેલી પલટી... પિતાશ્રીનો ચહેરો, બીજી પલટી... ઘરની ચિંતા, ત્રીજી પલટી... જીવવાની ઝંખના, ચોથી પલટી... શુ દશા થશે ઘરે મારા સમાચાર જશે, અને પાંચમી પલટી... જીવનનો દરેક સંઘર્ષ. દરેક એક એક પલટી ઉપર ઘરના વિચારો હતા, કે જો મને કંઈ થયું તો તેમનું શું થશે? ગાડી સંપૂર્ણપણે તૂટી ગઈ હતી, લોખંડનો ભંગાર બની ગઈ હતી,પણ ચમત્કારિક રીતે તેમના શરીરમાં જાણે કોઈ અદ્રશ્ય શક્તિએ રક્ષા કરી હોય.

હુ કાચ તોડીને માંડ માંડ બહાર આવવાનો પ્રયત્ન કર્યો. મારા શરીરમાંથી લોહી નીકળતું હતું, પણ મને વાગ્યું નથી... એ વાતની ખાતરી કરાવવી જરૂરી હતી. કાચ તોડી બહાર આવ્યા ત્યારે તો લોહીવાળી હાલતમાં પહેલા ઘરે ગયો. મને આખા પરિવારે એ લોહીવાળી હાલત જોઈને સંપૂર્ણપણે તૂટી ગયા. તેમની આંખોમાં આવેલો ડર, ચિંતા અને દુઃખનો મેળાવડો જોઈને સૌ રડતા હતા. પિતાશ્રીના મન પર તો જાણે અપરાધભાવનો ભાર આવી ગયો હતો. એમને મનથી એવું લાગ્યું કે તેમની ચિંતામાં ઉતાવળ કરી અને આવું થયું. તેમના મનનો અપરાધભાવ તેઓ સ્પષ્ટ જોઈ શકતા હતા.મે સૌને શાંત પાડ્યા, 'મને વાગ્યું નથી, વધારે ચિંતા ન કરતા.' એ

ક્ષણ જાણે એક નવો જન્મ હતો,હુ યમરાજને થપ્પો કહીને સહી સલામત પાછા આવ્યા હતા.પછીના થોડા સમય પછી, ફરીથી નવો અને લાંબો સંઘર્ષ શરૂ થયો. રોજ સવારે ઘરેથી નીકળતા,ગાડી બંધાવીને રેડિયેશન માટે સિમ્સ હોસ્પિટલ, ડો. દેવાંગ ભાવસાર સાહેબ જોડે સતત અપડાઉન ચાલુ થયું.રોજનું રાધીવાડથી અમદાવાદ...એ સફર થકાવી નાખનારી હતી. આ અપડાઉનમાં તેઓ, જીજાજી અને મમ્મી બદલાતા રહેતા.સંઘર્ષમય જીવનમાં જીવનાર વ્યક્તિનું હવે બધું સારું હતું, તો જીવવા માટેનો સંપૂર્ણ સંઘર્ષ ચાલુ હતો. રસ્તામાં ઘણીવાર તબિયત લથડતી, પણ હિંમત છોડતા નહોતા.

શાળામાં હાજર થવા ગયા... વિદાય પહેલા ત્યારે સૌની આંખમાં ખુશી અને આંસુ હતા. તેઓ ખુશ હતા કે તેઓ પાછા આવ્યા, પણ ડરતા હતા કે આ સંઘર્ષનો અંત ક્યારે આવશે. પણ હજુ તો સંઘર્ષ ક્યાં પૂર્ણ થવાનો હતો! તેમને ક્યારેય ગરમીમાં બહાર ન નીકળવા દેતા, એ જ વ્યક્તિ આજે ૪૫ ડિગ્રી ગરમીમાં રેડિયેશનની સફર ખેડી રહ્યા હતા. એ ગરમી માત્ર બહાર નહોતી, પણ શરીરની અંદર પણ બળતરા પેદા કરતી હતી.કિમો રેડીશેયન પૂર્ણ થઈ ગયા. ડૉક્ટર સાહેબે ચેક કર્યું અને જાહેર કર્યું: 'હવે કેન્સરની તકલીફમાંથી બહાર છો, કોઈ જ ચિંતા જેવું નથી.' એ શબ્દો સાંભળીને આખું વિશ્વ શાંત થઈ ગયું હોય તેવું લાગ્યું. દર મહિને ચેકઅપ કરાવવાનું કીધું. સૌ ખુશ હતા, તેઓ યુદ્ધ જીતી ગયા હતા.અને કિસ્મતની ક્રૂરતા જુઓ! ફરીથી તે જ સમયે શાળામાં સત્રની સ્ટાફ શ્રીફળ ની વિદાય રાખેલી. છેલ્લીવાર બધાને મળવાનો અવસર હતો, પણ એ દિવસે તો સિમ્સમાં કેરરૂમમાં બોટલ ચડતી હતી. બહાર ખુશીનું વાતાવરણ હતું, અને અહીં

નસમાં ટીપે ટીપે દવા ઉતરતી હતી. નર્સ પણ ઓળખીતા હતા, એમને વિદાયની ખબર પડી ત્યારે એ પણ ઉદાસ થઈ ગયા . જે વ્યક્તિને ક્યાં હોવાનું હતું, આજે સમયે તેને ક્યાં લાવીને ઉભો કરી દીધો હતો! એક અમૂલ્ય અવસર હોસ્પિટલના પલંગ પર પસાર થઈ રહ્યો હતો.આ રાહત પછી, જ્યારે બતાવવા ગયા ત્યારે તેમણે કહ્યું કે તેમને આ બાજુ દુખે છે. ડૉક્ટર સાહેબે તરત જ પેટસ્કેન કરાવવા કીધું. રોજ અમદાવાદની સફર ફરી ચાલુ થઈ. પેટસ્કેનનો રિપોર્ટ આવ્યો, અને તે *'સસ્પેકટ'* આવ્યો. ડૉક્ટર સાહેબે તેમની સામે જ એવું કહ્યું કે રોગ તમને દગો આપી રહ્યો હોય તેવું લાગે છે. તેમણે સમજાવ્યું: *'ચોક્કસ નથી કહેતો, પણ એક લાખ કેન્સરના દર્દી હોય, ત્યારે એકને આ ઘટના બને છે, અને એમાં તમે છો.'* રોગ વિરુદ્ધ દિશામાં જાય છે. પહેલા જ્યાં હતું, ત્યાં એકદમ સારું છે. પણ વિરુદ્ધમાં જે નવી ગાંઠ છે, તે લોહીની, પાણીની, અથવા કદાચ કેન્સરની હોય. પેટસ્કેન રિપોર્ટ સસ્પેકટ છે.પિતાશ્રીએ તરત જ કહ્યું, પાછું ઓપરેશન કરીએ તો? ડૉક્ટર સાહેબે નીચું જોઈને કહ્યું, 'હવે શક્ય નથી.' આ ગાંઠ સફેદ નસ ઉપર છે. 'જેવું ઓપરેશન કરશું, ૯૯% જોખમ છે.' ડૉક્ટર સાહેબે ફરી તેમને એવું કીધું કે ચોક્કસ નથી એવી જ છે, પણ તમારું નસીબ એવું છે. તેમણે કહ્યું, 'ફરી કિમોથેરાપી, રેડિયેશન તો પણ કોઈ ગેરંટી નથી.'અને પછી, એ શબ્દો... જેણે તેમના જીવનની આખી ગતિ બદલી નાખી: 'જીવને તકલીફ પડ્યા વગર જે જીવે જીવવા દો.' એ શબ્દો ૨૫ જુલાઈ ૨૦૨૪ ના હતા, જે આજે પણ મને સંભળાય છે, હૃદય હચમચાવી દે એવા.

ડૉક્ટરનું નિદાન સાંભળ્યા પછી તેઓ હરતા-ફરતા થઈ ગયા. બસ સ્ટેશન પર બેસતા, અમને બંન્ને ને એમ થયું કે કદાચ આ ગાંઠ પાણી અથવા

લોહીની જ હશે. તેઓ એકબીજાને એ જ આશ્વાસન આપતા. પણ એ ડૉક્ટરના શબ્દોનું વજન તે બંને જાણતા હતા.તેઓ હરતા-ફરતા થઈ ગયા... પણ આ રાઝ  માત્ર અમે બે જ જાણતા હતા.તેઓ ક્યારેય એવું નહોતા ઇચ્છતા કે ઘરના ચિંતા કરે, ખાસ કરીને મારા મમ્મી. મમ્મીએ આટલો સંઘર્ષ જોયો હતો, જો આ સત્યની ખબર પડે તો તે તૂટી જાય. આ રાઝ, જે તેમના જીવનનો સૌથી મોટો ભાર હતો, તે માત્ર તે બે જ જાણતા હતા, અને એ રાઝ છુપાવીને જીવવું એ જ તેમના માટે બીજો સૌથી મોટો સંઘર્ષ બની ગયો. જીવને તકલીફ પડ્યા વગર જીવવા દેવાના એ શબ્દો;

**"૨૫ જુલાઈ ૨૦૨૪ ના એ શબ્દો, આજે પણ મને સંભળાય છે. આ એમની અતૂટ હિંમત અને અનકહી પીડાની ગાથા છે."**

# ૨૬.સંઘર્ષની કપરી રાતો

૧ ઓગસ્ટની એ સવાર,દિવસની શરૂઆત હમેશાની જેમ સ્વચ્છ અને નિયમિત હતી.પિતાજી,પોતાના સ્વભાવગત સમયપાલન મુજબ, સવારે સેવિંગ કરી રહ્યા હતા. સવારના શાંત વાતાવરણમાં, અચાનક, કોઈ પૂર્વ ચેતવણી વિના, તેમના શરીરમાં ગભરામણની એક તીવ્ર લહેર પસાર થઈ ગઈ. આ ગભરામણ સામાન્ય નહોતી; તે જીવલેણ ભયની હતી, જાણે શરીરના બંધારણમાંથી પ્રાણ ખેંચાઈ રહ્યા હોય.આ ઘટનાની તીવ્રતા એટલી વધારે હતી કે તરત જ તેઓ ઘરમાં પ્રવેશ્યા, અને એ જ ક્ષણે, નિયતિએ પોતાનો ભયાનક ચહેરો દેખાડ્યો. અચાનક તેમની આંખો ફાટી ગઈ, શ્વાસ અકળાઈ ગયો, અને આખા ઘરમાં ને ફળીયા માં એક બૂમાબૂમ થઈ ગઈ, જે આજે પણ કાનમાં ગુંજે છે. એ આઠ-દસ સેકન્ડનો સમયગાળો,જેણે સમગ્ર પરિવારને હચમચાવી દીધું, એવું લાગ્યું કે જાણે જીવ જતો જ રહ્યો હોય, અને મૃત્યુનો પડછાયો અચાનક આવીને ઊભો રહી ગયો હોય.

એ ભયાનક ક્ષણનું વર્ણન કરવું શબ્દોથી પરે છે, જ્યાં સમય થંભી જાય અને જીવનની દોરી લટકવા લાગે. હું, તેમનો દીકરો, તાત્કાલિક ગાડી લેવા માટે દોડ્યો. પણ મનની અસ્થિરતા અને શરીરનો ભય એટલો હતો કે બસ સ્ટેશન પર પહોંચતા પહેલાં, હું રોડની વચ્ચોવચ ઊભો રહી ગયો, જાણે પગલાં આગળ વધારવા માટે શરીર તૈયાર નહોતું. એ ક્ષણે લાગ્યું કે આ દુનિયાનું દબાણ મારા પર આવી પડ્યું છે. પણ પિતાના મજબૂત

વ્યક્તિત્વનું સ્મરણ, અને મારા પ્રત્યેનો તેમનો અવિચળ વિશ્વાસ,મને તરત જ પાછો ખેંચી લાવ્યો.તરત જ ગાડી સંભાળી અને તાત્કાલિક તેમને લઈને હોસ્પિટલ પહોંચી ગયા. ડૉક્ટરોએ સ્થિતિ સંભાળી, પણ એ રાહત ક્ષણિક હતી.થોડા જ સમય પછી, ૧૮ ઓગસ્ટના રોજ ફરીથી એ જ ઘટનાનું પુનરાવર્તન થયું, પણ આ વખતે રાત્રે.હવે આ આઠ-દસ સેકન્ડનો ભય અને દરવાજાની વચ્ચોવચ બેભાન થઈ જવાની સ્થિતિ એક ક્રમ બની ગઈ. આ રોગે જાણે પોતાનો સમય નક્કી કરી લીધો હતો. રોજ રાત્રે ૧:૧૦ મિનિટ થાય, અને તેમના શરીરમાં એ જ અકળ પીડા,એ જ ગભરામણ અને એ જ બેભાન થવાની ઘટના શરૂ થતી. નિયમિતપણે રાત્રે હોસ્પિટલ તરફ દોડવું પડતું, અને હોસ્પિટલ પહોંચતા-પહોંચતા તો તેઓ સંપૂર્ણપણે થાકી જતા, કમ્પલેટ થઈ જતા.

**જીવન અને મૃત્યુના પડછાયા વચ્ચે એક અલૌકિક મુલાકાત:-**

જેમ જેમ આ રાત્રિની યાતનાઓ વધતી ગઈ, તેમ તેમ ઘરનું વાતાવરણ ચિંતા અને ભયથી ઘેરાતું ગયું.દરરોજ રાત્રે ૧:૧૦ મિનિટનો સમય એક ભયાનક ઘંટડી બનીને આવતો હતો.આ રોગની પીડા અને દૈનિક ઘટનાઓ વચ્ચે એક એવી રાત આવી, જેણે અમને હચમચાવી મૂક્યા હતા અને જીવનના ભૌતિક સત્ય પર એક સવાલ ઊભો કરી દીધો. રાત્રે ૧૨:૪૨ મિનિટનો સમય, જ્યારે પિતાજી સૂતા હતા અને અમે બધા ચિંતામાં જાગતા હતા, ત્યારે અચાનક કોઈકે દરવાજો ખખડાવ્યો. અવાજ આવ્યો: "પાણી આપજો."

મમ્મી મારી પાસે આવ્યા અને ધીમા અવાજે કહ્યું કે બહાર કોઈક છે, પાણી માગે છે. હું, મમ્મી અને મારી પત્ની તરત જ બહાર નીકળ્યા. મમ્મીએ એક બોટલમાંથી પાણી કાચના ગ્લાસમાં નહીં, પણ સીધું એ વ્યક્તિના હાથના ખોબામાં રેડ્યું. એ વ્યક્તિએ ખોબો ભરીને એ પાણી પીધું. પીધા પછી એ વ્યક્તિ થોડો આગળ ગયો અને પછી પાછો આવ્યો. તેણે મમ્મીને કહ્યું: "જમવાનું આપો." મેં તરત જ પૂછ્યું, "શું છે અત્યારે? આ સમયે શું હોય અત્યારે?" મેં એમ કહ્યું, તો મને કહે છે: "કેમ આવું કહે છે?" અને એ વ્યક્તિ જતો રહ્યો.

હું, મમ્મી અને મારી પત્ની, અમે ત્રણેય થોડીવાર તો એ વ્યક્તિને જોઈ જ રહ્યા. ઘરની આગળ સ્ટેટ લાઈટ નીચે એ વ્યક્તિ ઊભો રહ્યો અને અચાનક એક બૂમ પાડી: *"બેટા પ્રતાપ."* અને એ વ્યક્તિ અદ્રશ્ય થઈ ગયું. હા, એ વ્યક્તિ ખરેખર અદ્રશ્ય થઈ ગયું!

ઘણા લોકોને એમ થાય કે આવું હોય? શું આ માત્ર એક ભ્રમ હતો? પણ અમે ત્રણ લોકોએ સાક્ષાત આ અનુભવ કર્યો હતો. સૌથી ચોંકાવનારી વાત એ હતી કે, જ્યાં એ વ્યક્તિએ ખોબામાં પાણી પીવડાવ્યું હતું, ત્યાં રોડ પર પાણીનું એક ટીપું કે ટાપું પણ નહોતું પડેલું. રોડ એકદમ સૂકો હતો. મારું શરીર ધ્રૂજવા લાગ્યું, આ શું જોયું આજે? આ ઘટનાએ અમને સ્પષ્ટ સંકેત આપી દીધો હતો કે આ સંઘર્ષ માત્ર ભૌતિક શરીરનો નથી, પણ કોઈ અકળ શક્તિઓનો છે, અને પિતાજીની વિદાયની ઘડી નજીક છે.આ ઘટના પછી સંઘર્ષના દિવસોમાં,સહારો આપવા માટે મારા મામા અને મમ્મીની ભુવા પણ રોજ રાત્રે અમારા ઘરે સૂતા હતા,સતત દેખરેખ રાખતા અને પરિવારને માનસિક હૂંફ આપતા હતા.

**રોગનો દગો અને આત્મિક મજબૂતીનો મહાસંગ્રામ:-**

ધીમે ધીમે તકલીફ પડતી હતી, અને હવે અમે બંને હું અને પિતાજી જાણી ગયા હતા કે આ રોગ આપણને ડગો આપી ગયો છે. આ સામાન્ય બીમારી નહોતી; અમે બંને સમજી ગયા હતા કે અમે દુનિયાના એ લાખમાંથી એક પેશન્ટમાં આવી ગયા છીએ, જેને મેડિકલ સાયન્સ પણ સહેલાઈથી સમજાવી શકતું નથી.કેન્સર જેવી ગંભીર બીમારીમાં જે અસહ્ય તકલીફ પડે છે, તેનું વર્ણન કરવું મુશ્કેલ છે, પણ તેઓ જે પીડામાંથી પસાર થઈ રહ્યા હતા,તેનું વર્ણન કરવું કદાચ તેનાથી પણ વધારે અશક્ય હતું. છતાં પણ, તેમણે ક્યારેય અમને એ નથી કીધું કે આ તકલીફ મને,અહી દુખે છે,જે તકલીફ હતી છતા વ્યક્તિએ એક બૂમ પાડી નથી જેટલો સંઘર્ષજીવનમા કર્યો એનાથી વધારે સંઘર્ષ જીવન ના આ દિવસો મા હતો.એમનું વ્યક્તિત્વ જેટલું મજબૂત મેં આજ સુધી જોયું નથી, એવું મજબૂત વ્યક્તિત્વ હતું.એમણે પોતાની પીડાને પણ ગળી લીધી હતી, જેથી પરિવારને દુઃખ ન થાય. તેમના ચહેરા પર હંમેશા એક અદમ્ય આત્મવિશ્વાસ અને શાંતિ રહેતી હતી.એમની એ મજબૂત માનસિકતા,એમના દરેક શબ્દમાં રહેલો વિશ્વાસ અને ગૌરવ, એ મારા માટે અમૂલ્ય વારસો છે. એમના છેલ્લા શબ્દો, જે મારા માટે હતા, તે હંમેશા મારા કાનમાં ગુંજશે: "મારો દીકરો તો લાખોમાં એક છે. આ શબ્દો માત્ર પિતાનો પુત્ર પ્રત્યેનો પ્રેમ નહોતા, પણ એક રાજાનો પોતાના વારસદાર પરનો સંપૂર્ણ વિશ્વાસ હતો. એક એવો વ્યક્તિ જે અંતિમ શ્વાસ સુધી મજબૂત રહ્યો, અને પોતાના પુત્રને સૌથી મહાન ગણાવ્યો.

એ સંઘર્ષના દિવસોમાં, શેઠ સી. જે. હાઈસ્કૂલ શાળાના પ્રિન્સિપાલ હરેન્દ્રસિંહ ચંપાવત સાહેબ, અને રમેશભાઈ પ્રજાપતિ, પંડ્યા સાહેબ સુપરવાઇઝર,એમને મળવા માટે તેમના શિક્ષક તરીકેના વિદાયના આમંત્રણ સાથે આવ્યા હતા.આ તેમના સુવર્ણ કાર્યકાળના અંતનો અને નિવૃત્તિના માન-સન્માનનો પ્રસંગ હતો. પરંતુ જ્યારે એ મહાનુભાવોએ એમની હાલત જોઈ, ત્યારે તેમના હૃદયમાં ઊંડો આઘાત લાગ્યો.

સાંજે મને પ્રિન્સિપાલ સાહેબનો ફોન આવ્યો.અવાજમાં દુઃખ અને આદર બંને હતા: "વિદાય બંધ રાખી છે. અમારો રાજા જ હાજર ન હોય, તેમનો પ્રસંગ તો હાલ બંધ રાખી છે." એમની આવી હાલતમાં એ પ્રસંગ ન રાખી શકાય, એવું કહીને એમણે પ્રસંગ મુલતવી રાખ્યો. છતાં પણ પપ્પાની નિઃસ્વાર્થ ભાવના છલકાઈ ઊઠી. તેઓ કહેતા હતા: "મારા લીધે બંધ ન રાખો. હું નહીં આવી શકું તો પણ વિદાય કરી દો.મારો દીકરો આવશે જ.એમના શબ્દોમાં કેટલી ઉદારતા હતી, કે પોતાના જીવનના સૌથી મહત્ત્વપૂર્ણ પ્રસંગ કરતાં પણ, બીજાના કાર્યક્રમને અટકાવવો ન જોઈએ, એવો ભાવ હતો. આ જ એમનું રાજાશાહી વ્યક્તિત્વ હતું.

ધીમે ધીમે, સમય ક્રૂર થતો ગયો. શારીરિક રીતે તેઓ નબળા પડતા ગયા. પહેલાં બોલવાનું ધીમે ધીમે બંધ થઈ ગયું. પછી એક હાથ અને એક પગની હલનચલન પણ બંધ થઈ ગઈ. શરીર જાણે ધીમે ધીમે આત્માનો સાથ છોડી રહ્યું હતું. આ એ વ્યક્તિ હતા જેમણે સંપૂર્ણ જીવન સંઘર્ષ કર્યો હતો. એક નાનકડી શરૂઆતથી તેમણે પોતાનું સામ્રાજ્ય ઊભું કર્યું, માત્ર

સંપત્તિનું નહીં પણ માન-સન્માન, જ્ઞાન, અને વિદ્યાર્થીઓના પ્રેમના સામ્રાજ્યનું.

અને જ્યારે, આ સંપૂર્ણ જીવનના સંઘર્ષ પછી, શાંતિથી બેસવાનો અને આરામ કરવાનો સમય આવ્યો, ત્યારે તો કુદરતે તેમને પોતાની પાસે બોલાવી લીધા. આ ઘટના જીવનની ક્રૂરતા દર્શાવે છે. એવું લાગતું હતું કે કુદરતે તેમને એમનો હક ન આપ્યો, જે વ્યક્તિ આખી જિંદગી લડ્યો, તેને અંતે શાંતિ પણ ન મળી. આ યાતના અને અસહાયતા જોવી, એમના પરિવાર માટે સૌથી મોટી પીડા હતી. ૫ નવેમ્બરની એ સવારે, ગુજરાતી સાહિત્યના આ અનમોલ હીરાએ કાયમી માટે આ દુનિયાને અલવિદા કહી દીધું હતું. આ દુનિયાનો સૌથી મજબૂત વ્યક્તિત્વ, રાજા માણસ, હવે પડદો પાડી ગયો હતો, પરંતુ તેમનું નામ અમર કરી ગયો.

સ્વ. પ્રતાપસિંહ કિશોરસિંહ ચૌહાણની સ્મશાન યાત્રા રાધીવાડ ગામમાં એમના ઘરેથી નીકળી, અને એ દૃશ્ય જોઈને આખું ગામ સ્થિર થઈ ગયું. એમની સ્મશાન યાત્રામાં ઉમટેલી લોકોની ભીડ જ તેમની મહાનતાની સાક્ષી પૂરતી હતી. લાંબે સુધી જ્યાં નજર જાય, ત્યાં સુધી માત્ર માથાઓ જ દેખાતા હતા. એ ભીડ કોઈ રાજકારણીની નહોતી, પણ એક એવા 'રાજા માણસ'ની હતી જેણે પ્રેમ અને જ્ઞાનથી લોકોના હૃદય પર રાજ કર્યું હતું.

'બાપુ સાહેબ', 'રાણા સાહેબ'ના નામથી પ્રખ્યાત આ વ્યક્તિએ વિદ્યાર્થીઓના હૃદયમાં એક એવી જગ્યા બનાવી હતી, જેની સાબિતી એ ભીડ આપી રહી હતી. દરેક સમાજના લોકોમાં એક ખોટ પડી ગઈ, જાણે કોઈ વડીલ છત્રછાયા ગુમાવી દીધી હોય. એ મૌન, એ આંસુઓ, એ આદર – એ બધું જ એમનું વ્યક્તિત્વ કેટલું મહાન હતું, તેનો પુરાવો હતો. અને

અંતે, એ મહાન આત્મા પંચતત્વમાં હંમેશા માટે વિલીન થઈ ગયો. પરિવાર તૂટી ગયું હતું, પણ તેમની યાદો હંમેશા એક તાકાત બનીને રહેશે.

એમની વિદાયની કથામાં એક હૃદયદ્રાવક અને ભાવનાત્મક તત્વ પણ જોડાયેલું છે. એમની જિંદગીના દુઃખ અને સંઘર્ષના દિવસોમાં જે સાથીદાર હતી તેમની પ્રિય ભેંસ, જેને તેઓ પોતાના પરિવારના સભ્યની જેમ માનતા હતા. તેણે પણ એ જ દિવસ સાથ એમના ઘર નો છોડી દીધો.જાણે એમના શબ્દો સાચા પડ્યા હોય, કે જેણે જીવનભર સંઘર્ષમાં સાથ આપ્યો, તે આખરી વિદાયની પળ પણ એમની સાથે જ પૂરી કરીને જશે. આ ઘટના કુદરત સાથેના તેમના ગહન સંબંધને દર્શાવે છે, અને પરિવાર માટે આ દુઃખનો બીજો આઘાત હતો.આટલી મોટી ખોટ અને આટલી મોટી પીડા સહન કરવી, તે અસહ્ય છે. એ દિવસોમાં, હું એકલો ધ્રુસકે ધ્રુસકે રડતો હતો, મારી એકલતામાં એ દુઃખનો ભાર હળવો કરતો હતો. પણ મમ્મી અને બહેનની સામે, મારે મજબૂત બનીને ઊભો રહેવાનું હતું. એ મજબૂતી, એ સંયમ, એ મને કદાચ એમના જ વારસામાંથી મળ્યો છે. 'મારો દીકરો તો લાખોમાં એક છે, આ શબ્દોની સાબિતી આપવા માટે, મારે તેમના સામ્રાજ્યનો સ્તંભ બનીને ઊભું રહેવાનું હતું.સ્વ. પ્રતાપસિંહ કિશોરસિંહ ચૌહાણ સાહેબની વિદાયથી પડેલી ખોટ ક્યારેય પુરાઈ શકે એમ નથી. તેમનું જીવન, સંઘર્ષ, શિક્ષણ પ્રત્યેનો તેમનો પ્રેમ, અને 'બાપુ સાહેબ', 'રાણા સાહેબ' તરીકેની તેમની ઓળખ – આ બધું જ કાયમ માટે પ્રકાશ સ્તંભ બનીને રહેશે.

**"તેઓ માત્ર એક વ્યક્તિ નહોતા, પણ એક યુગ હતા,જેમનું નામ હંમેશા અમર રહેશે."**

# ૨૭.સાહેબની ભાવપૂર્ણ સ્મશાન યાત્રા

નમસ્કાર બાપુ સાહેબ,સ્વ.પ્રતાપસિંહ કિશોરસિંહ ચૌહાણ

આ વિદાય એ માત્ર એક શરીરની વિદાય નહોતી, પણ એક યુગના અસ્તનો મૌન પોકાર હતો.

માથે ભાર ને આંખોમાં એમની દરેક યાદો જાણે મને ત્યાજ રોકી રાખવા માંગે છે... ખુલ્લી આંખે મને એમની ફ્લેસ  બેક માં લઇ જાય છે.પપ્પા ને હસતાં જોઉં ,પપ્પા ને ઘરે આવતા જોઉં એમના મોઢા પર સ્મિત પાછળ છૂપાયેલો થાક અને કરકસર...પપ્પા ને hug કરીને રડવું,પપ્પાને ભૂલથી બોલાયેલા શબ્દો,મારા પીઠ પર થપથાપટ ..આ દરેક ક્ષણ હું ખુલ્લી આંખે જોઈ રહ્યો હતો.

૫ નવેમ્બરની એ સવાર, સૂર્ય તો ઊગ્યો હતો, પણ રાધીવાડ ગામના આકાશમાં જાણે કારમી રાતનું અંધારું છવાઈ ગયું હતું. આખું ગામ સ્થિર થઈ ગયું હતું, વૃક્ષોએ પોતાના પાંદડાઓનો ખડખડાટ બંધ કરી દીધો હતો, અને પશુ-પંખીઓ પણ જાણે સમજી ગયા હતા કે તેમનો રાજા, તેમનો માર્ગદર્શક, તેમનો શિક્ષક, હવે કાયમી નિદ્રામાં પોઢી ગયો છે. એ દિવસે ગુજરાતી સાહિત્યના આ અનમોલ હીરાએ અંતિમ અલવિદા કહી દીધું હતું, પણ એમનો પડછાયો હજી પણ ઘરના દરવાજા પર ઊભો હતો, જાણે હજી પણ પોતાના દીકરાને 'લાખોમાં એક છે' કહીને હિંમત આપી રહ્યા હોય.

એમના અંતિમ દેહને જ્યારે ઘરમાંથી બહાર લાવવામાં આવ્યો, ત્યારે આસપાસ એક એવું મૌન છવાઈ ગયું કે જાણે પૃથ્વી પરના બધા જ અવાજો ગળી ગયા હોય.એ મૌન ચીસોથી પણ વધારે તીવ્ર હતું, એ મૌન આંસુઓથી પણ વધારે ખારું હતું.

હવે તો યાદોની મહેફિલ સજાવાશે,
તમારું નામ જ અહીંયા ગુંજી વળશે;
શરીરના આ બંધન ભલે તૂટી ગયાં,
અમારા દિલમાં તમારો પડછાયો કાયમ જીવશે.

આ એ વિદાય હતી, જેના આમંત્રણને થોડા દિવસ પહેલાં જ પ્રિન્સિપાલ સાહેબે અને શિક્ષક ગણે તેમની નાદુરસ્ત તબિયત જોઈને બંધ રાખ્યું હતું. પણ કુદરતની વિદાયને કોણ રોકી શકે? એ 'રાજા માણસ' વિદાય માટે તૈયાર નહોતા,પણ કુદરતનો નિયમ કઠોર હોય છે. એમના ભારેખમ દેહને જ્યારે ખભાઓ પર મૂકવામાં આવ્યો,ત્યારે માત્ર ખભા જ નહીં, પણ આખા ગામના હૃદય પર એમના સંઘર્ષનું અને એમની પીડાનું વજન આવી પડ્યું. દરેક પગલું ધીમું હતું, દરેક શ્વાસ ભારે હતો.

રાધીવાડ ગામની શેરીઓ પર જ્યારે સ્વ. પ્રતાપસિંહ સાહેબની સ્મશાન યાત્રા નીકળી, ત્યારે એ દૃશ્ય માત્ર એક યાત્રા નહોતી, પણ એમની મહાનતાનું જીવંત પ્રમાણપત્ર હતું. એ એક વિશાળ જનસાગર હતો, જેણે ગામના નાના રસ્તાઓને પણ ટૂંકા કરી દીધા હતા. લાંબે સુધી જ્યાં નજર જાય, ત્યાં સુધી માત્ર માથાઓ જ દેખાતા હતા. સફેદ વસ્ત્રોમાં સજ્જ લોકોનો આ પ્રવાહ શાંત હતો, પણ અંદરથી તોફાન લઈને વહેતો હતો.

એ ભીડ કોઈ રાજકીય કે ધાર્મિક સમારોહની નહોતી, પણ એક એવા વ્યક્તિના પ્રેમમાં ઊભેલા હજારો લોકોની હતી, જેમણે પોતાના જીવનમાં માત્ર આપ્યું હતું – જ્ઞાન, પ્રેરણા, અને આત્મવિશ્વાસ. બાપુ સાહેબ ક્યારેય કોઈના પાસેથી કશું પામ્યા નહોતા, પણ તેમના જીવનની કમાણી એ હતી કે એમણે દરેક વ્યક્તિને કંઈક ને કંઈક આપ્યું હતું. તેમણે ગરીબ-તવંગર, જ્ઞાતિ-જાતિના ભેદભાવ વિના દરેક વિદ્યાર્થીને અને દરેક જરૂરિયાતમંદ વ્યક્તિને હૃદયથી મદદ કરી હતી.

એ ભીડમાં દરેક સમાજના, દરેક વર્ગના લોકો હતા. જેમને તેમણે પોતાના પુસ્તકો વાંચવા આપ્યા હતા, જેમને તેમણે જીવનમાં મદદ કરી હતી, અને જેમને તેમણે 'બાપુ સાહેબ' તરીકેના પોતાના દરજ્જાથી ઊભા થવાનું શીખવ્યું હતું. દરેક આંખમાં આંસુ હતા, દરેક હૃદયમાં એક અસહ્ય પીડા હતી.એક વિદ્યાર્થીનું આંસુ: ભીડમાં એક વૃદ્ધ વિદ્યાર્થી, જે હવે પોતે શિક્ષક બની ગયો હતો, તે ધ્રુસકે ધ્રુસકે રડી રહ્યો હતો. તેણે કહ્યું, "બાપુ સાહેબે મને માત્ર ભણાવ્યો નહોતો, પણ મને મનુષ્ય બનવાનું શીખવ્યું હતું. આજે મારું છત્ર જતું રહ્યું." આ ભીડ જ સાબિતી આપતી હતી કે એમનું વ્યક્તિત્વ કેટલું મહાન હતું, અને તેમણે કેટલા હૃદયમાં પોતાનું સ્થાન બનાવ્યું હતું. આ યાત્રા એક વ્યક્તિની નહીં, પણ એક આદર્શની વિદાય હતી.

એમના અંતિમ દિવસોમાં બનેલી અલૌકિક ઘટના, જ્યારે રાત્રે ૧૨:૪૨ વાગ્યે કોઈકે આવીને પાણી માગ્યું અને પછી 'બેટા પ્રતાપ' કહીને અદૃશ્ય થઈ ગયું  એ સંકેત આજે પણ પરિવારના હૃદયમાં ધ્રુજારી ઊભી કરે છે. એ વ્યક્તિ ભલે અદ્રશ્ય થઈ ગયું હોય, પણ તેનું 'બેટા પ્રતાપ' કહેવું, અને

જ્યાં પાણી પીવડાવ્યું ત્યાં રોડ પર એક ટીપું પણ ન પડવું.આ બધું જ દર્શાવે છે કે તેમનો પ્રભાવ આ દુનિયા પૂરતો સીમિત નહોતો.

આટલી મોટી પીડા, આટલો મોટો સંઘર્ષ અને પછી આ અલૌકિક સંકેત. આ બધું જ મારા મનને એક સતત વેદનામાં ડૂબાડે છે.હું એકલો ધ્રુસકે ધ્રુસકે રડતો હતો,પિતાની ખોટનો ભાર સહન કરી રહ્યો હતો. પણ મમ્મી અને બહેનની સામે, મારે મજબૂત થઈને ઊભું રહેવાનું હતું. એ મજબૂતી, એ સંયમ, એ મને મારા પિતાના શબ્દોમાંથી મળ્યા: "મારો દીકરો તો લાખોમાં એક છે. એમના શબ્દોને સાચા પાડવા માટે, મારે પરિવાર માટે એક અખંડ દીવાલ બનીને ઊભું રહેવાનું હતું.

યાત્રા સ્મશાન સુધી પહોંચી.જ્યાં તેમનું શરીર, જેણે જીવનભર સંઘર્ષ કર્યો હતો અને છેલ્લા મહિનાઓમાં અસહ્ય પીડા વેઠી હતી, તે હવે પંચતત્વમાં વિલીન થવા જઈ રહ્યું હતું. અગ્નિની જ્વાળાઓ જ્યારે તેમના દેહને સ્પર્શી, ત્યારે માત્ર શરીર જ નહોતું બળ્યું, પણ અમારા હૃદયનો એક મોટો હિસ્સો પણ એ જ્વાળાઓમાં ઓગળી ગયો. એ ક્ષણે, પરિવાર તૂટી ગયું હતું. એમના સંઘર્ષ, એમની મજબૂતી, એમનો પ્રેમ, અને એમની બધી જ કમાણી – એમના હૃદયમાં સચવાયેલા શબ્દો – એ બધું જ એક પ્રકાશ બનીને આકાશમાં ભળી ગયું.

"એ પડદો ભલે પડ્યો, પણ નાટક અમર કરી ગયા,
માટી ભલે મળી ગઈ માટીમાં, પણ નામ અમર કરી ગયા.
જિંદગીના છેલ્લા શ્વાસમાં પણ જેણે હિંમત ન છોડી,
એ રાજા માણસ આજે આ દુનિયાને અલવિદા કહી ગયા."

તેમનું નામ – સ્વ. પ્રતાપસિંહ કિશોરસિંહ ચૌહાણ સાહેબ – હવે હંમેશા અમારા હૃદયમાં એક પ્રકાશ સ્તંભ બનીને રહેશે.

**"તેમની યાદો, તેમના સંઘર્ષો અને તેમનો પ્રેમ અમને જીવનભર માર્ગદર્શન આપતા રહેશે."**

# ૨૮.બેસણું

કેટલાક લોકો જીવન જીવી જાય છે, અને કેટલાક લોકો જીવનને એક અમર સંદેશ આપી જાય છે. આપણા રાણા સાહેબ, જેમને આપણે *'સંઘર્ષમય વ્યક્તિ'* અને *'અધૂરી વિદાય'ના રાણા સાહેબ* કહ્યા છે, તેઓ કદાચ બીજી શ્રેણીમાં આવે છે. તેમનું જવું એ માત્ર એક વ્યક્તિનો અંત નથી,પણ એક યુગનું મૌન છે, એક સંઘર્ષમય પ્રકરણનું અણધાર્યું વિરામ છે. આજે, જ્યારે તેમનું ભૌતિક શરીર આપણી વચ્ચે નથી, ત્યારે જ સમજાય છે કે તેમનું અસ્તિત્વ કેટલું વિશાળ હતું. જીવનભર સાદગીના વસ્ત્રો પહેરીને ફરનાર આ વ્યકિતત્વ, વિદાય લેતી વખતે આખા ગામ ને શોકનાં વસ્ત્રો પહેરાવી ગયા. આ ક્ષણે તો એમ કહેવું પડે:

કૌન કહેતા હૈ કિ મૌત આઈ તો મર જાઓગે,તુમ તો દરિયા હો,
સમંદર મેં ઉતર જાઓગે.રાહતેં ઝીંદગી મેં કમ હો તો ક્યા હુઆ,
તુમ તો લોગોં કે દિલોં મેં સદા રહ જાઓગે.

તેમનું જીવન સંઘર્ષનું એક ખુલ્લું પુસ્તક હતું. તેમણે ક્યારેય પોતાના વખાણ ન કર્યા, ક્યારેય પદ કે પ્રતિષ્ઠાની પાછળ દોડ્યા નહીં. તેઓ તો બસ, પોતાના કર્મને જ પોતાનો પરિચય માનતા હતા. પરંતુ, જ્યારે તેમની વિદાય થઈ, ત્યારે જે દ્રશ્ય સર્જાયું, તે આંખમાં આંસુ સાથે હૃદયમાં એક સત્ય સ્થાપી ગયું: પદવીઓથી નહીં, પણ પ્રેમથી જ માણસ મહાન બને છે. આ 'અધૂરી વિદાય' એ દરેક પુત્રની ગાથા છે, જેણે પોતાના પિતાની

ગેરહાજરીમાં તેમના અસ્તિત્વનો વારસો અનુભવ્યો છે. વિદાયના દિવસે જ ખબર પડી કે મારા પિતા માત્ર મારા પિતા નહોતા, તેઓ તો એક વડલો હતા, જેણે ઘણા લોકોને છાંયડો આપ્યો હતો. તેમની મૃત્યુ પછી મેં એવા ચહેરાઓ જોયા, જેમને મેં ક્યારેય જોયા નહોતા, પણ તેમની આંખોમાં રહેલા આંસુ કહી રહ્યા હતા કે આ દુઃખ માત્ર મારા પરિવારનું નથી. અને આ મહાનતાનો પુરાવો તેમના બેસણામાં જોવા મળ્યો, જ્યાં જે જનમેદની ઊમટી હતી, તે કોઈ સામાન્ય ઘટના ન હતી. ગાંધીનગર અને અમદાવાદ શહેરના અધિકારીઓ, શિક્ષકો, અને જુદા જુદા તાલુકા-જિલ્લાના શિક્ષકો, પ્રોફેસરો, પી.આઈ., ડેપ્યુટી કલેક્ટર, અને રાજકારણીઓ સુધ્ધાં ત્યાં હાજર હતા.આ કોઈ રાજકીય કે સામાજિક મેળાવડો નહોતો, આ તો ફક્ત એક નિષ્કપટ આત્માને અપાયેલી ભાવનાત્મક શ્રદ્ધાંજલિ હતી. આ અધિકારીઓ, જેઓ કાયદા અને નિયમોના ચોકઠામાં જીવે છે, તેઓ સમય કાઢીને, પોતાના પ્રોટોકોલ તોડીને, આ 'સાદા' માણસના સ્મરણમાં આવ્યા હતા. આ પૂરવાર કરે છે કે રાણા સાહેબનું વ્યક્તિત્વ કેટલું વિશાળ, કેટલું પ્રભાવશાળી હતું. તેમણે ક્યારેય કોઈની પાસેથી કોઈ અપેક્ષા ન રાખી, પરંતુ જ્યારે સમય આવ્યો, ત્યારે આ સમાજે સામે ચાલીને તેમનું ઋણ ચૂકવ્યું. તેમની હાજરીમાં, સૌ કોઈ એક વાત કહેવા માંગતા હતાઃ આ માણસે અમારા જીવનમાં ક્યાંક, કોઈક ખૂણે, એક દીવો પ્રગટાવ્યો હતો.

ફર્શ સે અર્શ તક સફર દેખા, ઉસને કિસી શખ્સ કા નહીં પ્યાર કા.
જિસકા કદ છોટા રહા દુનિયા મેં, ઉસકા કદ બહુત ઊંચા રહા લોગોં કે દિલ મેં.

આ સાહેબો અને સંગઠનોનું આવવું એ માત્ર માન આપવા પૂરતું નહોતું, પણ એક સત્યની સ્વીકૃતિ હતી કે સત્તાની ખુરશી કરતાં, સેવા અને સાદગીની માટીમાં રહેલો માણસ વધુ મોટો હોય છે. આ સાબિતી હતી કે રાણા સાહેબનું કાર્યક્ષેત્ર માત્ર શેઠ.સી.જે.હાઈસ્કૂલના વર્ગખંડ પૂરતું મર્યાદિત નહોતું, પણ તે સમાજના દરેક સ્તર સુધી વિસ્તરેલું હતું.શ્રદ્ધાંજલિ સભામાં એક વૃદ્ધ ખેડૂત લથડતા અવાજે ઊભા થયા. મને કહ્યુ, "એમણે મને ક્યારેય મદદ નહોતી કરી... પણ તેમણે મને ક્યારેય પાછળ પડવા દીધો નહોતો. જ્યારે મારા ખેતર પર દેવાનો બોજ હતો, ત્યારે તમારા પિતાએ પોતાની એકમાત્ર જૂની સોનાની વીંટી ગીરવે મૂકી દીધી હતી. એમણે મને કહ્યું હતું કે, 'જમીન વેચીશ નહીં, જમીન તો માઁ છે.' એમણે ક્યારેય એ વાત કોઈને કહી નહોતી, ન તો વીંટી પાછી લેવા આવ્યા." તેમની આ વાત સાંભળીને મારું ગળું રૂંધાઈ ગયું. ત્યારે મને સમજાયું કે મારા પિતાનું વ્યક્તિત્વ એ બરફના પર્વત જેવું હતું, જેનો એક નાનકડો હિસ્સો જ અમે જોયો હતો, બાકીનો મોટો ભાગ તો લોકોના હૃદયમાં ડૂબેલો હતો. જોકે, આ સન્માનની વણઝારની વચ્ચે પણ, રાણા સાહેબની સાચી મૂડી, તેમનો અણમોલ વારસો, ક્યાંક બીજે જ દફનાયેલો હતો. તેમના વર્ગખંડમાં. શેઠ.સી.જે.હાઈસ્કૂલનો 11મા અને 12મા ધોરણનો વર્ગખંડ, જે ભવિષ્યના ઘડતરની પ્રયોગશાળા હતી, જ્યાં રાણા સાહેબ પોતાના જ્ઞાન અને જીવનની ફિલસૂફીનું સિંચન કરતા હતા.બાળકો ઘરે આવ્યા અને દીકરીઓ જે રડી છે... આ વાક્યમાં આખા જીવનનો સાર સમાયેલો છે. શિક્ષક અને વિદ્યાર્થીનો સંબંધ ઘણીવાર ઔપચારિક હોય છે, પણ રાણા સાહેબનો સંબંધ તો પિતાતુલ્ય હતો, માર્ગદર્શક હતો.

યે દૌલત-એ-દિલ કભી ખતમ નહીં હોતી,મિલકત તો ઝમીં પર હી રહ જાયેગી.ઉસકે આંસુ જો બહ રહે હૈ કમરોં મેં,વહી તેરી સબસે બડી કમાઈ કહેલાયેગી.

તેમના વિદ્યાર્થીઓના આંસુ, તેમના હૃદયમાં રાણા સાહેબ પ્રત્યે રહેલા અપાર આદર અને પ્રેમની લાગણી દેખાઇ.

આ નિઃસ્વાર્થ મૂડીનું મૂળ તેમના સંઘર્ષમય જીવનની સાદગીમાં હતું. સંઘર્ષમય હોવા છતાં, તેમણે ક્યારેય ફરિયાદ ન કરી. તેમની સાદગી જ તેમનો સૌથી મોટો વૈભવ હતી. આ જ કારણે, તેમના મિત્રોએ આવીને મને કહ્યું કે પિતા ક્યારેય કોઈની ભૂલની ચર્ચા નહોતા કરતા. કોઈએ પૂછ્યું કે, 'એનામાં શું ખોટું છે?', તો તેઓ હંમેશાં કહેતા: "ભગવાનને પૂછો, માણસની ભૂલ જોવી એ આપણું કામ નથી." તેમની આ ક્ષમાભાવના અને પરોપકારની ભાવના, એમનો સાચો વારસો હતો. રાણા સાહેબને તે વધુ કોમળ બનાવતો ગયો. આ જ કારણે, ગાંધીનગરના અધિકારીઓ પણ તેમના નિધન પર આવીને એમ કહેવા મજબૂર થયા કે આ માણસની નિષ્ઠા, પ્રામાણિકતા અને સાદગી અજોડ હતી.

ક્યા મિલા લકડી કે મહેલ બના કે હમેં,લોગોં કે દિલ મેં ઘર બનાને કા હુનર ઉનહોંને સિખાયા થા.
વો ફકીર હોકર ભી સબસે અમિર થે, હમને આંખો સે દેખા થા,જિનકે સર પર મમતા કા સાયા થા.

તેમની આ સાદગી અને સત્યની અભિવ્યક્તિ તેમની વાણીમાં પણ પ્રતિબિંબિત થતી હતી. રાણા સાહેબના વ્યક્તિત્વને શ્રદ્ધાંજલિ આપવા માટે, માત્ર સાદા શબ્દો પૂરતા નથી.રાણા સાહેબ, તમે માત્ર એક શિક્ષક નહોતા, તમે એક સંસ્થા હતા. તમે એક એવા પુલ હતા જેણે અસંખ્ય વિદ્યાર્થીઓને અજ્ઞાનતાના કિનારાથી જ્ઞાન અને સફળતાના કિનારા સુધી પહોંચાડ્યા. તમારી વાતચીતમાં જે નમ્રતા હતી, તે જ નમ્રતા તમારા વ્યક્તિત્વમાં ધારદારપણું લાવતી હતી. આજે, જ્યારે તમે 'અધૂરી વિદાય' લઈને ગયા છો, ત્યારે અમે સમજીએ છીએ કે તમારું જવું એ અપૂર્ણ એટલા માટે છે કારણ કે તમે જે મૂલ્યો સ્થાપિત કર્યા છે, તે ક્યારેય પૂર્ણ થવાના નથી, તે હંમેશા જીવંત રહેવાના છે.

હમ તો આતે હૈ ઔર ચલે જાતે હૈ,
દુનિયા યાદ ઉન્હેં રખતી હૈ
જો હૃદય મેં ઘર બનાતે હૈ.
યે કારવાં તો ચલતા રહેગા સદીઓ તક,
લેકિન કલમ ભી સર ઝુકા દેગી
જબ બાત આપકી આતી હૈ.

મારા પુત્ર ને પણ કહીશ કે તું મારા જેવો નઈ પણ દાદા જેવો બનજે તમારા સુધી પહોંચવા માટે મે મારા પ્રયત્નો કર્યા પણ મને સમજાયું કે મારા પિતા જેવો હું ક્યારે બની શકીશ નહિ કારણકે આ ઋણ એક પુત્ર તરીકે હું ચૂકવી શકીશ નહી.

"મારા મનની એ ચીસ જે તમને રોકી ન શકી,
મારા મનનો એ ખૂણો જે ભગવાન સાથે લડતો હતો
ફરિયાદ કરતો હતો કે શું વાંક હતો આ માણસનો,
મારા મનની એ ચીસ જે તમને થોડાક ક્ષણ
ફક્ત મારી પાસે જ રેહવા માટે આજીજી કરતી હતી"

અંતે, આ અખંડ જીવનની કથાનો નિષ્કર્ષ એટલો જ છે: રાણા સાહેબ, 'બાપુ સાહેબ', તમારું જીવન એક ખુલ્લી કિતાબ હતું, જેણે આ જગતને શીખવ્યું કે સાચી મહાનતા ક્યાં છુપાયેલી છે. તમે સાબિત કર્યું કે ધન-દોલત એ ક્ષણિક સન્માન આપે છે, પરંતુ ચારિત્ર્ય, સાદગી અને નિઃસ્વાર્થ પ્રેમ એ શાશ્વત સન્માન આપે છે.આંસુ જોયા મેં અજાણ્યા લોકોની આંખમાં, ત્યારે ખબર પડી,

મારો પિતા માત્ર મારો નહોતો, એ તો હૃદય મા વસનાર માટે છાંયડો હતો.
વીંટી ગીરવે મૂકીને બીજાનું સપનું પૂરું કર્યું, એ વાત કહી નહોતી,
એક શાંત દરિયો હતો એ, જેણે દુનિયાની ખારાશ પીધી હતી.

તમે જીવન જીવીને ગયા, સંઘર્ષ સહન કરીને ગયા, પણ જતા-જતા એ વાત સાબિત કરી ગયા કે એકલો માણસ પણ જો હૃદયપૂર્વક જીવે તો તેની વિદાય હૃદય મા રહેનાર વ્યકિત ને હચમચાવી શકે છે. ગાંધીનગરના અધિકારીઓ અને અમદાવાદના શિક્ષકોનું આવવું, અને શેઠ.સી.જે.હાઈસ્કૂલની દીકરીઓનું રડવું—આ જ તમારી 'સાચી મૂડી' હતી. આજે, તમારી 'અધૂરી વિદાય' પર, અમે તમને નમન કરીએ છીએ અને

શાયરીના અંતિમ શબ્દો સાથે તમારી આત્માને શાંતિ મળે તેવી પ્રાર્થના કરીએ છીએ.

રોશની બનકે આયે થે આપ ઇસ જહાં મેં,હમકો દિખાયા રાહ, બડી ઊંચાઈ કી.
રાણા સાહેબ, આપકા નામ હમેશા ઝીંદા રહેગા,ક્યૂંકિ આપ જીયે થે ઝીંદગી સચાઈ કી.

**"તમારી વિરાટ હાજરી હંમેશા અમને પ્રેરણા આપતી રહેશે.ઓમ શાંતિ."**

# ૨૯. મોબાઇલ સ્ક્રીન પરનું અધૂરું સ્વપ્ન

આજે પણ જ્યારે રાણા સાહેબના મોબાઇલની સ્ક્રીન ચાલુ થાય છે, ત્યારે ૨૦૨૩ના વિદાય સમારંભની એ જૂની સેલ્ફી હૃદયમાં એક અજાણ્યો ભાર ભરી દે છે. એ ફોટો માત્ર એક ક્ષણ નહોતી, પણ તેમની પોતાની નિવૃત્તિ માટેની એક મીઠી આશા હતી. પાછળ 'વિદાય સમારંભ'નું એ જ પોસ્ટર અને એ જ મંચ... સાહેબે જરૂર મનમાં વિચાર્યું હશે કે, "આવતા વર્ષે આ જગ્યાએ હું હોઈશ." તેમના સ્મિતમાં વર્ષોની મહેનત પછી મળનારા આરામની કલ્પના હતી.

પરંતુ નિયતિના ચોપડે ગણતરીઓ જુદી હતી. જે મંચ પર સન્માન સ્વીકારવાનું હતું, ત્યાં પહોંચતા પહેલા જ તેમણે જિંદગીના મંચ પરથી વિદાય લઈ લીધી. હોલ એ જ રહ્યો, પોસ્ટર પણ એ જ રહ્યું, બસ રાણા સાહેબની ખુરશી ખાલી રહી ગઈ.

"નિવૃત્તિની રાહ જોતાં હતા, કાળની ગતિ કળાઈ નહીં,
એક પળમાં મંચ સૂનો થઈ ગયો, કોઈની આહ સમાઈ નહીં.
સેલ્ફીમાં સ્મિત હતું, પણ વિધાતાએ બાજી પલટી દીધી,
હોલ એ જ, પોસ્ટર એ જ, પણ રાણા સાહેબની જગ્યા ખાલી રહી."

પરિવાર માટે સમર્પિત જીવન

રાણા સાહેબનું જીવન એટલે સમર્પણની પરાકાષ્ઠા. તેઓ આ દુનિયામાં આવ્યા જ હતા માત્ર 'કમાવવા' માટે—પોતાના માટે નહીં, પણ પરિવાર

માટે. તેમણે ખભે જવાબદારીનો જે બોજ ઉઠાવ્યો હતો, તેની પીડા ક્યારેય કોઈને દેખાવા ન દીધી. દરેક બચત, દરેક નિર્ણય અને દરેક સંઘર્ષ પાછળ એક જ લક્ષ્ય હતું: બાળકોનું શ્રેષ્ઠ ભવિષ્ય. તેઓ ક્યારેય પોતાના માટે જીવ્યા હોય તેવું લાગતું નથી. નિવૃત્તિનો અર્થ તેમના માટે આરામ નહોતો, પણ પૌત્ર સાથે રમવાની અને પત્ની સાથે ધાર્મિક યાત્રા કરવાની ક્ષણો હતી, જે સપનું જ રહી ગયું.

"બોજ હતો ખભે પરિવારનો, ક્યાંય ના ઝૂક્યો એ ભાર,
સંઘર્ષની એ રાત હતી, નહોતો કદી એ થાક્યો હાર.
પરિવાર માટે જે કમાયા, પોતાનું કશું ન જોયું કદી,
આ જીવન માત્ર ઋણ હતું, જે શાંતિથી ચૂકવી દીધો."

જીવનનો આ છેલ્લો વળાંક બહુ આકરો નીકળ્યો,
સાથ છોડ્યો તમે ને રસ્તો મારાથી છૂટી ગયો."

જીવનના છેલ્લા પાના કિમતી હોય છે કારણ કે તેનો મર્મ તેમાં રહેલો હોય છે

તમારો સાથ અમારા માટે જરૂરી હતો
તમારી ખોટ અઘરા પ્રશ્નોના જવાબ સમયે યાદ આવે છે
તમે તો મારી જિંદગીના સારથી હતા...
હવે તમે નથી રહ્યાં તો કોને હું રસ્તો પૂછીશ!
લાગણી ભૂલી નથી શકાતી.
સૃષ્ટિનો આ નિયમ મને જીવતું રાખે છે.

અંતિમ પ્રશ્ન: ઋણ ચઢાવીને ગયા કે ઉતારીને?
આ પ્રશ્ન હૃદયને મંથન કરાવે તેવો છે.

ઋણ ઉતાર્યું: એક પતિ, પિતા અને શિક્ષક તરીકે તેમણે પોતાના તમામ સાંસારિક ઋણ પૂરી નિષ્ઠાથી ઉતાર્યા છે. સંતાનોને પગભર કર્યા અને સમાજને જ્ઞાન આપ્યું. શારીરિક રીતે તેઓ મુક્ત થઈને સ્વર્ગે સિધાવ્યા છે.

ઋણ ચઢાવ્યું: પણ તેમણે પરિવાર પર પ્રેમ અને છત્રછાયાનું એક એવું ઋણ ચઢાવ્યું છે, જે ક્યારેય ચૂકવી શકાશે નહીં. નિવૃત્તિ પછી જે હૂંફ આપવાની હતી, તેની ખોટ કાયમી રહી ગઈ. આ ઋણ હવે માત્ર આંસુઓ અને તેમની શીખવેલી વાતો દ્વારા જ યાદ કરી શકાશે.

"વહેલા ગયા, વહેલી મુક્તિ, નિવૃત્તિની રાહ ન જોઈ,
કયા જન્મનું ઋણ ચૂકવ્યું, ને કયો સંચય અહીં રોપ્યો?
રાણા સાહેબ, તમારી આત્માને શાંતિ મળે એ જ પ્રાર્થના,
સંઘર્ષના સથવારા, તમને લાખ લાખ વંદના!"

**"રાણા સાહેબ, તમારી તપસ્યા પૂર્ણ થઈ. તમે જે કર્યું તે માત્ર કર્તવ્ય નહોતું, એક પવિત્ર યજ્ઞ હતો."**

# ૩૦. અધૂરી વિદાય: શૂન્યતાનો સન્માન સમારોહ

"જે આંગળી પકડીને મેં દુનિયાનો પહેલો પાઠ ભણ્યો હતો,

આજે એ જ આંગળીઓના નિશાન હું ખાલી ખુરશી પર શોધતો હતો."










તથા નિવૃત્તિ

જિંદગીમાં અમુક દિવસો એવા હોય છે જેની આપણે વર્ષોથી આતુરતાપૂર્વક રાહ જોતા હોઈએ છીએ, પણ એ દિવસ જ્યારે સામે આવે ત્યારે એ પહાડ જેવો ભારી લાગે છે. મારા પિતા, 'રાણા સાહેબ'ની નિવૃત્તિનો એ દિવસ... જે દિવસે આખી શેઠ સી. જે. હાઈસ્કૂલ એમના માનમાં શણગારાઈ હતી, જે દિવસે હજારો વિદ્યાર્થીઓના ગળે ડૂમો હતો અને જે દિવસે સ્ટાફના મિત્રોની આંખો ભીની હતી—એ જ દિવસે જે વ્યક્તિ માટે આ બધું આયોજન હતું, એ વ્યક્તિ પોતે જ ત્યાં હાજર નહોતી. કોઈ પણ દીકરા કે કર્મચારીના પરિવાર પર ક્યારેય આવો વજ્રઘાત ન થાય કે વ્યક્તિ વગર તેની વિદાયનો ઉત્સવ ઉજવવો પડે.

મને યાદ છે એ દિવસ, જ્યારે પપ્પા મને પ્રથમ વાર આ જ શાળામાં ધોરણ-૮માં પોતાની સાથે લાવ્યા હતા. એમનો એ મજબૂત હાથ મારા નાના હાથમાં હતો અને મને લાગતું હતું કે દુનિયામાં મને ડરવાની કોઈ જરૂર નથી. એ દિવસે એમણે મને વિદ્યાના ધામમાં બેસાડ્યો હતો. પણ પપ્પા, મને ક્યાં ખબર હતી કે જે શાળામાં તમે મને આંગળી પકડીને લાવ્યા હતા, ત્યાં જ તમારા વિદાય પ્રસંગે મારે તમને ફોટાના સ્વરૂપે લાવીને મૂકવા પડશે? એ હોલ સુધીનો રસ્તો એ દિવસે મણ મણનો ભારી લાગતો હતો. હૃદય પર પથ્થર મૂકીને હું એ હોલમાં બેઠો હતો જ્યાં તમારું નામ વારંવાર લેવાતું હતું, પણ સામેથી પ્રતિસાદ આપવા માટે તમારો એ પરિચિત અવાજ ક્યાંય નહોતો.

"નામ ગુંજતું હતું આખા હોલની ચારેય દીવાલોમાં,
પણ શ્વાસ મારો રૂંધાતો હતો તમારી ખોટની જવાળાઓમાં."

લોકો સ્ટેજ પર આવીને તમારી પ્રામાણિકતાના કિસ્સાઓ સંભળાવતા હતા, તમારા ૩૬ મહિનાના વગર પગારના સંઘર્ષની વાતો કરતા હતા, પણ મારું મન તો એ વિચારીને રડતું હતું કે આ સન્માન પત્ર, આ શાલ અને આ પુષ્પગુચ્છ હવે કોના ખભે નાખવા? જે હાથે આખી જિંદગી ચોક અને ડસ્ટર પકડ્યા, જે હાથે હજારોના ભવિષ્ય લખ્યા, એ જ હાથ આજે નિવૃત્તિના કાગળો લેવા માટે હાજર નહોતા. ઈશ્વરે તમારી નિવૃત્તિનો ઓર્ડર શાળાના રજિસ્ટર પહેલાં જિંદગીના રજિસ્ટરમાં ફાડી નાખ્યો હતો. ૫ નવેમ્બર ની એ રાતે તમે આ સંસારમાંથી નિવૃત્તિ લઈ લીધી.

જ્યારે તમારી ખાલી ખુરશી પાસે ઊભા રહીને મેં લોકોની શ્રદ્ધાંજલિ સ્વીકારી, ત્યારે મને સમજાયું કે બાપ એટલે શું. બાપ એટલે એ વ્યક્તિ જેની ગેરહાજરીમાં પણ એનું નામ તમને સમાજમાં માન અપાવે છે. પણ એ માનની કિંમત કેટલી મોટી હતી! મારે મારા પિતાને ગુમાવીને એ સન્માન સ્વીકારવું પડ્યું. એ હોલમાં બેઠેલા દરેક વ્યક્તિની નજરમાં જે કરુણા હતી, એ મને વારંવાર પૂછતી હતી કે "રણવિજય, તારા પિતા ક્યાં?" અને મારી પાસે માત્ર મૌન સિવાય બીજો કોઈ જવાબ નહોતો.

"જગતે જેને 'નિવૃત્તિ' નું નામ આપીને હાર પહેરાવ્યા,
કુદરતે તો એ દીકરાના નસીબમાં જન્મોજન્મના આંસુ લખી નાખ્યા."

પપ્પા, તમે હોસ્પિટલમાં હતા ત્યારે પણ પૂછતા હતા કે "શાળાએ જવાનું છે, કામ બાકી છે." તમારી એ કર્તવ્યનિષ્ઠા જ તમારી ઓળખ હતી. તમે કેન્સર સામે પણ એક યોદ્ધાની જેમ લડ્યા, પણ નિયતિનો પેચ એવો હતો કે તમે હોસ્પિટલના બિછાનેથી સીધા જ ઈશ્વરના ધામમાં પહોંચી ગયા.

તમારી એ 'અધૂરી વિદાય' આજે પણ મને ડગલે ને પગલે યાદ આવે છે. સાંજ પડે ને જ્યારે હું ઘરે એકલો ફરું છું, ત્યારે રસ્તાઓ મને પૂછે છે કે "આજે સાહેબ તમારી સાથે નથી?"

જે લોકોએ તમારી મદદ લીધી હતી, જેમને તમે મુશ્કેલીના સમયે બેઠા કર્યા હતા, એ લોકો આજે મને કગરાવે છે ત્યારે તમારી ખોટ સૌથી વધુ વર્તાય છે. તમે હોત તો કોઈની મજાલ નહોતી કે મારી સામે આંખ ઊંચી કરીને જુએ. પિતા એટલે એવી ઢાલ જે પોતે ઘા સહી લે છે પણ સંતાન સુધી આંચ નથી આવવા દેતો. આજે એ ઢાલ તૂટી ગઈ છે અને હું ખુલ્લા આકાશ નીચે એકલો ઊભો છું.

"પહેલા દિવસે તમે મને ખભે બેસાડીને શાળાએ લાવ્યા હતા,
અંતિમ દિવસે તમારી યાદોનો બોજ મારે એકલાએ ઉપાડવાનો હતો."

પપ્પા, આ પુસ્તક 'અધૂરી વિદાય' એ હોલની એ શાંતિનું સરનામું છે. એમાં મારો આક્રોશ છે, મારી વેદના છે અને તમારી પ્રત્યેની મારી અનંત ભક્તિ છે. ભલે તમે શાળામાંથી નિવૃત્ત થઈ ગયા, પણ મારા હૃદયના વર્ગખંડમાં તમે આજે પણ એ જ તેજસ્વી 'રાણા સાહેબ' બનીને ભણાવો છો. તમારી શિખામણના પાઠ આજે પણ મને જિંદગીની પરીક્ષાઓમાં પાસ કરાવે છે.

**તમે જ્યાં પણ હોવ, બસ એટલું યાદ રાખજો કે તમારો રણવિજય ક્યારેય તમારા સંસ્કારોને ઝાંખા નહીં પડવા દે. આ 'અધૂરી વિદાય' ને હું એક દિવસ મારી સફળતાથી 'પૂર્ણ' કરીશ.**



દિલમાં છે કરુણા ઘણી, દિલમાં દયાનું સ્થાન,
દિલમાં દુનિયા સમાવીને કીધા સેવાના કામ...
શ્રી વડાલી કેળવણી મંડળ, વડાલી સંચાલિત
શેઠ સી.જે. હાઈસ્કૂલ, વડાલી
|| સન્માનપત્ર ||
શ્રી પ્રતાપસિંહ કિશોરસિંહ ચૌહાણ (M.A., B.Ed.)
મદદનીશ શિક્ષક, ઉચ્ચતર માધ્યમિક વિભાગ
જન્મ તારીખ: 16/3/1966 | નિમણૂક તારીખ: 8/7/ 1994 (ગાયત્રી કન્યા વિદ્યાલય, વિજયનગર)
શેઠ સી. જે. હાઈસ્કૂલમાં નિમણૂક તારીખ: 8/7/2005 | નિવૃત તારીખ: 31/5/2024
સન્માનનીયશ્રી,
આપ એક ઉત્તમ વિચારક, શ્રેષ્ઠ આયોજક, વિશુદ્ધ ચરિત્રવાન અને નિષ્ઠાવાન કર્મયોગી છો.
આપશ્રીએ આદર્શ નિષ્ઠાવાન કર્મયોગીની ભૂમિકા ભજવી છે. આપનું વિષયવસ્તુ લક્ષી ઊંડું જ્ઞાન અને
એને રજૂ કરવાની કળા, શૈક્ષણિક મુદ્દાઓની છણાવટ, ભાષાના શિક્ષક તરીકે ભાષા પરનું પ્રભુત્વ તેમજ
સમાજશાસ્ત્ર અને ભૂગોળ જેવા વિષયો વિદ્યાર્થીઓને સરળ શૈલીમાં અભ્યાસ કરાવી
વિદ્યાર્થીઓના હૃદયમાં લોકપ્રિય સ્થાન ગ્રહણ કરનારા અને વિષયમાં 90 % ઉપર લાવનાર વિદ્યાર્થીઓને
પ્રોત્સાહિત ઇનામ આપી રાણાનું બિરુદ પ્રાપ્ત કરનાર આપશ્રીને શિક્ષકના હૃદયમાં પણ માનવંતુ સ્થાન પ્રાપ્ત થયું છે.
પોતાના સંતાનોમાં પણ ઉત્તમ સંસ્કારોનું સિંચન કરી સમાજમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરાવવામાં આપનો સિંહ ફાળો રહ્યો છે.
આ દરમિયાન આપશ્રીએ કર્તવ્યનિષ્ઠ, નિયમબદ્ધ અને કુશળ કામગીરીથી વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને
સેવક મિત્રોમાં બહુમૂલ્ય માન મેળવ્યું છે. વણકહે જ શાળાના અનેક કાર્યો કર્યા છે.
પોતાની ફરજ સમજી આપશ્રી શાળાને હર હંમેશ ઉપયોગી થયા છો તેથી શાળા પરિવાર સહિત
સૌ કોઈ આપના ઋણી રહેશે. આપનો મિલન સાર સ્વભાવ, સંસ્કારી જીવન, હસતો ચહેરો,
મીઠી વાણી, ધીર ગંભીર સલાહ સૂચનો અને ત્યાગભાવના કદી ભુલાશે નહી.
અંતમાં,
આપશ્રી સદૈવ તંદુરસ્ત, સ્વસ્થ દીર્ઘાયુ રહો - ધર્મમય બની પરિવાર સાથે સુખ સમૃદ્ધિમાં જીવન વિતાવો અને
સૌના માર્ગદર્શક બની રહી સમાજના વિકાસનું પ્રેરકબળ બની રહો તેવી શુભકામનાઓ સાથે વિરમીએ છીએ.
|| આપના ગુણાનુરાગી ||
શ્રી તખતસિંહ ડી. હડિયોલ
પ્રમુખશ્રી,
શ્રી વડાલી કેળવણી મંડળ,
વડાલી તથા કારોબારી સદસ્યશ્રીઓ
શ્રી અમૃતભાઈ જી. દેસાઈ
મંત્રીશ્રી,
શ્રી વડાલી કેળવણી મંડળ,
વડાલી
શ્રી હરિન્દ્રસિંહ એમ. ચંપાવત
આચાર્યશ્રી,
શેઠ સી.જે. હાઈસ્કૂલ,
વડાલી તથા શાળા પરિવાર

# ૩૧.ત્યાગની મૂર્તિ અને સ્મૃતિઓનું આકાશ

"ચહેરા પર સ્મિત રાખીને આખી દુનિયા જીતી લીધી પૂજ્ય પિતાજી,
પણ ઘરના ઉંબરે આવીને આજે બે દેવતુલ્ય જીવોએ વેદના પી લીધી."

જિંદગીના આયનામાં જ્યારે હું ભૂતકાળ તરફ દ્રષ્ટિ કરું છું, ત્યારે મને બે એવા તપસ્વી પાત્રો દેખાય છે જેમણે સંઘર્ષને જ પોતાનો પરમ ધર્મ બનાવી લીધો હતો. મારા આદરણીય પિતાશ્રી—એ ગૌરવશાળી ‘રાણા સાહેબ’ અને મારા પરમ પૂજ્ય માતૃશ્રી. આ બંને માત્ર વ્યક્તિઓ નહોતી, પણ એક જ દિવ્ય આત્માના બે અંશ હતા. પૂજ્ય પિતાજી જ્યારે 'હાઈસ્કૂલ' માં નિષ્ઠા અને મર્યાદાથી શિક્ષણ આપતા, ત્યારે માતૃશ્રી ઘરે રહીને તેઓશ્રીના ઉચ્ચ આદર્શોની રક્ષા કરતાં. એ કપરા દિવસો કદાચ આ દુનિયા ભૂલી શકે, પણ અમે સંતાનો ક્યારેય નહીં ભૂલી શકીએ. સતત ૩૬ મહિના સુધી પૂજ્ય પિતાજીને પગાર નહોતો મળ્યો, એક પવિત્ર શિક્ષક માટે આનાથી મોટી કસોટી બીજી કઈ હોઈ શકે? પણ ધન્ય છે પૂજ્ય પિતાજીની એ અડગ ખુમારીને અને માતૃશ્રીના અપાર ધૈર્યને!

ઘરમાં કદાચ અન્ન ખૂટ્યું હશે, કદાચ કેટલીય રાત્રિઓ તેઓશ્રીએ માત્ર જળ પીને ભૂખ્યા પેટે વિતાવી હશે, પણ આ બાહ્ય જગતને ક્યારેય એ આભાસ સુદ્ધાં ન થવા દીધો કે આજે રાણા સાહેબના ભવ્ય આંગણે ચૂલો નથી પ્રગટ્યો. માતૃશ્રીએ ક્યારેય કોઈ શિકાયત નથી કરી; તેઓએ પોતાના આભૂષણો અર્પણ કર્યા હશે કે પોતાની પાયાની જરૂરિયાતોનો ત્યાગ કર્યો

હશે, પણ પૂજ્ય પિતાજીની પ્રતિષ્ઠા અને ગૌરવ પર ક્યારેય આંચ ન આવવા દીધી. પૂજ્ય પિતાજી સમાજ સામે લડતા હતા અને માતૃશ્રી ઘરની આંતરિક મુશ્કેલીઓ સામે અણનમ ઊભાં હતાં.

"લોકોને એમ કે રાણા સાહેબ તો રાજવી જેવું જીવન જીવે છે,
પરંતુ જ્ઞાત નહોતું કે એ બંને અંદરખાને કેટલાં આંસુ પીવે છે."

આજે પૂજ્ય પિતાજી પોતાની અર્ધાંગિનીને આ સ્વાર્થી દુનિયામાં સાવ એકાકી મૂકીને પરમધામ સિધાવ્યા છે. તેઓશ્રીના જવાથી મારો તો આશરો છીનવાયો છે, પણ માતૃશ્રીનું તો આખું બ્રહ્માંડ જ શૂન્ય થઈ ગયું છે. જે દેવ સમાન પુરુષ સાથે તેઓએ અડધી સદી વિતાવી, જેમના દરેક શ્વાસ અને આદતોનું તેઓ માતૃવત ધ્યાન રાખતાં, એ જ જીવનસાથી આજે તેમને મધ્યધારામાં છોડીને ચાલ્યા ગયા છે. માતૃશ્રી આજે પણ પૂજ્ય પિતાજીના એ રિક્ત આસન પાસે કલાકો સુધી બેસી રહે છે; તેઓની ભીની આંખો આજે પણ ઘરના પ્રવેશદ્વાર પર પૂજ્ય પિતાજીના આગમનની પ્રતીક્ષા કરે છે.પિતાજી વગરનાં માતૃશ્રી આજે જ્યારે દુનિયાના બદલાતા વલણો જુએ છે, ત્યારે તેઓનું હૃદય આક્રંદ કરી ઉઠતું હશે. જે વ્યક્તિઓને પૂજ્ય પિતાજીએ આંગળી પકડીને બેઠા કર્યા હતા, આજે એ જ લોકો માતૃશ્રીની મજબૂરીની ઉપેક્ષા કરે છે ત્યારે હૃદય ચીસ પાડીને કહે છે, "પૂજ્ય પિતાજી, આપ એકવાર પાછા પધારો."

પરંતુ આ વેદનાની પરાકાષ્ઠા ત્યારે આવે છે, જ્યારે મારો પુત્ર ક્રીતાર્થરાજસિંહ તેની નિર્દોષ આંખોથી મને પ્રશ્ન કરે છે, "પપ્પા, દાદા ક્યારે પરત આવશે?" રણવિજય તરીકે હું ભલે ગમે તેટલો સક્ષમ હોઉં, પણ મારા

પુત્રના આ એક સવાલ સામે હું અસહાય થઈ જાઉં છું. જેમના સથવારે તે આખું ગામ ભમતો હતો, એ પૂજ્ય દાદાજી હવે માત્ર સ્મૃતિ બની ગયા છે તે હું તેને કેવી રીતે સમજાવું? ક્રીતાર્થરાજસિંહના આ પ્રશ્નો મને ભીતરથી કોતરી ખાય છે. હું મારી અંદર એક મહાભારત ખેલી રહ્યો છું. એક તરફ માતૃશ્રીનું અસહ્ય મૌન છે, બીજી તરફ પુત્રની નિર્દોષ આશા છે અને આ બધાની વચ્ચે હું સાવ એકલો અને અશાંત ઊભો છું.

"જે મનની વ્યથા હું પૂજ્ય પિતાજીને કહી શકતો હતો,
આજે એ જ ભાર હૃદયમાં ધરબીને અશાંત જીવું છું."

પૂજ્ય પિતાજી, આપ માત્ર મારા જનક નહોતા, આપ મારા શ્રેષ્ઠ પથદર્શક અને સખા હતા. જે મૂંઝવણ હું જગતને નહોતો કહી શકતો, તે આપની સમક્ષ નિઃસંકોચ ઠાલવી દેતો અને આપ એક મંદ સ્મિત સાથે મારો બધો જ ભાર હળવો કરી દેતા. આજે આપશ્રીની ભૌતિક હાજરી નથી, એટલે મારો એ અતૂટ વિશ્વાસનો ખભો પણ ખોવાઈ ગયો છે. હું અત્યંત અશાંત થઈ ગયો છું, ક્યાંય મનની શાંતિ મળતી નથી. વિદ્યાલય હોય કે ઘર, પ્રત્યેક સ્થાન પર આપશ્રીની ગેરહાજરી મને ડંખે છે. લોકો કહે છે કે સમય સાથે આ ઘા રૂઝાઈ જશે, પણ પૂજ્ય પિતાજી, તેઓને કોણ સમજાવે કે આપની ખોટ પુરી શકે એવું કોઈ ઔષધ કુદરતે હજુ નિર્માણ જ નથી કર્યું.

સાંજ પડે ને જ્યારે હું નિવાસસ્થાને પરત ફરું, ત્યારે આપશ્રીનું એ ખાલી આસન જોઈને મારું કાળજું કંપી ઉઠે છે. માતૃશ્રીનું પથ્થર જેવું મૌન અને ક્રીતાર્થરાજસિંહના હૃદયદ્રાવક પ્રશ્નો—આ દ્રશ્યો મને સતત આભાસ કરાવે

છે કે પૂજ્ય પિતાજી માત્ર એક વ્યક્તિ નહોતા, પણ આખા પરિવારનો પ્રાણવાયુ હતા.

"પિતા વગરનું ઘર એટલે છત વિહોણી દીવાલો,
હવે તો બસ પ્રજ્વલિત રહ્યા છે સ્મૃતિના અમર દીવાઓ."

આદરણીય પિતાજી, આપ જ્યાં પણ દિવ્ય સ્વરૂપે બિરાજમાન હોવ, બસ જોતા રહેજો કે આપની અર્ધાંગિની ક્યારેય અસહાય નથી. આપનો રણવિજય ભલે ભીતરથી ક્ષત-વિક્ષત હોય, પણ આપશ્રીના સંસ્કારોના બળે તે હજુય અડગ હિમાલયની જેમ ઊભો છે. ભૂખ્યા રહીને પણ આપશ્રીએ જે પવિત્ર આબરૂનું જતન કર્યું છે, એ જ ગૌરવને હું આજીવન મારા શીશ પર ધારણ કરીશ. આપની આ 'અધૂરી વિદાય' ને હું શબ્દબદ્ધ કરી રહ્યો છું, જેથી આવનારી પેઢીઓને જ્ઞાત થાય કે એક આદર્શ પિતા અને એક મહાન માતાએ કેવી રીતે શૂન્યમાંથી સર્જન કર્યું હતું.

# ૩૨. પિતા: એક અભેદ કવચ અને દુનિયાના બદલાતા રંગ

"પિતા હતા ત્યાં સુધી હરકોઈ નમતું હતું પપ્પા,
તમારા હોવાથી જ આ જગત ગમતું હતું પપ્પા;
તમે ગયા ને રંગ બદલાયા બધા સંબંધોના,
બાકી તમારા સાનિધ્યમાં તો નસીબ પણ રમતું હતું પપ્પા."

>

આ પુસ્તકના ૨૯ પ્રકરણોમાં મેં પિતાશ્રી ‘રાણા સાહેબ’ ના સંઘર્ષની, તેમના આદર્શોની અને તેમની નૈતિકતાની વાતો લખી. પણ આ અંતિમ પ્રકરણ એ મારા હૃદયની એ ચીસ છે જે તમારા ગયા પછી આ દુનિયાના બદલાયેલા ચહેરાઓ જોઈને નીકળી છે. પિતા જ્યારે જીવતા હોય છે ત્યારે સંતાન માટે તે માત્ર એક વ્યક્તિ નથી હોતા, પણ એક એવો 'કિલ્લો' હોય છે જેની દીવાલો એટલી ઊંચી હોય છે કે દુનિયાની કોઈ આફત કે કોઈની મેલી નજર સંતાન સુધી પહોંચી શકતી નથી. પણ જે દિવસે એ કિલ્લો ધરાશાયી થાય છે, તે દિવસે ખબર પડે છે કે બહાર ઊભેલા શિયાળવાઓ કેટલા ખૂંખાર હતા.

**<u>બાપની છત્રછાયા: એક અદ્રશ્ય રક્ષણ</u>**

પપ્પા, તમારા ગયા પછી મને જે પ્રથમ સત્ય સમજાયું તે એ છે કે— "દીકરો ગમે તેટલો મોટો અને સમર્થ કેમ ના થઈ જાય, પણ પિતાના

હોવાથી જે હિંમત મળે છે તે દુનિયાની કોઈ સંપત્તિ નથી આપી શકતી." તમે જ્યારે હતા ત્યારે મને ક્યારેય એ ચિંતા નહોતી કે સમાજ શું કહેશે કે દુનિયા શું કરશે. મને ખબર હતી કે જો હું ક્યાંક અટકીશ, તો પાછળ એક એવો સિંહ ઊભો છે જેનો માત્ર પડછાયો જ વિરોધીઓને ડરાવવા માટે કાફી છે.

તમે તો 'રાજા માણસ' હતા. તમારી મધ્યમવર્ગીય મર્યાદાઓ વચ્ચે પણ તમે ક્યારેય અમને એવો અહેસાસ નથી થવા દીધો કે આપણી પાસે કઈ ખૂટે છે. પણ પપ્પા, તમારા ગયા પછી ખબર પડી કે અમારે ત્યાં 'માણસાઈ' અને 'સંરક્ષણ' ની કેટલી મોટી ખોટ પડી છે. તમારા ગયા પછી મેં એ દરેક વ્યક્તિના અસલી રંગ જોયા જે તમારા જીવતા ક્યારેય જોયા નહોતા.

લોહીના સંબંધો અને બદલાતા મુખવટા

"જેમની આંગળી પકડીને તમે દુનિયા જોઈ હતી પપ્પા,
એ જ લોકોએ આજે તમારા દીકરાની એકલતા જોઈ લીધી;
મીઠી વાણી પાછળ જે ઝેર છુપાયેલું હતું વર્ષોથી,
તમારા ગયા પછી એ લોકોએ પોતાની અસલિયત બતાવી દીધી."

પપ્પા, તમારા જવાથી માત્ર એક શરીર નથી ગયું, પણ મારા જીવનમાંથી એ 'ન્યાયાધીશ' ગયો છે જે હંમેશા સત્યની તરફેણમાં ઊભો રહેતો. તમારા ગયા પછી મેં જોયું કે કેવી રીતે સગાઓની નજર બદલાઈ જાય છે. જે લોકો તમારા સમયે અદબથી ઊભા રહેતા હતા, જેઓ તમારી સલાહ વગર

એક ડગલું નહોતા ભરતા, એ જ લોકોએ આજે તમારા દીકરાને સલાહ આપવાનું શરૂ કર્યું છે—સલાહ નહીં પણ પોતાની શ્રેષ્ઠતા સાબિત કરવાની કોશિશ.

મેં જોયું કે જેમના માટે તમે પોતાની જરૂરિયાતો જતી કરી હતી, જેમને તમે મુશ્કેલીના સમયે ખભે બેસાડ્યા હતા, એ લોકો આજે એવો વ્યવહાર કરી રહ્યા છે જાણે આપણો સંબંધ માત્ર તમારા હોવા સુધી જ મર્યાદિત હતો. પિતા વગરનો દીકરો જ્યારે એકલો પડે છે, ત્યારે દુનિયા તેને સાંત્વના આપવા કરતા તેની મજબૂરીની મજાક ઉડાવવામાં વધુ રસ ધરાવે છે. મેં એવા લોકોના રંગ જોયા જેમને તમે 'પોતાના' માન્યા હતા, પણ તમારા ગયા પછી એમના માટે આપણે 'પારકા' થઈ ગયા.

૧:૧૦ વાગ્યાની એ ગભરામણ અને મારી એકલતા

તમે જ્યારે હોસ્પિટલના ખાટલે હતા, જ્યારે તમને ગભરામણ થતી હતી, ત્યારે હું તમારી સામે મજબૂત બનીને ઊભો રહેતો હતો. પણ પપ્પા, આજે જ્યારે મને ગભરામણ થાય છે ત્યારે મારે કોની સામે જોવું? તમે તો કહેતા હતા ને કે— "મારો દીકરો તો લાખોમાં એક છે." તમારા એ શબ્દો આજે મારા કાનમાં ગુંજે છે, પણ એ હૂંફ આપનારો હાથ હવે ગાયબ છે.

તમારા ગયા પછી દુનિયાના રંગ એટલા માટે બદલાયા કારણ કે તેમને ખબર પડી ગઈ કે હવે આ દીકરાની પાછળ 'પ્રતાપસિંહ' નામની એ અડીખમ દીવાલ નથી. લોકોએ મને તોડવાની કોશિશ કરી, મને નીચું બતાવવાની કોશિશ કરી. પણ એ મૂર્ખાઓને ક્યાં ખબર છે કે ભલે પિતાનો હાથ માથા પર નથી, પણ પિતાનું લોહી મારી રગોમાં દોડે છે.

"ભલે તમે નથી પપ્પા, પણ તમારી શીખ મારી સાથે છે,
તમારા સંસ્કારોની એ અતૂટ ભીખ મારી સાથે છે;
દુનિયા ભલે ગમે તેટલા રંગ બદલે આજે,
રણમાં લડવાની એ ક્ષત્રિયવટની રીત મારી સાથે છે."

આવતા જન્મની આશા અને અપૂર્ણ ઇચ્છાઓ

પપ્પા, મારે તમને ઘણું કહેવું હતું. મારે તમને એ દિવસ બતાવવો હતો જ્યારે હું તમારી નિવૃત્તિનો ભવ્ય સમારંભ યોજુ અને આખું ગામ જોતું રહી જાય. મારે તમને એ સુખ આપવું હતું જે તમે અમને આપવામાં ગુમાવી દીધું. મારે તમારા થાકેલા પગ દબાવવા હતા અને કહેવું હતું કે— "પપ્પા, હવે આરામ કરો, તમારો દીકરો હવે બધું સંભાળવા સમર્થ છે."

પણ કુદરત કેટલી ક્રૂર છે! જે ક્ષણે હું સમર્થ બન્યો, એ જ ક્ષણે કુદરતે તમને મારી પાસેથી છીનવી લીધા. આ 'અધૂરી વિદાય' ની કસક મારા હૃદયમાં આજીવન રહેશે. આ પુસ્તકના ૫૦૦૦ શબ્દો કે લાખો પાનાઓ પણ મારી વેદનાને સમાવી શકવા માટે ટૂંકા પડશે.

મેં આ પુસ્તકના પાનાઓ પર આપણી આ કહાની કાયમ માટે કંડારી દીધી છે. આ માત્ર કાગળ નથી, આ એક દીકરાના આત્માનું અર્પણ છે. આવનારી પેઢીઓ જ્યારે આ વાંચશે, ત્યારે તેમને ખબર પડશે કે ૨૧મી સદીમાં પણ એક પિતા એવો હતો જેણે પોતાના સંતાનો માટે પોતાની જીભ, પોતાનું સુખ અને પોતાનું અસ્તિત્વ ઓગાળી દીધું હતું.

## અંતિમ સંકલ્પ: તમારા વ્યક્તિત્વનો વારસો

પપ્પા, છેલ્લે હું એટલું જ કહીશ કે ભલે દુનિયાએ મને રંગ બતાવ્યા, ભલે લોકોએ મને એકલો પાડવાની કોશિશ કરી, પણ હું હારવાનો નથી. કારણ કે હું 'રાણા સાહેબ' નો દીકરો છું. તમારું એ રુઆબદાર વ્યક્તિત્વ, એ પ્રામાણિકતા અને એ સાદગી હવે મારામાં જીવંત રહેશે.

આવતા જન્મમાં, જો ઈશ્વર મને પૂછે કે તારે શું બનવું છે, તો હું એક જ માંગણી કરીશ—અધૂરી વિદાય title મારા શબ્દોનું ભાર સહી લે છે પણ આ અધૂરી વિદાય મારી આંખોના અશ્રુનું ભાર નઈ સહી શકે. "ફરીથી પ્રતાપસિંહ ચૌહાણનો દીકરો બનાવીને જ મોકલજો." કારણ કે તમારા જેવું વ્યક્તિત્વ, તમારા જેવો પ્રેમ અને તમારા જેવી છત્રછાયા મને આ સાત જન્મોમાં ક્યાંય મળવાની નથી.

તમારી ખોટ મને ડગલે ને પગલે વર્તાય છે. જ્યારે ઘરેથી નીકળું છું ત્યારે પેલા જૂના ફોટામાં તમારી આંખો જાણે કહેતી હોય છે— "બેટા, સંભાળજે." અને બસ, એ એક પળમાં મને આખી દુનિયા સામે લડવાની તાકાત મળી જાય છે.

Miss you so much, Papa... તમારા વગર આ ઘર, આ ગામ અને આ જિંદગી સાવ સૂની છે. પણ તમારા સંસ્કારોનો દીવો હું ક્યારેય બુઝાવા નહીં દઉં. તમે જ્યાં પણ હશો, ત્યાંથી જોજો, તમારો દીકરો તમારા નામને ક્યારેય ઝાંખપ નહીં આવવા દે.

"જીવી ગયા તમે રાજાની જેમ, ને રાજા જેવી વિદાય લીધી,
અમારા સુખ માટે પપ્પા, તમે આખી જિંદગી ઘસાઈ લીધી;
આ પુસ્તક છે સાક્ષી તમારી મહાનતાની પૃથ્વી પર,
તમે તો જઈને ઈશ્વરના દરબારમાં પણ જગ્યા બનાવી લીધી."

**"તમારી યાદોમાં ડૂબેલો, તમારો જ ગર્વશાળી દીકરો, રણવિજયસિંહ પ્રતાપસિંહ ચૌહાણ "**

# ૩૩.અંતિમ મણકો:વિદાય અધૂરી,પણ વારસો અખંડ

"કલમ થાકી છે લખતા, પણ વેદના હજુય તાજી છે,
પપ્પા, તમારી ગેરહાજરીમાં આખી દુનિયા સાવ પાજી છે."

આ પુસ્તકના છેલ્લા પાને પહોંચતા મારું હૃદય ભરાઈ આવ્યું છે. 'અધૂરી વિદાય' લખતી વખતે મેં માત્ર શબ્દો નથી કંડાર્યા, પણ મારા હૃદયના ધબકારા અને પિતાશ્રી સાથે વિતાવેલી એ દરેક પળને ફરીથી જીવી છે. લોખંડી પુરુષ જેવા મારા પિતા 'રાણા સાહેબ' અને ત્યાગની મૂર્તિ સમાન મારી માતૃશ્રી—આ બંનેએ જે શૂન્યમાંથી સર્જન કર્યું હતું, તેનો આભાર માનવા માટે આખી જિંદગી પણ ઓછી છે.

## મારો સંકલ્પ:

પપ્પા, તમે ભલે ૫ નવેમ્બર ની એ કાળી રાતે અમને અધવચ્ચે મૂકીને ચાલ્યા ગયા, પણ તમે આપેલા સંસ્કારોનો સૂરજ ક્યારેય આથમશે નહીં. આજે જ્યારે હું 'શેઠ સી. જે. હાઈસ્કૂલ'ના ઉંબરે ઊભો રહું છું, ત્યારે મને તમારો જ પડઘો સંભળાય છે. તમે જે નિષ્ઠાથી ૩૬ મહિના વગર પગારે શિક્ષણ આપ્યું હતું, એ જ પ્રામાણિકતા મારા જીવનનો મંત્ર રહેશે.

## દુનિયાને સંદેશ:

આ પુસ્તક વાંચનાર દરેક સંતાનને બસ એટલું જ કહેવું છે કે—પિતા જીવતા હોય ત્યારે જ એમના ચરણોમાં સ્વર્ગ શોધી લેજો. પિતા એટલે

એવી છત છે, જેના ગયા પછી જ ખબર પડે છે કે તડકો કેટલો આકરો હોય છે. પિતાના ગયા પછી દુનિયા રંગ બદલશે, જેમને પિતાએ મદદ કરી હતી એ જ લોકો તમને કગરાવશે, પણ યાદ રાખજો કે જો તમારામાં પિતાના સંસ્કાર હશે, તો તમે એકલા હાથે આખી દુનિયા સામે લડી શકશો.

## ક્રીતાર્થરાજસિંહ માટે:

બેટા ક્રીતાર્થ, આજે તું પૂછે છે કે "દાદા ક્યારે આવશે?", પણ જ્યારે તું મોટો થઈને આ પુસ્તક વાંચીશ, ત્યારે તને ગર્વ થશે કે તારા દાદા એક એવા યોદ્ધા હતા જેણે કેન્સર જેવી બીમારી સામે પણ હાર્યા વગર સ્મિત સાથે વિદાય લીધી હતી. તું એમનો અંશ છે, અને તારી આંખોમાં હું હંમેશા એમને જીવંત જોઈશ.

છેલ્લે બસ આટલું જ...

પૂજ્ય પિતાજી, આપની વિદાય ભલે 'અધૂરી' રહી, પણ આપનો આ રણવિજય આપની કીર્તિને ક્યારેય ઝાંખી નહીં પડવા દે. આપ જ્યાં પણ હોવ, બસ આશીર્વાદ આપતા રહેજો કે હું હંમેશા 'રાણા સાહેબનો દીકરો' હોવાનું ગૌરવ જાળવી શકું.

"શરીર ભલે પંચભૂતમાં ભળી ગયું હોય પપ્પા,
પણ તમારા વિચારો આ 'અધૂરી વિદાય' માં સદાય અમર રહેશે."

લિ.,

આપનો જ અંશ,

રણવિજયસિંહ પ્રતાપસિંહ ચૌહાણ

(રાધીવાડ)

# સ્નેહાંજલિ:એક અજાતશત્રુ મિત્રની યાદમાં...

"મિત્રતાનો એવો તે કયો ઋણાનુબંધ હશે,
કે આંખ મીંચાય તમારી ને રુદન અમારું હશે!
હજી ગુંજે છે કાનમાં એ છેલ્લો સાદ તમારો,
કે 'કાળજી રાખજો બકાની', એ જ હવે આદેશ અમારો."

કલમ ઉપડતી નથી,કારણ કે ભીનાશ માત્ર આંખોમાં નથી, હૃદયમાં છે. મારા જીવનમાં જે થોડાક સાચા હિતેચ્છુઓ આવ્યા, તેમાં અગ્રીમ હરોળનું નામ એટલે પ્રતાપસિંહ. એક એવું વ્યક્તિત્વ કે જેને સાચા અર્થમાં 'અજાતશત્રુ' કહી શકાય. કળિયુગના આ સમયમાં આટલો ભોળો સ્વભાવ અને કાચ જેવું ચોખ્ખું દિલ મળવું અશક્ય છે. તેમની દીર્ઘદ્રષ્ટિ એવી હતી કે છ મહિના પહેલા જ સ્ટાફરૂમમાં મારું નામ આચાર્ય તરીકે મૂકી દીધું હતું. તેમની ઈચ્છા હતી કે હું વડાલીમાં પ્રિન્સિપાલ બનું, અને આજે એ હોદ્દા પર બેસતા તેમની ગેરહાજરી સાલે છે.જ્યારે તેમને કેન્સરના શેક (Radiation) ચાલતા હતા, એ અસહ્ય પીડામાં પણ તેઓ પોતાની તકલીફ ભૂલીને મારી બહેન નીલમની લોકાઈમાં આવેલા. આવી અમારી અતૂટ દોસ્તી હતી! રણવિજય, મારી કોઈ વાત તેમણે ક્યારેય ટાળી નથી.

જ્યારે મેં વડાલી છોડ્યું, ત્યારે પ્રતાપસિંહ બાળક સમાન રડેલા. પંડ્યા સાહેબ અને તેમણે મને રોકવા ખૂબ મથામણ કરી હતી. આજે સમજાય છે કે એ આંસુ માત્ર છૂટા પડવાના નહોતા, એ તો કદાચ આવનારા વિયોગની

એંધાણી હતી. અંબાજી જવાનું મન થાય ત્યારે રાધીવાડ સ્ટેન્ડ પર ઉતરી બાપુને મળ્યા વગર આગળ વધવું મારા માટે અશક્ય હતું.

"મોઢામાં ચાંદી હતી, પીડાની પરાકાષ્ઠા હતી,
છતાં હોઠે સ્મિત અને મિત્ર માટે અતૂટ શ્રદ્ધા હતી.
મેં કહ્યું 'ચાલો મહેશભાઈને બતાવીએ', ત્યારે માન્યા હતા,
પણ અફસોસ! કુદરતના ખેલ આપણે ક્યાં જાણ્યા હતા?"

**આદર્શ શિક્ષક અને નિષ્ણાત વિષયવસ્તુ:**

ગુજરાતી વિષયના તેઓ નિષ્ણાત હતા, પણ ભૂગોળ અને સમાજશાસ્ત્રનું તેમનું જ્ઞાન પણ અદ્ભુત હતું. શાળામાં ક્યારેય મોડા ન પડવું એ તેમનો નિયમ હતો. પ્રવાસમાં બાળકોને જે આનંદ કરાવતા અને તેમને મળેલા ઈનામો જ તેમની શ્રેષ્ઠતાની સાબિતી છે.

મારા 'બકા' માટે એક વચન:

છેલ્લે જ્યારે પિતાશ્રીએ કહ્યું કે, "મારા બકાની કાળજી રાખજો", ત્યારે એ શબ્દોમાં પિતાનો પ્રેમ અને મિત્રનો વિશ્વાસ બંને હતા. બેટા રણવિજય, તું ક્યારેય કોઈ જગ્યાએ અટકે ત્યારે તારા આ 'બી.આર. કાકા' ને અચૂક યાદ કરજે. મને ગર્વ છે કે તેં તારા પિતાનું નામ રોશન કર્યું છે.

હે કુદરત! તારા ખજાને શું ખોટ પડી કે તેં મારા જિગરી દોસ્તને આટલી વહેલી વિદાય આપી દીધી? પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને મોક્ષ આપે અને તેમના ઉમદા વિચારો આપણી વચ્ચે સદાય જીવંત રહે.

**પ્રિન્સિપાલ બાબુભાઈ.**આર.**ચૌધરી સાહેબ**

# શ્રદ્ધાંજલિ:સત્યના સાધક અને મારા પરમ હમદર્દને...

"ખોટાના આ જગતમાં જેણે સત્યનો રસ્તો પકડ્યો હતો,
માખણ લગાવ્યા વગર, જેણે સંબંધોને અસલ રાખ્યો હતો.
આજે ભલે ખાલી લાગે છે એ જ્ઞાનની પીઠ ને શાળાની પરસાળ,
પણ તમારા શબ્દોએ જ તો સીંચ્યો છે અમારો આ ભવ આખોય વિશાળ!"

કલમ આજે ભારી છે, કારણ કે આજે વાત એક એવા વ્યક્તિત્વની છે જેણે ક્યારેય શબ્દોને શણગાર્યા નથી, પણ હંમેશા સાચું કંડાર્યું છે.

મારા પરમ હિતેચ્છુ અને નજીકના હમદર્દ એટલે પ્રતાપસિંહ. એક એવો માનવી, જેની સાથે વાત કરતાં પહેલાં ક્યારેય વિચારવો ન પડે. આજના જમાનામાં જ્યારે કોઈની પાસે મન ખોલતા પહેલાં સો વખત વિચારવો પડે છે, ત્યારે પ્રતાપસિંહ એક એવું ખુલ્લું પુસ્તક હતા જેમના ચહેરા પર પણ એ જ હોય જે તેમના મનમાં હોય. કોઈને 'માખણ લગાવવું' કે ખોટી પ્રશંસા કરવી તેમના સ્વભાવમાં જ નહોતું. તેઓ હમેશાં પોતાના જીવનના સાચા અનુભવોનું વર્ણન કરતા અને એ અનુભવોમાંથી જ અમને શીખવા મળતું.

**<u>પરમતત્વના સાચા પૂજારી</u>:**

આવા માણસો આ દુનિયામાં દુર્લભ છે. તેઓ માત્ર એક શિક્ષક કે મિત્ર નહોતા, પણ પરમતત્વને પામનારા એક સાચા સાધક હતા. કદાચ એટલે

જ કુદરત પણ આવા જ લોકોની કઠિન 'અગ્નિપરીક્ષા' લેતી હોય છે. તેમની ઈમાનદારી અને સ્પષ્ટવક્તા હોવાને કારણે જ આજે પણ તેમનું સ્થાન કોઈ લઈ શકે તેમ નથી.

એક ખાલીપો, જે ક્યારેય ભરાશે નહીં:

રણવિજય, તારા પિતા માત્ર તારા પિતા નહોતા, મારા માટે એક એવા 'પરમ ભાઈ' હતા જેમના ખભે હું મારું દુઃખ હળવું કરી શકતો. આજે જ્યારે પાછળ જોઉં છું ત્યારે સમજાય છે કે હવે મારું દુઃખ સાંભળનાર કોઈ નથી રહ્યું. તેઓ મને અને મારી વેદનાને જે રીતે સમજતા, એ સમજણ હવે ક્યાંય શોધી જડે તેમ નથી.

"મનુષ્ય મળે છે લાખો, પણ મનનો માણીગર મળવો મુશ્કેલ છે,
સાચું બોલનારા આ જગતમાં, અગ્નિપરીક્ષા દેવી પણ મુશ્કેલ છે.
તમે તો પામી ગયા એ પરમધામને, પણ અહીં અમને રાઝદાર વગર મૂકી ગયા,
જીવનના એ અસલી અનુભવોની મૂડી, તમે અમને વારસામાં દઈ ગયા."

મારા એ પરમ મિત્ર અને ભાઈના આત્માને પરમાત્મા પરમ શાંતિ અર્પણ કરે, એ જ મારી અંતિમ અભિલાષા છે. તેમના આદર્શો તારા જીવનમાં ઉતરે અને તું તેમની કીર્તિને વધુ ઉજ્જવળ કરે એવી મારી શુભેચ્છાઓ. મારા જિગરી દોસ્ત પ્રતાપસિંહને શત શત કોટી વંદન!

– મહેન્દ્રભાઈ પંડ્યા (સુપરવાઈઝર)

શેઠ.સી.જે.હાઈસ્કૂલ-વડાલી

# સ્મૃતિ-વંદના: પારકાને પોતીકા કરનાર અમીરાતની યાદમાં...

"ચહેરા પર એ જ હાસ્ય ને મનમાં અમીરાત હતી,
પારકાને પણ પોતાના કરવાની એમનામાં વાત હતી.
પરિસ્થિતિ ગમે તે હોય, એ કદી ડગ્યા નથી,
ધૈર્યના એ પહાડ પાસે, મુસીબતોની ક્યાં વિસાત હતી!"

કલમ આજે એવા વ્યક્તિત્વને નમન કરે છે, જેમના માટે સંબંધો જ સાચી મૂડી હતી.

સ્વ. પ્રતાપસિંહ કિશોરસિંહ સાહેબ સાથેના મારા સંબંધોના આધારે જો હું એમના વ્યક્તિત્વનું વર્ણન કરું, તો તેઓ સ્વભાવે અત્યંત નિખાલસ, મળતાવડા અને સદાય હસમુખા હતા. સૌને સાથે લઈને ચાલવાની તેમની આગવી શૈલી અમને આજે પણ એટલી જ યાદ આવે છે. સાહેબશ્રીનો સ્વભાવ એટલો શાંત અને પ્રેમાળ હતો કે અજાણ્યા માણસને પણ તેઓ ક્ષણભરમાં 'પોતીકા' લાગતા. કોઈને પણ પોતાના બનાવી લેવાની તેમની અદભૂત આવડતના કારણે, તેમને એકવાર મળનાર વ્યક્તિ પણ તેમને સદાય માટે યાદ રાખી લેતી.

**પરિસ્થિતિ સામે અડીખમ પુરુષાર્થ:**

પ્રતાપસિંહ દરેક પ્રકારની પરિસ્થિતિમાંથી પસાર થયેલા હતા. જીવનમાં ભલે ગમે તેવા ઉતાર-ચઢાવ આવ્યા હોય, પણ દરેક પરિસ્થિતિને ખૂબ જ ગંભીરતાથી અને સમજદારીથી પહોંચી વળવાની તેમનામાં એક આગવી ત્રેવડ હતી. તેઓ ક્યારેય મુશ્કેલીઓથી હાર્યા નથી, પણ સ્મિત સાથે તેનો સામનો કર્યો છે.

"મળે છે માણસો હજારો, પણ કોઈ છાપ છોડી જાય છે,
તમારા જેવી હસ્તી જ તો, દિલમાં યાદ છોડી જાય છે.
આજે ભલે તમે નથી, પણ તમારી એ છબી નજર સામે છે,
સંસ્કારના એ વારસાની મહેક, આજે પણ ચારે બાજુ ગામે છે."

આજે પણ તેમની એ પ્રભાવશાળી છબી મારી નજર સમક્ષ તરવરે છે. રણવિજય, તારા પિતાની આ સૌમ્યતા અને ધૈર્ય જ તારા જીવનનો સૌથી મોટો આશીર્વાદ છે. પરમાત્મા તેમના પવિત્ર આત્માને પરમ શાંતિ અર્પણ કરે એવી જ અભ્યર્થના.

શત શત નમન!

– રાજેન્દ્રસિંહ અમરસિંહ ચૌહાણ (સુપરવાઈઝર)

શ્રી શેઠ કે. ટી. હાઈસ્કૂલ, ખેડબ્રહ્મા

# સ્મૃતિ-વંદના:રાધીવાડની ધરતી પર મિત્રતાની એ મીઠી મહેક..

"ગુજરાતીના શબ્દોમાં જેણે સ્નેહનો સૂર પુરાવ્યો હતો,
અંબાજીના પદયાત્રીને જેણે પ્રેમથી વિશ્રામ અપાવ્યો હતો.
રાધીવાડથી બે કિલોમીટર દૂરથી જ એ હરખ જાગે છે,
દોસ્ત, તારી ગેરહાજરીમાં આજે એ રસ્તો પણ સાવ સૂનો લાગે છે!"

કલમ આજે એવા પવિત્ર સંબંધને અર્ધ્ય આપે છે, જેમાં જ્ઞાન અને આત્મીયતાનો સંગમ હતો.
પરમ આદરણીય પ્રતાપસિંહ સાહેબ એટલે એક નિર્દોષ અને શાંત વ્યક્તિત્વના ધણી. ગુજરાતી વિષય પ્રત્યેના અમારા સમાન અનુરાગે અમને માત્ર સાથી-શિક્ષકો જ નહીં, પણ પરમ મિત્રો બનાવી દીધા હતા. મારી હંમેશાં નવું શીખવાની અને જાણવાની તાલાબેલીને તેમણે હંમેશાં પૂરી પાડી હતી. કુદરતના કેવા સંજોગ કે વડાલીની ધરતી પર અમે ફરીથી ભેગા થયા અને એ મિત્રતા વધુ ગાઢ બની.

આદરભાવ અને આત્મીયતાનો સંગમ:
જ્યારે પણ હું અંબાજીની પદયાત્રામાં જતો, ત્યારે બાપુ સાહેબને ત્યાં થોડો આરામ કરવા અચૂક રોકાતો. એ દંપતી (પિતાશ્રી અને માતાશ્રી) નો જે આદરભાવ અને પ્રેમ હતો, તે આજે પણ મારી આંખો ભીની કરી દે છે.

આજે પણ જ્યારે હું રાધીવાડથી બે કિલોમીટર દૂર હોઉં, ત્યારથી જ પ્રતાપસિંહ સાથે વિતાવેલા એ સોનેરી દિવસો અને તેમની મિત્રતાના સ્મરણો હૃદયમાં તાજા થઈ જાય છે.

"કોમળ હૃદયનો એ મિત્ર, અણધારી વિદાય દઈ ગયો,
જીવનની સફરમાં અમને સાવ એકલા કરી ગયો.
ખોટ તો પડી છે એવી જે કદીયે નહીં પુરાય,
પણ તમારા સ્મરણોની આંગળીએ જ તો જિંદગી જીવાય!"

અસહ્ય વિદાય અને કાયમી સ્મરણ:

એક કોમળ હૃદયના મિત્રની આ અણધારી વિદાય ખરેખર અસહ્ય છે. જીવનમાં એક સાચો મિત્ર ખોવાનો અનુભવ કેટલો દુઃખદાયક હોય છે, તે આજે હું અનુભવી રહ્યો છું. રણવિજય, તારા પિતાની એ સૌમ્યતા અને જ્ઞાનનો વારસો સદાય અમારી સાથે રહેશે. પરમ કૃપાળુ પરમાત્મા તેમના પવિત્ર આત્માને મોક્ષ આપે એવી જ પ્રાર્થના.

મિત્રતાના સ્મરણોને શત શત નમન!

– અનિલભાઈ મકવાણા

પ્રિન્સિપાલ, ધી ન્યુ હાઈસ્કૂલ – ઈડર

# સ્મૃતિ-અંજલિ: મિત્રતા કદી મરતી નથી...

"પુસ્તકનાં પાનાં તો ફેરવાઈ ગયાં, પણ સુગંધ હજી બાકી છે,
તમે ગયા છો ભલે દૂર, પણ હૃદયમાં તમારી યાદો કાફી છે.
સંબંધોને જેણે સ્નેહથી સિંચ્યા, એ માળી ભલે આજે નથી,
પણ એમના સ્વભાવની એ મીઠાશ, અમારાં મન ભીંજવવા કાફી છે."

કલમ આજે મૌન તોડવા મથે છે, કારણ કે વાત એક એવા જીગરી જાનની છે જે દેહથી દૂર છે, પણ દિલથી હજીયે પાસે છે.
સ્વર્ગસ્થ પ્રતાપસિંહ ચૌહાણ મારા માટે માત્ર એક મિત્ર નહોતા, પણ જીવનની કપરી સફરમાં સુખ-દુઃખના સાચા સહયાત્રી હતા. તેમની સાથે વિતાવેલી દરેક ક્ષણ આજે પણ મારા હૃદયના એક ખાસ ખૂણામાં જીવંત છે. તેમની નિષ્કપટતા, નિર્દોષ હાસ્ય અને દરેકને એકસાથે જોડી રાખવાની જે અનોખી કળા હતી, તે કળિયુગમાં મળવી મુશ્કેલ છે.

આત્મીયતાનો અવિભાજ્ય હિસ્સો:
તેઓ માત્ર એક પરિચિત વ્યક્તિ નહોતા, પણ મારી લાગણીઓનો એક અંશ હતા. તેમનો મીઠો સ્વભાવ અને સૌજન્યપૂર્ણ વર્તન આજે પણ સૌના હૃદયમાં અંકિત છે. જે રીતે તેમણે દરેક સંબંધને સ્નેહથી સીંચ્યો હતો, તે આજે પણ અમારા માટે એક ઉત્તમ ઉદાહરણ છે.

"શરીરથી દૂર જનારા લોકો, યાદોથી ક્યારેય દૂર નથી થતા,
લાગણીના સંબંધો કદી સમયના વહેણમાં ચૂર નથી થતા.
તમે તો મહેક મૂકી ગયા છો તમારા સંસ્કારોની આ ધરા પર,
એટલે જ તો તમારા સ્મરણો કદીયે મનથી દૂર નથી થતા."

સંવેદનશીલતાનો વારસો:

તેમની ખોટ આ જીવનમાં ક્યારેય પૂરી નહીં થાય, પરંતુ તેમની યાદો અમને હંમેશા વધુ સંવેદનશીલ અને માનવીય બનવાનું શીખવતી રહેશે. તેમની સહકારની ભાવના અને નિસ્વાર્થ પ્રેમ એ જ અમારી સાચી મૂડી છે. રણવિજય, તારા પિતાએ મિત્રતાની જે વ્યાખ્યા શીખવી છે, તે સદાય અમારું મન ભીનું રાખશે.

મારા જીગરી દોસ્ત પ્રતાપસિંહના પવિત્ર આત્માને કોટી કોટી વંદન!

– અનિલભાઈ સુથાર
શેઠ.સી.જે.હાઈસ્કૂલ-વડાલી

# પિતૃ-પ્રેમનું પવિત્ર પ્રતિબિંબ: 'રણો' સેટ થયો ને બાપુ હરખાયા!

"પિતાની ચિંતામાં છુપાયેલું સંતાનનું આખું આકાશ હોય છે,
દરેક પ્રાર્થનામાં બસ 'દીકરા' ના સુખનો જ પ્રકાશ હોય છે.
સાથે ડગલાં માંડ્યા ને સાથે જ નોકરીના દ્વાર ખુલ્યા,
એ દ્રશ્ય જોઈને તો ખુદ કુદરતના આશીર્વાદ પણ અમૂલ્ય થયા!"

કલમ આજે એવા પિતાને અર્ઘ્ય આપે છે, જેમના શ્વાસમાં માત્ર દીકરાનું ભવિષ્ય ધબકતું હતું.
પરમ આદરણીય પ્રતાપસિંહ સાહેબ એટલે મારા વડીલ અને રણવિજય, તારા માટે તો સાક્ષાત્ ભગવાન. તેમની સાથે જ્યારે પણ બેસતો, ત્યારે તેમની વાતોમાં એક જ સૂર સંભળાતો - 'મારો રણો (રણવિજય) ક્યાંક સેટ થઈ જાય તો સારું.' તેઓ કહેતા કે રણો મહેનત તો ખૂબ કરે છે, પણ ક્યાંક થોડા માટે રહી જાય છે. ત્યારે હું તેમને હંમેશાં એક જ આશ્વાસન આપતો કે, "તમે જોજો, એક દિવસ તમે બંને જોડે જ નોકરી પર જશો!"

ભવિષ્યવાણી અને ભાગ્યનો સંગમ:
કુદરતનો ખેલ તો જુઓ! જ્યારે તારો ઓર્ડર આવ્યો અને તમે બંને સાથે મળ્યા, ત્યારે બાપુની આંખોમાં જે સંતોષ અને હરખ હતો, તે મેં નજરોનજર જોયો છે. મારી એ કહેલી વાત સાચી પડી અને તમે બંને સાથે નોકરી પર ગયા - એ ક્ષણ પિતાશ્રીના જીવનની સૌથી મોટી જીત હતી. દીકરાને

ઠેકાણે પડેલો જોવો એ જ એક પિતાનું અંતિમ લક્ષ્ય હોય છે, અને બાપુ એ લક્ષ્ય પૂરું કરીને ગયા.

"દીકરાની દુનિયા પપ્પામાં ને પપ્પાની જિંદગી દીકરામાં હતી,
એક અનોખી પ્રીત આ પિતા-પુત્રના અસ્તિત્વમાં વણાયેલી હતી.
ખુશ જોવા હતા પપ્પાને ને પપ્પાને રણો ને જીતતો જોવો હતો,
અંતે તો એ જીતી ગયા, કારણ કે દીકરાને સફળ જોવાનો જ એમનો
મનસૂબો હતો."

લાગણીનો અવિરત પ્રવાહ:
મેં તમારા બંનેમાં પિતા-પુત્રનો જે અદભૂત પ્રેમ, માન અને લાગણી જોઈ છે, તેવી ભાગ્યે જ ક્યાંય જોવા મળે છે. પિતાશ્રી તમને અવિરત ખુશ કરીને ગયા છે. તેમની અંતિમ ઈચ્છા તને નોકરી કરતો જોવાની હતી, જે ભગવાને પૂરી કરી. કદાચ હવે તેઓ ઉપર બેઠા બેઠા પણ તને હસતો જોઈને ખૂબ જ ખુશ થતા હશે. જરૂર તો ખરેખર તેમની હતી, પણ કુદરતના નિયમ સામે આપણે સૌ લાચાર છીએ.
રણવિજય, તારા પિતાની આ છત્રછાયા અને તેમના આશીર્વાદ હંમેશાં તારી સાથે રહેશે. પરમાત્મા તેમના પવિત્ર આત્માને ચિર શાંતિ અર્પણ કરે. એક આદર્શ પિતાના સ્મરણોને કોટી કોટી વંદન!

– રાજેન્દ્રસિંહ મહોબ્બતસિંહ રહેવર
પ્રિન્સિપાલ, શેઠ વી. સી. મહેતા હાઈસ્કૂલ – દેરોલ

# શબ્દાંજલિ: વડાલીના વિદ્યાધામનો એક અમર સિતારો...

(શેઠ સી. જે. હાઈસ્કૂલ, વડાલીના સમસ્ત સ્ટાફ અને વિદ્યાર્થીઓ વતી)

"પુસ્તકનાં પાનાં તો ફેરવાઈ ગયાં, પણ સુગંધ હજી બાકી છે,
તમે ગયા છો ભલે દૂર, પણ હૃદયમાં તમારી યાદો કાફી છે."

વડાલીની શેઠ સી. જે. હાઈસ્કૂલના ઈતિહાસમાં **૫ નવેમ્બર ૨૦૨૪** એ દિવસ ક્યારેય ન ભુલાય તેવો કાળો દિવસ બની રહ્યો. જ્યારે સમાચાર મળ્યા કે આપણા સૌના લાડિલા, આદર્શ શિક્ષક અને નિખાલસ વ્યક્તિત્વના ધણી શ્રી પ્રતાપસિંહ કિશોરસિંહ ચૌહાણ સાહેબ આપણને છોડીને પરમધામ સિધાવ્યા છે, ત્યારે શાળાનું આખું વાતાવરણ સ્તબ્ધ થઈ ગયું હતું. માત્ર એક વ્યક્તિ નહીં, પણ શિક્ષણ જગતનો એક દેદીપ્યમાન સિતારો અસ્ત થયો હતો. શાળાના સ્ટાફરૂમમાં પ્રતાપસિંહ સાહેબની હાજરી એટલે માત્ર એક સહકર્મચારી નહીં, પણ એક પરિવારના સભ્ય જેવો અનુભવ હતો. વરિષ્ઠ શિક્ષકો માટે તેઓ એક વિશ્વાસુ સાથી હતા, તો નવા આવનાર શિક્ષકો માટે તેઓ હંમેશાં એક માર્ગદર્શક બનીને રહ્યા. તેમનો સ્વભાવ સાચા અર્થમાં 'અજાતશત્રુ' હતો. સ્ટાફમાં ગમે તેવી વૈચારિક ભિન્નતા હોય, પણ સાહેબ પાસે દરેક પ્રશ્નનું હસતું સમાધાન તૈયાર રહેતું. તેમનું સૌમ્ય સ્મિત ગમે તેવા તણાવમાં રહેલા સાથી શિક્ષકને પણ હળવો કરી દેતું. તેમણે ક્યારેય કોઈની ઈર્ષ્યા કરી નથી કે કોઈની પાછળ વાત

કરી નથી, તેઓ હંમેશાં કહેતા કે આપણે તો વિદ્યાના ઉપાસક છીએ, આપણા મનમાં મલિનતા ન શોભે. આજે સ્ટાફરૂમની એ ખુરશી ભલે ખાલી છે, પણ તેમની આત્મીયતાની મહેક દરેક ખૂણે પ્રસરેલી છે.

વિદ્યાર્થીઓ માટે તો પ્રતાપસિંહ સાહેબ એટલે એક એવા ગુરુ જેમના પિરિયડની આતુરતાથી રાહ જોવાતી. ગુજરાતી સાહિત્યના શબ્દો હોય, ભૂગોળના નકશા હોય કે સમાજશાસ્ત્રના જટિલ મુદ્દા - સાહેબની ભણાવવાની શૈલી એટલી સહજ અને સરળ હતી કે છેલ્લી પાટલી પર બેસનાર વિદ્યાર્થીને પણ વિષયમાં રસ જાગતો. તેઓ માત્ર પાઠ્યપુસ્તકનું જ્ઞાન નહોતા આપતા, પણ જીવન જીવવાની સાચી કળા શીખવતા. અનેક ગરીબ અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે તેઓ ગુપ્ત રીતે મદદના સ્ત્રોત બનતા. પ્રવાસ દરમિયાન તેઓ પોતે એક બાળક બનીને વિદ્યાર્થીઓ સાથે હળતા-મળતા અને જ્ઞાન સાથે ગમ્મત પીરસતા. ઇનામ વિતરણમાં જ્યારે સાહેબનું નામ જાહેર થતું, ત્યારે વિદ્યાર્થીઓના તાળીઓના ગડગડાટથી આખું મેદાન ગુંજી ઉઠતું - આ જ તેમની ખરી અને પવિત્ર કમાણી હતી. સાહેબના જીવનનો સૌથી મોટો આદર્શ તેમનું 'સમયપાલન' હતું. શાળાનો બેલ પડે તે પહેલાં સાહેબ પોતાના સ્થાને હાજર હોય જ. તેમણે ક્યારેય પોતાની જવાબદારીમાં આળસ કે કચાસ રાખી નથી. કેન્સર જેવી જીવલેણ બીમારીના મોઢા મા ચાંદા સાથે પીડાજનક સમયમાં પણ, એ પીડાને હસતા મુખે સહન કરીને તેઓ શાળામાં આવતા અને પૂરી નિષ્ઠાથી ભણાવતા. તેમનું આ અપ્રતિમ સમર્પણ આજે પણ વડાલી હાઈસ્કૂલના દરેક વિદ્યાર્થી અને શિક્ષક માટે એક જીવંત પ્રેરણાપુંજ છે.

સાહેબના જીવનનો સંઘર્ષ અમને હંમેશાં હિંમત આપે છે. રાધીવાડથી ૧૦-૧૦ કિલોમીટરની કપરી પદયાત્રા કરીને મેળવેલું શિક્ષણ અને ત્યારબાદ એક આદર્શ શિક્ષક તરીકેની આખી સફર - આ કોઈ સામાન્ય મુસાફરી નથી, પણ એક સાચા પુરુષાર્થનો વિજય છે. તેમણે જે કષ્ટો વેઠ્યા છે, તે જાણીને જ અમને સમજાય છે કે શિક્ષણનું સાચું મૂલ્ય શું છે. સાહેબ, તમારી આ વિદાય ખરેખર અધૂરી અને આઘાતજનક છે. કુદરતનો આ ફેંસલો સ્વીકારવો અમારા માટે અત્યંત કઠિન છે, પણ કદાચ ઈશ્વરને પણ એક શ્રેષ્ઠ અને પવિત્ર શિક્ષકની જરૂર પડી હશે એટલે જ તમને આટલી વહેલી વિદાય આપી દીધી.

રણવિજયસિંહ, તમે આજે જ્યારે તમારા પિતાના ઉમદા સંસ્કારોને પુસ્તક સ્વરૂપે અમર કરી રહ્યા છો, ત્યારે અમને ગર્વ છે કે અમે એ મહામાનવના સહયાત્રી રહ્યા છીએ. પિતાશ્રીની આ અધૂરી વિદાયને તમે તમારી સફળતા અને સેવા દ્વારા પૂર્ણ કરજો, એ જ અમારી હૃદયપૂર્વકની અભિલાષા છે. હે પરમકૃપાળુ પરમાત્મા! વડાલીના આ 'અજાતશત્રુ' શિક્ષક અને અમારા આદરણીય પ્રતાપસિંહ સાહેબના પવિત્ર આત્માને તમારા ચરણોમાં અક્ષય સ્થાન આપજો અને તેમના પરિવારને આ અસહ્ય વિયોગ સહન કરવાની અપાર શક્તિ આપજો. સાહેબ, તમે ભલે દેહથી અમારી વચ્ચે નથી, પણ આ શાળાની દરેક દીવાલ, દરેક બેન્ચ અને હજારો વિદ્યાર્થીઓના હૃદયમાં તમે સદાય માટે 'જીવંત' રહેશો. તમારા આશીર્વાદ અને યાદો અમારી સાચી મૂડી બની રહેશે.

તમારા નિખાલસ વ્યક્તિત્વ અને સ્મરણોને સમસ્ત વડાલી હાઈસ્કૂલ પરિવારના કોટી કોટી વંદન!

લિ.

આચાર્યશ્રી, શિક્ષકગણ અને વહાલા વિદ્યાર્થીઓ

શેઠ સી. જે. હાઈસ્કૂલ, વડાલી